ફેબ્રુઆરી-૨૦૧૯ વાર્ષિક લવાજમ રૂા.૧૫૦ /-

પાવન હૃદય

# દૂત



## વિશ્વ રોગીજન દિવસ

૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯


J&A Investments & Holidays
ફરીથી લઈને આવે છે...
જૈતુન વાડી
કાના ગામ
પવિત્ર ભૂમિની યાત્રા...
(એપ્રિલ - ૨૦૧૯) જોર્ડન - ઈઝરાયેલ - પેલેસ્ટાઈન - ઈજીપ્ત
રીટ્રીટ અને ધર્મબોધ ફાધર પરેશ પરમાર દ્વારા
યર્દન નદી
બુકિંગ માટે સંપર્ક કરો
હૃદય પલટો
એલેક્ષ : 9879592282 /પૂર્વિશા : 9712991282
મૌલિની : 9727292282/ જેક્લીન : 9586005774
ઓફિસ :– ૯, મારૂતિ સ્પંદ, એસ.બી.આઈ. બેંકની બાજુમાં ,આણંદ – ચાવડાપુરા રોડ, આણંદ.

**Publisher's Name**

**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન
મો. ૯૪૨૭૩ ૮૨૯૯૭

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
માર્ટિન એમ. મેકવાન

**ટાઈપ સેટિંગઃ** મેલકમ પી. પરમાર

**ડિઝાઈનઃ** વિજય મેકવાન

**અંકઃ ૨ વર્ષઃ ૨૦૧૯**

પાવન હૃદય **દૂત**

# અનુક્રમણિકા

**આમંત્રિત તંત્રીલેખ**

જીવન એક ઉત્સવ ✧ ફાધર ડો. કુમાર ૦૫

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૦૭

રોનક મેકવાન ✧ સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા' ✧ સવિતાબહેન પરમાર ✧ કલ્પેશ સોલંકી 'કલ્પ' ✧ બાસીલ મેકવાન 'શૈલ'

**તમારો પત્ર** ૦૮

રવિ મેકવાન ✧ બ્રધર સેમ્યુઅલ એમ. ક્રિશ્ચિયન ✧ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન ✧ સ્તાનીસ સાયમન પરમાર

**લેખો**

પથ્થર થરથર ધ્રુજે ✧ બ્રધર પેટ્રિક એસ.જે. ૦૯
વિશ્વ શાંતિ દિન નિમિત્તે સંદેશ ✧ અનુવાદ : બકુલ મેકવાન ૧૦
શાંતિનો માર્ગ ✧ જોસેફ ગાબ્રિયેલ મેકવાન ૧૩
અભિષિક્ત જીવન ✧ તંત્રીશ્રી ૧૪
પ્રેમનો પર્યાય ✧ સિસ્ટર નીતા પરમાર Sch SA ૧૬
પરિપૂર્ણ જીવન ✧ ડો. પ્રીતિ રાઠોડ ૧૭
કેન્સર એટલે કેન્સલ ખરેખર એવું છે ? ✧ શુશીલા રાઠોડ ૧૮
... પણ સંત બનવા આલ્ફોન્સ... ✧ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે. ૨૦
વિશ્વ રોગીજન દિવસ ✧ જેનેટ જોન્સન ફાર્મર ૨૨
લેખન અને પ્રેરણા ✧ અમિત ચૌહાણ ૨૪

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૨૭

પ્રેમભરી સેવાર્થે પુરોહિતદીક્ષા ✧ ફાધર એન્થોની પિચ્ચાઈ વેદમ એસ.જે. ૩૨
પંચાયતીરાજ પર્વ ✧ પ્રો. ડો. રોમન ભાટિયા ૩૩
ઈચ્છામૃત્યુ કે જીવન ✧ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન ૩૪
વિજ્ઞાન અને પડકારો ✧ ફાધર લેન્સી ડી'ક્રૂઝ એસ.જે. ૩૬
હાર્દિક શ્રદ્ધાંજલિ ✧ ફાધર ઝેવિયર, સિ. કુલકેરિયા, સિ. મનીષા ૩૭
માજિસ ૨૦૧૯ ✧ ડાભી વૈભવ વી. અને પરમાર રાહુલ એચ. ૪૦

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૪૪

**આવરણઃ** ૧૧ ફેબ્રુઆરી લુડર્સના માતા મારિયાનો તહેવાર ધર્મસભા વિશ્વ રોગીજન દિવસ તરીકે ઉજવે છે. આ વર્ષે ૨૭ મા વિશ્વ રોગીજન દિવસની વિશ્વ સ્તરે ઉજવણી કોલકત્તા ભારતમાં ૯ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯ કરવામાં આવશે, જેનું સ્મરણ આ પ્રતીક કરાવે છે. વધારે માહિતી માટે જુઓ પાન નં. ૨૨ ઉપર.

લોગો અને ફોટો : સૌજન્ય ગુગલ




'માતાના ગર્ભમાં માનવજાતના અવતરણથી માંડી જીવનપર્યંત વેદનાગ્રસ્ત માંદગીની વૃદ્ધાવસ્થા સુધી, એમ જીવનનાં તમામ ક્ષેત્રમાં માનવજાતની સેવા-સુશ્રૂષા કરવી એ પ્રભુની સેવા-સુશ્રૂષા કરવા બરાબર છે.'

## ગુજરાતના
## કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.
**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### રવિવારે કાર્યાલયમાં રજા રહેશે

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

### જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બૅંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બૅંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧



# આમંત્રિત તંત્રીલેખ...

## જીવન એક ઉત્સવ

પયગંબર સફનિયા ૩:૧૮ આધારિત એક પ્રખ્યાત ગીત છે 'The Father will dance', જેમાં એમ કહેવામાં આવે છે કે ઈશ્વર પોતે પોતાની પ્રજાનો જીર્ણોદ્ધાર જોઇને હર્ષ પામી નાચી ઉઠે છે. સ્તોત્રકાર પણ કહે છે કે, 'જયનાદોની વચ્ચે ઈશ્વર ગાદી પાસે જાય,
શરણાઈના સૂરે એ આરોહણ કરતો જાય.' (સ્તોત્ર ૪૭:૫)

ખરું જોતાં, સર્જનનું વર્ણન આપણે ધ્યાનથી વાંચીએ તો ખ્યાલ આવશે કે સૃષ્ટિ પોતે પણ એક ઉજવણી છે. રોજને રોજ ઈશ્વર સૃષ્ટિને નિહાળી આનંદ પામે છે અને માનવ સર્જન પછી ખૂબ જ આનંદનો અનુભવ કરે છે. માણસ પોતે પણ હંમેશાં આનંદમાં રહે એટલે માટે ઈશ્વર એને આનંદ-વાટિકામાં મૂકે છે. એ પાપના ખાડામાં પડી દુઃખી બને છે ત્યારે અને ગુલામીમાં સપડાઈ પીડાય છે ત્યારે પિતા પરમેશ્વર ફરી ને ફરી એની વહારે આવે છે એને આનંદ આપવા. દા.ત. 'એને દૂધ અને મધની જ્યાં રેલમછેલ છે ત્યાં લઈ જવા માંગે છે.'
(મહાપ્રસ્થાન ૩:૭-૧૦)

ખોવાયેલા દીકરાની વાર્તામાં સંત લૂક(અધ્યાય ૧૫) ઈશ્વરને એક પ્રેમાળ પિતા સાથે સરખાવીને કેવી રીતે ઈશ્વર આપણા અપરાધો અને દોષોને ધ્યાનમાં લીધા વગર એમની સાથેના આપણા મિલનથી ખુશ થઈને એક ઉજવણી જાહેર કરી બધાને પોતાના આનંદમાં ભાગીદાર બનાવે છે, એ દર્શાવે છે. વળી કહે છે કે 'પશ્ચાત્તાપ કરનાર એક પાપી માટે સ્વર્ગમાં વધારે આનંદોત્સવ થશે.' (૧૫:૭)

જેમ ઈશ્વર સૃષ્ટિ અને માનવને નિહાળી ઉત્સવના ભાવમાં આવી આનંદ વ્યક્ત કરે છે એમ માણસ પણ ઈશ્વરનાં લીલા, સામર્થ્ય, કૃપાદાન, વગેરે નિહાળી આનંદ-ઉલ્લાસમાં આવી જાય છે, જો કે કોઈક વાર ઈશ્વરથી સર્જાયેલી વસ્તુઓના સૌંદર્યથી મુગ્ધ થઈને માણસ તેમને દેવ માની પાપ પણ કરતો હોય છે. (જ્ઞાનવાણી ૧૩:૩-૫) પિતાનો પ્રતાપ તથા સામર્થ્ય અને એમનાં અપાર પ્રેમ તથા કરુણા જોઇને આપોઆપ પ્રજાને ગાવાનું ને નાચવાનું મન થઇ જાય છે. આ ભાવ આપણને બાઈબલના દરેક ગ્રંથમાં અને ખાસ દરેક સ્તોત્રમાં ઓછા વત્તા અંશે જોવા મળે છેઃ

'ઈશ્વરનો મહિમા પ્રગટાવે આકાશ;' (સ્તોત્ર ૧૯:૧)

'સકલ ધરા પર નામ તમારું કેવું ભવ્ય મહાન!'
'ગગને વ્યાપ્યું તેજ તમારું એના ગાવું ગાન;' (સ્તોત્ર ૮:૧)

'તારાથી હું ખુશખુશાલ તે હરખભેર ગાવાનો,
પરમ પરાત્પર તારાં નામના કીર્તન હું કરવાનો.(સ્તોત્ર ૯:૨)

આ રીતે ગાવા ને નૃત્ય કરવા માણસ સૃષ્ટિને અને બીજાને પણ આમંત્રણ આપતો હોય છેઃ

'ઓ સૂર્ય અને ચંદ્ર, પ્રભુનો જયજયકાર કરો.' (દાનીયેલ ૩:૬૨)

'હે સૌ લોકો હાથથી આપો તાળીઓનો તાલ.'
(૪૭:૧; ૧૧૭:૧-૨)

'મરિયમે ખંજરી લીધી અને બધી સ્ત્રીઓ તેની પાછળ પાછળ ખંજરી લઈને નીકળી અને નાચવા લાગી.' (મહાપ્રસ્થાન ૧૫:૨૦)

એટલું જ નહિ, પ્રભુ પોતે પણ પ્રજાને ગાવા, નૃત્ય કરવા ને આનંદોત્સવ કરવા પ્રેરતા હોય છેઃ 'મારા લોકોને મારા માનમાં ઉત્સવ ઉજવવા રણમાં જવા દો.' (મહાપ્રસ્થાન ૫:૧ જુઓ મહાપ્રસ્થાન ૧૨:૧૫-૨૮; એસ્તેર ૯:૨૦; ઈર્મિયા ૩૧:૧૩) આમ બાઈબલ સાક્ષી પૂરે છે કે ઈશ્વરથી પસંદ કરેલી પ્રજાનું જીવન ઉત્સવોથી ભરેલું હતું અને ગીત તથા નૃત્ય એમના જીવનનો એક મુખ્ય ભાગ હતો.

માનવ જીવન એક ઉજવણી છે. ઉત્પત્તિ ૧:૨૬-૩૧ દર્શાવે છે કે માનવનું સર્જન એક અનોખું સર્જન છે; ઈશ્વરે એને ખૂબ વિચારીને બનાવ્યો છે અને એના પર ભરોસો રાખી એને આખી સૃષ્ટિ સોંપે છે. ખુદ ઈશ્વરને પોતે ખાસ માનવ સર્જન ખૂબ સારું લાગતું હોય, તો આપણે પણ આપણા જીવનથી સંતોષ પામવો જોઈએ, આનંદિત થઈને એને ઉજવવું જોઈએ. જેમ યોબના દીકરાઓ ને દીકરીઓ એકબીજાને નોતરીને તહેવારો ઉજવતા હતાં.(યોબ ૧:૪) અને જેમ આદિમ ધર્મસભામાં શ્રદ્ધાળુઓનું સંઘજીવન ઉત્સવરૂપ હતું કે જેથી તેઓ આનંદ અને સરળતાથી જમી શકતા ! (પ્રેષિતોનાં ચરિતો ૨:૪૪-૪૭).

આમ ખાસ તો ખ્રિસ્તીઓનું જીવન ઉત્સાહ ને આનંદથી ભરેલું હોવું જરૂરી છે. તો જ આપણે પ્રથમ ખ્રિસ્તીઓની જેમ ઇસુ ખ્રિસ્તની સાક્ષી પૂરી અન્યોને ઇસુ તરફ દોરી શકીએ. જે આપણી પાસે નથી એ આપણે બીજાને આપી ન શકીએ. એટલે જ પાઉલ અનુરોધ કરે છે, ''તમે સદા આનંદમાં રહો; ફરી કહું છું કે આનંદમાં રહો''
(ફિલિપ્પી ૪:૪).

આજે સગવડ વધી છે, પણ શાંતિ નથી! પૈસા વધ્યા છે, પણ સંતોષ નથી! ધાર્મિકતા ને ધાર્મિક વિધિઓ વધી છે, પણ આધ્યાત્મિકતા નથી! દેવસ્થાનો વધે છે, પણ ધર્મો ને દેવસ્થાનો ઈશ્વર વિહોણાં બનતાં જાય છે! પરિણામે કરોડપતિઓ પણ આપઘાત કરે છે, દેવ મંદિરના નામે પણ ખૂન થાય છે, મિત્રતા, કુટુંબ અને સમાજ જેવી સંસ્થાઓ ભાંગી પડે છે. પરમેશ્વરનાં મંદિરો ને સંતાનો જેવા માણસો એક બીજાને શંકાની નજરે જૂએ છે અને એક બીજાના હરિફો ને દુશ્મનો બનતા જાય છે. શારીરિક અને માનસિક બીમારીઓ, દુઃખ ને પીડા બેહદ થઇ ગયાં છે. ઉત્સવો ને ઉજવણીઓ, મ્યુઝિક ને ડાન્સની વચ્ચે પણ માનવ આનંદ ગુમાવી બેઠો છે.

ઘણી વાર શુભસંદેશ ઈસુને એક વરરાજા સાથે ને ઈશ્વરના રાજ્યને એક મિજબાની કે ભોજન સમારંભ સાથે સરખાવે છે, જ્યાં દરેક જણ આનંદ માણી શકે. પરમ પિતાની આપણા માટેની ઈચ્છાને વાચા આપતાં ઈસુ કહે છે, “...મારો આનંદ તમારો આનંદ બને અને તમારો આનંદ પૂર્ણતાને પામે.” (યોહાન ૧૫:૧૧) ઈસુ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં લોકોની વચ્ચે આનંદનું વાતાવરણ ફરી વળ્યું. જેઓ જેઓ તેમના સંપર્કમાં આવ્યા તેઓ બધા આનંદ અને તૃપ્તિ પામ્યા. એમને લાગ્યું કે હવે એમને આ સીમિત દુનિયાની, સીમિત સુખ આપનાર કોઈ પણ વસ્તુની જરૂર નથી. (દા.ત. પ્રથમ ખ્રિસ્તીઓ) સંસારની બધી વસ્તુઓ એમને ખોટરૂપ દેખાવા લાગી ! (દા.ત. પાઉલ, ફિલિપ્પી ૩:૧-૧૧) તેઓ કોઈ પણ આનાકાની વગર ભવિષ્યની ચિંતા કર્યા વગર પોતાનું સર્વસ્વ બીજાને વહેંચી આપવા લાગ્યા.

(દા.ત. જાખ્ખી, લૂક ૧૯:૮)

આપણે નવી સૃષ્ટિ તરફ પ્રયાણ કરી રહ્યા છીએ(દર્શન ૨૧) જ્યાં મનુષ્યોની વચ્ચે ઈશ્વરનું વાસ મંદિર હશે, સૌ કોઈ સંપૂર્ણ જીવન પામશે અને જ્યાં કોઈ મંદિરની જરૂર ના પડે ને દુઃખ, આંસુ ને મરણ અલોપ થઇ જાય પણ નવી સૃષ્ટિ સર્જવા માટે નવી દ્રષ્ટિ અપનાવવાની જરૂર છે. ઉપર કરેલી વાતો ઉપરથી આપણને ખાતરી થાય છે કે આનંદ એ દરેક માનવીનો જન્મસિધ્ધ હક છે પણ એને યોગ્ય રીતે ભોગવવા આપણે ઈશ્વર, દુનિયા, દુન્યવી વસ્તુઓ અને બીજા પ્રત્યેનું આપણું વલણ બદલવાની જરૂર છે. અંતરની દૃષ્ટિથી દરેક વસ્તુમાં ને દરેક જીવમાં અને એમાંય ખાસ દરેક માનવીમાં ઈશ્વરને પારખવાની ટેવ પાડવી પડે.

એમ કરીશું તો આપોઆપ આપણે ઈશ્વરની જેમ સમાજમાં ને માણસોમાં જે વિવિધતા છે, એની ઉજવણી કરીશું. બીજું કે, આનંદ કંઈ બાહ્ય વસ્તુ નથી કે આપણે એવી અપેક્ષા રાખીએ કે બીજા આપણને આનંદ આપે. આનંદ એક આંતરિક વસ્તુ છે ને આંતરિક પરિબળો ઉપર આધારિત છે. મારે આનંદિત રહેવા સંકલ્પ કરવો પડે. મારે મારા આનંદને બીજાની દયા ઉપર આધારિત નહિ બનાવવો જોઈએ.

અર્થાત, બીજાની વાણી કે કર્મથી મારે દુઃખી થવું ન જોઈએ. દરેક પરિસ્થિતિમાં આનંદિત રહેવું એ એક કળા છે(ફીલિપ્પી ૪: ૧૧-૧૪) જે આપણે શીખી શકીએ. જ્યારે આપણે એમાં પારંગત થઈશું ત્યારે બીજાને પણ આનંદનો અનુભવ કરાવીશું જે આપણી ફરજ છે; પછી ખરેખર આપણું જીવન એક ઉત્સવ બની જશે.●

**- ફાધર ડૉ. કુમાર**

પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાદીપ, સેવાસી - વડોદરા

અને સભાપુરોહિત બોચાસણ

**‘દૂત’ની નીતિવિષયક સ્પષ્ટતા**

**ગ્રાહકોને... કવિ/લેખકોને...વિજ્ઞાપન દાતાઓને...**

૧. ‘દૂત’માં પ્રસિદ્ધ થતી જાહેરાત કેથોલિક ધર્મસભાના સિદ્ધાંતો અને મૂલ્યોને સુસંગત હોવી જોઈએ.

૨. ‘દૂત’માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે ‘દૂત’ બંધાયેલ નથી.

૩. ‘દૂત’માં પ્રગટ થતી જાહેરાતની સત્યતાની ખાતરી ગ્રાહકે કરવાની રહેશે. ખાતરી બાબતે ‘દૂત’ જવાબદાર રહેશે નહિ.

૪. ‘દૂત’માં પ્રગટ થતા વિચારો કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

૫. કાર્યાલયને મોકલેલ લેખની નકલ/ફોટો લેખકે પોતાની પાસે રાખવી, મળેલ નકલ પરત કરવા કાર્યાલય બંધાયેલ નથી.

૬. લેખના સુધારા-વધારાનો અબાધિત અધિકાર તંત્રીશ્રીનો રહેશે જેની નોંધ લેવી.

૭. અન્યત્ર પ્રકાશિત થયેલ સામગ્રી-લેખ ‘દૂત’માં પ્રકાશિત કરવામાં આવશે નહીં. લેખકે તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.

૮. અસ્વીકૃત લેખ/કાવ્ય/સમાચાર અંગે પત્રવ્યવહાર અશક્ય છે.

૯. ધર્મસભામાં નોંધપાત્ર પ્રદાન ધરાવનાર વ્યક્તિઓ વિશેષ જ ‘દૂત’માં શ્રદ્ધાંજલિ લેખ પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૦. કવિ/લેખક/વિજ્ઞાપન દાતાઓએ પોતાની કૃતિ/જાહેરાત સાથે પોતાનું પૂરું નામ-સરનામું, મોબાઈલ/વોટ્સએપ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય આપવાં. કવિ/લેખકોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો પણ આપવો.

૧૧. ન્યાયિક હકૂમત (Jurisdiction) આણંદ જિલ્લો રહેશે.

## એપ્રિલ - ૨૦૧૯

**મહત્ત્વના દિવસો :**

૦૧ એપ્રિલ : એપ્રિલફૂલ દિન
૦૭ એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિન
૧૨ એપ્રિલ : વિશ્વ ઉડ્ડયન અને અવકાશ દિન
૧૩ એપ્રિલ : જલિયાંવાળા હત્યાકાંડ દિન
૧૪ એપ્રિલ : અગ્નિશમન સેવા દિન
૧૫ એપ્રિલ : મહિલા બચત દિન
૧૮ એપ્રિલ : વિશ્વ સંસ્કૃતિ દિન
૨૨ એપ્રિલ : વિશ્વ ભૂમિ દિન
૨૩ એપ્રિલ : વિશ્વ પુસ્તક દિન
૨૪ એપ્રિલ : માનવ એકતા દિન / મહિલા અધિકાર દિન
૨૮ એપ્રિલ : વિશ્વ પ્રાણી આરોગ્ય દિન
૨૯ એપ્રિલ : વિશ્વ નૃત્ય દિન
૩૦ એપ્રિલ : બાળ મજૂરી વિરોધ દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૧૪ એપ્રિલ : તાડપત્રનો રવિવાર
૧૮ એપ્રિલ : પુણ્ય ગુરુવાર
૧૯ એપ્રિલ : પુણ્ય શુક્રવાર
૨૧ એપ્રિલ : પાસ્ખા પર્વ
૨૫ એપ્રિલ : સંત માર્ક
૨૮ એપ્રિલ : દિવ્ય દયાનો રવિવાર

**ઉપરોક્ત વિષયો ઉપરાંત અન્ય વિષયના લેખો ‘દૂત’ કાર્યાલયને તેમજ કાવ્ય કાવ્યધારાના સંપાદકને તા. ૫ મી માર્ચ ૨૦૧૯ સુધીમાં મોકલવા વિનંતી.**

પાવન હૃદય **દૂત**

# કાવ્યધારા



## તલાશ છે તારી !

હવાનાં ઝોંકામાં,
દરિયાઈ લહેરોમાં,
તલાશ છે તારી...

ફૂલોની મ્હેકમાં,
પંખીના કલરવમાં,
તલાશ છે તારી...

શીતળ સવારમાં,
ને સોનેરી સાંજમાં,
તલાશ છે તારી...

તારાઓમાં
ને વાદળોની નીચે,
તલાશ છે તારી...

આંસુઓનાં સ્મિતમાં,
ને વલોવાતાં હૃદયે,
પ્રભુ મને તલાશ છે તારી...

*- રોનક મેકવાન*

## મારું વસિયતનામું

વ્હાલાં ! વારસામાં શું દઉં ?
કંઈ 'ખાસ' આપું છું -

પાન ખરે પર્ણ ફૂટે તે,
'આશ' આપું છું !

નથી મોતી, રતન ભંડાર,
કલમ 'અણીદાર' આપું છું !

નથી કંચન મહોર...
શબ્દ 'પાણીદાર' આપું છું !

નથી મહેલ, મેડી, કોઠાર,
કુટિર પ્રેમાળ આપું છું !

નથી ખેતર, વાડી... બંધિયાર,
ઉરે 'વિસ્તાર' આપું છું !

*- સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા'*

## જાહેર કરો

કેટલાં વર્ષો સુધી ચાલ્યા હતા આ રસ્તાઓ,
કો'ક વળાંકે હવે થાકે તો, મજા જાહેર કરો.

પાદરે મૂકી તમે હમણાં જ આવ્યાં છો ને ?
ફરકતા એ હાથને, આજે ધજા જાહેર કરો.

એક બે ફળિયા વચ્ચે મળતા હતા એ લોકો,
ત્યાં જ મળવાની પછી એને જગા જાહેર કરો.

'કલ્પ' શ્વાસો અબઘડી બંધ થઈ જાશે,
શ્વાસો ચાલે છે એટલે એની દુઆ જાહેર કરો.

*- કલ્પેશ સોલંકી 'કલ્પ'*

## ગયાં

આંખનાં આંસુ ગયાં સુકાઈ,
રણમાં ઝરણાં ઝમઝમી ઊઠ્યાં.

યાદનાં ઊંટ બિચારાં તરફળ્યાં,
ઝાંઝવાંનાં ઝરણાં ઝમઝમી ઊઠ્યાં.

કાફલા બિચારા, રસ્તો ભૂલી ગયાં,
રણમાં મારગ બતાવનારાં રમરમી ગયાં.

ક્યાં માગ્યું હતું મેં 'શૈલ' તારી પાસે,
સાવ આમ કેમ તમે સહમી ગયાં !

*- બાસીલ મેકવાન 'શૈલ'*

## એકલતાનું અવનવું

ઉભરાતી બેફામ ભીડમાં
ખૂંચી રહી એકલતા,
વસ્તીઓના પથારા માંહે
વિચરી રહી એકલતા !


લીલાછમ્મ વનના માર્ગે
હરકી રહી એકલતા,
રોજ રોજ આવી પળોને
ઝંખી રહી એકલતા !

દીર્ઘ સૂની રાતમાં
ભડકે બળી એકલતા,
હજાર મણ દુઃખોને નીરખી
રડી પડી એકલતા !

ઈશ વચનો ભરી અંતરે
મુગ્ધ બની એકલતા,
હૈયામાં હર્ષ ભરી
છલકી ઊઠી એકલતા !

સર્જનાત્મક ક્ષણોને
માણી ઝૂમી ઊઠી એકલતા,
મનની ગુફામાં લપાઈ જતી
સૂતી રહી એકલતા !

*— સવિતાબહેન પરમાર*






# તમારો પત્ર




(૧)

જાન્યુઆરી -૨૦૧૯ 'દૂત' વાંચ્યો, ખૂબ જ ગમ્યો. નવા વર્ષના સૂર્યોદય જેવા તાજગીસભર વિચારોથી છલકાતા તંત્રીલેખ માટે ફાધર વિનાયકને પ્રેમી સલામ પાઠવું છું. જો, નાતાલ ઉજવણીમાં પ્રેમ અને સ્વીકારવાની ભાવના ના ભળે, તો ઉજવણી, દંભ, દેખાડો અને પૈસાના બગાડથી વિશેષ કશું જ નથી ! આથી જ, નાતાલ ઉજવણીમાં ઈશ-મૂલ્યો કેન્દ્ર-સ્થાને હોવાં જોઈએ એ બાબત તંત્રીલેખમાં સરસ રીતે વ્યક્ત કરાઈ છે. બીજાની ભૂલો કાઢવી સૌથી સહેલું કામ છે, પણ પોતાની જાતની ભૂલ સ્વીકારવી તે હિંમત અને પવિત્ર આત્માની અનુભૂતિનું કાર્ય છે, તે વાત, સોનલ બહેને 'નવી સવાર, નવો વિચાર'માં માર્મિક રીતે, પણ બાળકો પણ સમજી શકે તે ભાષામાં સમજાવ્યું છે !

કાવ્યધારાનું દરેક કાવ્ય આત્મીય અને લાગણીનું ઝરણું જેવું લાગ્યું. વિશેષરૂપે 'સમય નીકળી ગયો' કવિતા ખૂબ જ સુંદર ! સુંદર 'દૂત' માટે 'દૂત' તંત્રીમંડળને અભિનંદન.

*– રવિ મેકવાન, વડોદરા*

(૨)

જાન્યુઆરી, ૨૦૧૯ના પાવન હૃદય 'દૂત' અંકનું વાંચન કર્યું. અનુક્રમણિકામાં જોતાં ખ્યાલ આવ્યો કે મોટાભાગના લેખ 'નૂતન વરસ'ના સંદર્ભમાં છે, જેના લેખકો ઈશ્વરદત્ત અને પ્રતિભાશાળી છે ! આમંત્રિત તંત્રીલેખ 'જુઓ હું બધું નવેસરથી સર્જું છું.'માં ફાધર ડૉ. વિનાયક અગાધ ઊંડે જઈ ડૂબકી મારી મોતી લઈ આવ્યા હોય તેવો છે. તેમણે ખૂબ જ હૃદયસ્પર્શી ભાષામાં લખ્યું છે : '...દાંત આપ્યા છે, એણે આપ્યું છે હસવું !' ઈશ્વરને આધીન બનીએ ત્યારે જ આ શક્ય બને. સુશ્રી નિલમ રૉય સાથે સૂર મિલાવી ગાતા રહીએ : 'મિલે સૂર મેરા તુમ્હારા, તો સૂર બને હમારા.'

'કાવ્યધારા'નાં પાંચેય કાવ્ય માણવા જેવાં છે, 'કલ્પ'ની કલમનો ઈશારો, રાજુભાઈની પસંદગીની વાત, પ્રભુને ન ભજી શકવાનો કાન્તિભાઈનો અફસોસ અને ફેડરિકભાઈની સેલ્ફીમાં હોસ્પિટલનો ધબકાર તેમજ આશાવાદી ડૉ. પટેલિયાની બાકી રહેલાં વર્ષમાં બીજરૂપ પાંગરવાની મહેચ્છા, પ્રત્યેક ભાવકને અનુભૂતિ કરાવ્યા વિના રહેતી નથી. કવિ મિત્રોને અભિનંદન. શ્રી રમણભાઈ નડિયાદીની 'ફરફરાટ' વાર્તામાં પ્રયોજિત ભાષા-બોલી હવે નામશેષ થવા આવી છે, ત્યારે માણવાનો આનંદ થયો, પણ જાતિ ઉપેક્ષાની વ્યથા જે જાણે તેજ અનુભવે...જીવતર કોરી નાખનારી વેદનાના સ્મરણે ક્ષણવાર હૈયું હચમચાવી મૂક્યું ! એટલે અભિપ્રાય આપું છું, સંત પાઉલના વચન (૧ કરિંથ ૫:૧૭) પ્રમાણે 'જે કોઈ ખ્રિસ્તમાં વસે છે તેનું નવેસર સર્જન થયું છે, જૂનું બધું ચાલ્યું ગયું અને જુઓ, નવું બની ગયું.' સર્વ કવિ-લેખક મિત્રોને હૃદયના ઊંડાણથી ધન્યવાદ. લખતા રહેજો, લખતા રહેજો... 'દૂત'ના પાને પાનને અજવાળતા રહેજો. આપ સર્વ પર ઈશ્વરના આશિષ ઉતરો, એજ પ્રાર્થના. *– બ્રધર સેમ્યુલ એમ. ક્રિશ્ચિયન, ગોધરા*

(૩)

જાન્યુઆરી ૨૦૧૯ ના 'દૂત' અંકનું મુખપૃષ્ઠ કંઈક વિશેષ કહી જાય છે. આ માસમાં પનામા ખાતે યોજાનાર 'વિશ્વ યુવાદિન'ના પ્રતીકની પશ્ચાત ભૂમિકામાં ગુજરાતના યુવાનો-માજિસ ગુજરાત જોઈ આનંદ થયો. આજનો યુવાન ધર્મસભાથી વિમુખ બની રહ્યો છે ત્યારે આ પ્રકારનાં સંમેલન અને ઉજવણી યુવાનને સાચી દિશા ચીંધશે; માટે પ્રયત્ન ચાલુ રાખીએ. ડૉ. રોમાન ભાટિયા અને શ્રી બકુલ મેકવાને, યુવાદિન અંગે જાણકારી-સંદેશ આપ્યા છે, ધન્યવાદ.

આમંત્રિત તંત્રીલેખમાં કેવળ પ્રભુ જ આપણામાં સઘળું નવું સર્જી શકે છે, એવી આસ્થા પ્રગટાવવા ફાધર વિનાયકને અભિનંદન. અંકનાં કાવ્યો, અન્ય લેખો, કિશોર મિત્ર બધું જ પ્રસંશનીય છે. તંત્રીશ્રી તથા તંત્રીમંડળના સભ્યગણને અભિનંદન.

*– ફ્રાન્સિસ ગાલુસ મેકવાન, ચાવડાપુરા*

(૪)

જાન્યુઆરી, ૨૦૧૯ના 'દૂત' અંકમાં ફાધર વિનાયકના આમંત્રિત તંત્રીલેખથી શરૂ કરી અંકના વૈવિધ્યસભર અને સાત્વિક, કાવ્ય અને લેખના પ્રકાશન માટે તંત્રીમંડળને અભિનંદન. ભાષા-સંસ્કૃતિ, ખાણી-પીણી, રહેણી-કરણીની ભિન્નતા વચ્ચે જે સનાતન છે, તેને પારખીએ, ટકાવી રાખીએ. 'ભાષાન વળગે શું... રણમાં જીતે તે શૂર' ન્યાયે વાદવિવાદમાં પડ્યા વિના જેનાથી એકતા સ્થાપિત થાય તે ભાષા આપણી ! 'સફળ અને સુખદ જીવન' સબળ નવી વૃત્તિ ધારણ કરી નવી પ્રકૃતિએ બધું નવેસરથી સર્જીએ. 'આપણ બધાને એકમેકની જરૂર છે, આપણાંમાંનો કોઈ એકલપેટો ન હોય શકે ! આપણે બધા એકમેકના બની ઉજ્જવળ ભાવિની રચના કરી શકીએ.' વડાધર્મગુરુનો આ સંદેશ પ્રત્યેક સમજે તો પછી પૂછવું જ શું ?

*– સ્તાનિસ સાયમન પરમાર, ગામડી*

# પથ્થર થરથર ધ્રુજે

✍ બ્રધર પેટ્રિક એસ.જે.

*ગુજરાત વિદ્યાદીપ, સેવાસી - વડોદરા*

**વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ : ફેબ્રુઆરી ૨૦૧૯ :** આ મહિનામાં વડાધર્મગુરુ આપણને જબરદસ્તીથી દેહવ્યાપારમાં ધકેલવામાં આવેલી મહિલાઓ માટે, માનવ તસ્કરીમાં ધકેલવામાં આવેલાં બાળકો કે જેમનો દેહવ્યાપાર અથવા તો પોર્નોગ્રાફી માટે ઉપયોગ કરવામાં આવે છે તેમના માટે અને જુદી જુદી જગ્યાએ હિંસાનો ભોગ બનેલાં આપણાં ભાઈ ભાંડુઓ માટે પ્રાર્થના કરવાનું આહ્‌વાન કરે છે.

દેહવ્યાપારને સમાજ શાસ્ત્રીઓ ‘safety valve’ ગણે છે! તેમનું માનવું છે કે તેનાથી સમાજ વ્યવસ્થા જળવાઈ રહે છે અને બાકીની સ્ત્રીઓ સલામત રહે છે. આ વિચાર પાછળનું કારણ આપણો પુરુષપ્રધાન સમાજ છે. પુરુષની જરૂરિયાતને પ્રાધાન્ય આપવામાં આવે છે અને તેના લીધે સ્ત્રીની કંગાળ પરિસ્થિતિની અવગણના થાય છે. અત્યાર સુધી સ્ત્રીઓને સમાજમાં યોગ્ય સ્થાન આપવામાં આવતું નહોતું. એટલે સ્ત્રીઓની લાગણીની કોઈ કદર જ થતી નહોતી. તેમ છતાં આપણે સ્ત્રીને જ દોષી ગણીએ છીએ. આપણે જાણીએ છીએ તેમ કોઈ સ્ત્રી પોતાની મરજીથી આવું કામ પસંદ કરતી નથી. કાં તો ભયંકર ગરીબીના કારણે તેમને વેચી દેવામાં આવે છે અને આ કામમાં તેમને ધકેલવામાં આવે છે અથવા તો બીજા કોઈ ઉપાય ના સૂઝે ત્યારે મજબૂરીમાં આ કામ કરવા તૈયાર થાય છે જેથી તેઓ પોતાના બાળકોને સારું શિક્ષણ આપી શકે અને તેમની જરૂરિયાતો પૂરી કરીને કુટુંબનું ભરણપોષણ કરી શકે.

ઘણી જગ્યાએ ગરીબ પરિસ્થિતિના કારણે મજબૂરીમાં નાની વયની દીકરીઓને મોટી ઉંમરની વ્યક્તિ સાથે પરણાવી દેવામાં આવે છે. થોડા સમય પછી પતિ મૃત્યુ પામે છે અને ખૂબ જ નાની વયમાં સ્ત્રીઓ વિધવા થઈ જાય છે અને આખા ઘરની જવાબદારી તેના માથે આવે છે. જ્યારે અમુક કારણોસર પોતાના વિસ્તારમાંથી લગ્ન માટે છોકરાઓ ના મળે ત્યારે આદિવાસી અને પછાત વિસ્તારમાંથી પૈસા આપીને છોકરીઓને લાવવામાં આવે છે. અમુક કિસ્સાઓમાં તો છોકરીઓને વેચી પણ દેવામાં આવે છે. તેમનું આખું જીવન બરબાદ થઈ જાય છે. આફ્રિકા અને બીજા ઘણા એવા પ્રદેશોમાં જ્યાં ખૂબ જ ગરીબ પરિસ્થિતિ છે ત્યાંથી બાળકોને ઉઠાવી જઈને તેમનાં શરીરનાં અંગો કાઢીને તેમને વેચવામાં આવે છે અને એ બાળકોને તરછોડી દેવામાં આવે છે અથવા તો તેમનો પોર્નોગ્રાફી માટે ઉપયોગ કરવામાં આવે છે. યુદ્ધના લીધે કેટલાંયે પરિવારો ઘરવિહોણા બનેલા છે અને તેમણે ઘણા અત્યાચારનો સામનો કરવો પડે છે.

બાઈબલમાં અને ખાસ કરીને નવા કરારમાં નજર કરીએ તો જણાય છે કે પ્રભુ ઈસુ આવા લોકો સાથે હરે ફરે છે અને તેમની સાથે ભોજન પણ લે છે. સંત લૂકના શુભસંદેશના સાતમા અધ્યાયની છત્રીસથી પચાસમી કડીમાં એક પતિત સ્ત્રી પોતાના આંસુ દ્વારા ઈસુનાં ચરણોને ભીંજવી દે અને અત્તર લગાવીને પોતાના પાપોનો પ્રેમભર્યો પશ્ચાતાપ કરે છે. પ્રભુ ઈસુ હંમેશા પીડિત અને તરછોડેલાઓને આવકારે છે. સંત યોહાનના શુભસંદેશના આઠમા અધ્યાયમાં શાસ્ત્રીઓ અને ફરોશીઓ વ્યભિચાર કરતાં પકડાયેલી બાઈને લઈ આવે છે અને આપણે જાણીએ છે તેમ પ્રભુ ઈસુ ત્યાં ઊભેલા લોકોને કહે છે કે જે નિષ્પાપ હોય તે પહેલો પથ્થર મારે. આ સાંભળીને એક પછી એક સૌ કોઈ ત્યાંથી ચાલ્યા જાય છે. પ્રભુ ઈસુ એનો ન્યાય કરવાની જગ્યાએ એને માફી આપીને નવું જીવન બક્ષે છે. શ્રી નિરંજન ભગતે આ પ્રસંગને સુંદર કવિતાના સ્વરૂપમાં રજૂ કર્યો છે, ‘પથ્થર થરથર ધ્રુજે!’ આ કવિતા પ્રભુ ઈસુના દયાળુ સ્વભાવને આકર્ષક રીતે રજૂ કરે છે.

વડાધર્મગુરુ ફ્રાન્સિસ એમના પ્રવચનમાં કહે છે કે સ્ત્રીઓને દેહ વ્યાપારમાં ધકેલવામાં આવે છે તે સમાજની ગરીબ માનસિકતા રજૂ કરે છે અને જે કેથોલિક ભાઈઓ આવા કાર્યમાં જોડાયેલા છે એમના માટે તેમણે માફી પણ માંગી હતી. થોડા સમય પહેલાં જ શ્રી મોરારી બાપુએ ગણિકાઓ માટે કથા કરી. ઘણા લોકોએ એમના આ કાર્યને આવકાર્યું અને આવા કાર્યો થતાં રહે એ માટે પ્રોત્સાહન પણ આપ્યું. જ્યારે ઘણા રૂઢિચુસ્ત લોકોએ એમના આ કાર્યને કલંકભર્યું ગણાવ્યું અને ધમકીઓ પણ આપી.

પુનામાં ખૂબ મોટા પાયે દેહવ્યાપાર ચાલે છે. ઘણી સંસ્થાઓ એમનાં બાળકો માટે એમની વસાહતથી દૂર તેમના માટે વિવિધ વર્ગો ચલાવે છે અને એમને આખો દિવસ તેમની સાથે રાખે છે. અમે બ્રધર્સ પણ અઠવાડિયામાં એકાદ વાર જઈને તેમને મદદ કરતા હતા અને અવાર નવાર એમના વિસ્તારમાં જઈને એમની મુલાકાત લેતાં અને તેમની સમસ્યાઓ અને આપવીતી સાંભળતા. એમની જ્યારે વાતો સાંભળતા ત્યારે ખરેખર હૃદય હચમચી જતું. તેમની પરિસ્થિતિ જોઈને કંપારી છૂટી જતી હતી. તેમની સાથે પ્રાણી કરતાં પણ ખરાબ વર્તન કરવામાં આવતું અને જરૂરિયાત પૂરી થઈ ગયા પછી ધિક્કારથી જોવામાં આવતાં.

ફેબ્રુઆરી મહિનાની આઠમી તારીખે આપણે સંત જોસ્ફીન બકીતાનો તહેવાર ઉજવીએ છે. સંત બકીતા માનવ તસ્કરીમાંથી જે લોકોને ઉગારી લેવામાં આવ્યાં છે તેમના રક્ષક સંત છે. બકીતાનો જન્મ આફ્રિકાના સુડાનમાં થયો હતો. સાત વર્ષની ઉંમરમાં તેમનું અપહરણ કરવામાં આવ્યું અને ગુલામ તરીકે તેમને વેચી દેવામાં આવ્યાં. કોઈ વસ્તુની જેમ ખરીદી અને વેચાણ થાય તેમ એમને

*અનુસંધાન પાન નં. ૧૨ પર જુઓ...*

# વિશ્વ શાંતિદિન નિમિત્તે સંદેશ



✍ **અનુવાદ : બકુલ મેકવાન**

સારી રાજનીતિ શાંતિની સેવામાં...

**૧. 'આ ઘરમાં શાંતિ ઊતરી આવો !' :** પોતાના શિષ્યોને સેવાકાર્ય માટે મોકલતાં, ઈસુએ તેઓને કહ્યું હતું, 'કોઈ પણ ઘરમાં દાખલ થાઓ ત્યારે પહેલાં આ ઘર પર શાંતિ ઊતરો, એમ કહેજો. જો ત્યાં કોઈ શાંતિપાત્ર માણસ હશે તો તમારી ઈચ્છેલી શાંતિ તેના પર ઠરશે; નહિ તો તે તમારી પાસે પાછી આવશે.' (લૂક ૧૦: ૫-૬)

શાંતિની સ્થાપના એ ખ્રિસ્તના શિષ્યોના જીવનધ્યેયનું મુખ્ય લક્ષ્ય છે. જેઓ માનવ ઈતિહાસની કરુણાંતિકાઓ અને હિંસા મધ્યે શાંતિની ઝંખના કરે છે તેવા તમામ પુરુષો અને સ્ત્રીઓને શાંતિની આ ભેટ આપવામાં આવે છે. ઈસુ જે 'ઘર'ની વાત કરે છે તે અલગ વૈવિધ્ય અને ઈતિહાસ ધરાવતા દરેક પરિવાર, સમુદાય, દેશ અને ખંડની વાત છે. આ ઘર એ સહુ પ્રથમ દરેક વ્યક્તિ છે, જે અસમાનતા કે ભેદભાવથી પર છે. પરંતુ આ આપણું એક સહિયારું ઘર પણ છે. એવું વિશ્વ, જ્યાં ઈશ્વરે આપણને દરેકને મોકલીને તેની સંભાળ લેવા અને તેના વિકાસ માટે મથવા આહ્‌વાન કર્યું છે.

તેથી, નવા વર્ષના આરંભે મારી શુભેચ્છાઓ એવી રહો કે, 'આ ઘર પર શાંતિ ઊતરો !'

**૨. સારી રાજનીતિનો પડકાર :** કવિ ચાર્લ્સ પેયાગ, શાંતિની સરખામણી આશા સાથે કરતાં તેને ઉજવણીનો અવસર બનાવે છે. આ શાંતિ પથરાળ ભૂમિમાંથી ખીલવા મથામણ કરતા નાજુક ફૂલો સરીખી છે. આપણે જાણીએ છીએ કે, કોઈપણ કીમતે સત્તા મેળવવાની લાલસા ભ્રષ્ટાચાર અને અન્યાયની જનેતા છે. રાજકારણ એ માનવ સમુદાય અને માનવ સંસ્થાઓની રચના કરવા માટેનું આવશ્યક એવું અંગ છે, પણ જ્યારે રાજકારણ સમગ્ર સમાજની સેવા કરવાના રાજધર્મને વિસરે છે ત્યારે તે દમન, અવગણના અને વિનાશનું માધ્યમ બની શકે છે.

ઈસુ આપણને જણાવે છે કે, 'જો કોઈ માણસ પહેલો થવા ઈચ્છતો હોય તો તેણે પોતે સૌથી છેલ્લો અને સૌનો સેવક થવું જોઈએ.' (માર્ક : ૯:૩૫) પોપ પાઉલ છઠ્ઠાએ સુંદર વાત જણાવી હતી, 'રાજનીતિને સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીરતાથી લેવી એટલે નગર, રાષ્ટ્ર અને સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે એક જ સમયે કામ કરવા, દરેક જણને આપવામાં આવેલ સ્વતંત્રતાની હકીકત અને મૂલ્યનો સ્વીકાર કરવા માટે દરેક વ્યક્તિની ફરજનિષ્ઠાને ઉજાગર કરવી.' દેશની સેવા કાજે, તમામ દેશવાસીઓની સુરક્ષા અને દેશમાં યોગ્ય અને ન્યાયી ભવિષ્યની પરિસ્થિતિનું નિર્માણ થાય તે માટેના બધા જ પ્રયાસ કરવા માટે જે લોકોને પસંદ કરવામાં આવ્યા છે તે બધા જ લોકોને સારું રાજકીય પદવી અને જવાબદારી સતત પડકારરૂપ છે. જીવન પ્રત્યે મૂળભૂત સન્માન, સ્વાતંત્ર્ય અને વ્યક્તિઓની ગરિમા જળવાય તે રીતે જો રાજનીતિનો અમલ કરવામાં આવે તો રાજકીય જીવન ખરેખર ઉદારતાનો શ્રેષ્ઠ પર્યાય બની શકે છે.

**૩. ઉદારતા અને માનવીય સદ્‌ગુણો : માનવ અધિકારો અને શાંતિનું જતન અને એ રાજનીતિનો આધાર :** પોપ બેનેદિક્ત સોળમાનું કથન ટાંકીએ તો 'દરેક ખ્રિસ્તી વ્યક્તિને તેના વ્યવસાય અને રાજકારણમાં પોતાના પ્રભાવને છાજે એવી ઉદારતા પ્રગટ કરવા આહ્‌વાન કરવામાં આવે છે.' સર્વજન સુખાયઃની કટિબદ્ધતામાં જ્યારે ઉદારતાનું ટૉનિક ભળે ત્યારે આ ભલાઈનું મૂલ્ય નકરા ધર્મનિરપેક્ષ અને રાજકીય અભિગમ કરતાં અનેકગણું વધારે હોય છે. માણસનાં ધરતીલોકનાં કામમાં જ્યારે ઉદારતાનું પ્રેરકબળ ભળે ત્યારે તે ઈશ્વરના વૈશ્વિક નગરના સર્જનમાં સહભાગી બને છે, જે માનવ પરિવારના ઈતિહાસનું લક્ષ્ય છે. જો કોઈપણ સંસ્કૃતિ કે ધર્મના બધા જ રાજકારણીઓ માનવ પરિવારની ભલાઈ માટે સાથે મળીને કામ કરવા અને ન્યાય, સમાનતા, પરસ્પર આદર, નિષ્ઠા, પ્રમાણિકતા, વિશ્વસનીયતા જેવી સાબૂત રાજકીય પ્રવૃત્તિને વેગવંતી બનાવતા તમામ માનવીય સદ્‌ગુણોનું આચરણ કરવા ઝંખે તો તમામ રાજકારણીઓ આ બાબતે એકમત થઈ શકે છે.

આ સંદર્ભે, ૨૦૦૨માં મૃત્યુ પામેલા વિયેતનામના કાર્ડિનલ અને સુવાર્તાના શ્રદ્ધાવાન સાક્ષી એવા ફ્રાંકોઈસ ઝેવિયર ગ્યુએન-વાન-થુઆને સૂચવેલ રાજકારણીના પરમાનંદની વાતનું સ્મરણ કરવું મદદરૂપ થઈ પડશે.

પોતાના કર્તવ્ય બાબતે ઉદાત્ત વલણ અને ગહન સમજણ ધરાવતા
રાજકારણીને ધન્ય છે.
સ્વયં વિશ્વસનીયતાનું દૃષ્ટાંત બનતા રાજકારણીને ધન્ય છે.
પોતાના હિત માટે નહિ પણ સર્વજનસુખાયઃ માટે કામ કરતા
રાજકારણીને ધન્ય છે.
સિદ્ધાંતોને વળગી રહેનાર રાજકારણીને ધન્ય છે.
એકતા માટે કાર્યરત રાજકારણીને ધન્ય છે.
ધરમૂળ પરિવર્તન માટે મથતા રાજકારણીને ધન્ય છે.
સાંભળવા માટે સહિષ્ણુ રાજકારણીને ધન્ય છે.
જેનામાં ભય નથી તેવા રાજકારણીને ધન્ય છે.

દરેક ચૂંટણી અને ફેરચૂંટણી અને જાહેર જીવનનો પ્રત્યેક તબક્કો, ન્યાય અને કાયદાના પ્રેરકબળ એવા અસલ મુદ્દાઓ તરફ પાછા વળવાની સોનેરી તક છે. એક વાત ચોક્કસ છે, સારી રાજનીતિ શાંતિની સેવામાં ખડેપગે ફરજ બજાવે છે. આ સારી રાજનીતિ, પારસ્પરિક જવાબદારી સમાન મૂળભૂત માનવીય અધિકારોનો આદર કરીને તેઓને પ્રોત્સાહિત કરે છે, વર્તમાન અને ભાવિ પેઢીઓને વિશ્વાસ અને કૃતજ્ઞતાના તાંતણે જોડવા લાયક બનાવે છે.

**૪. રાજકીય દુર્ગુણો :** દુર્ભાગ્યે, વ્યક્તિગત નિર્બળતા અથવા રાજકીય પ્રણાલી અને રાજકીય સંસ્થાઓમાં પ્રવર્તમાન ખામીઓના કારણે હોય કે ગમે તે, રાજકારણમાં સદ્‌ગુણોની સાથે સાથે દુર્ગુણો પણ પાંગરે છે. આ દુર્ગુણો દેખીતી રીતે આખી રાજકીય કારકિર્દી, શાસકો અને રાજકારણ સાથે સંકળાયેલા લોકોના નિર્ણયો અને કામગીરીની વિશ્વસનીયતા ઘટાડે છે. આ દુર્ગુણો સાચી લોકશાહીના ખ્યાલને ક્ષીણ બનાવવા સાથે જાહેર જીવનને લાંછન લગાડી, સામાજિક સંવાદિતાને જોખમમાં નાખે છે. આપણે ભ્રષ્ટાચારનો તેના વિવિધ સ્વરૂપોમાં વિચાર કરીએ છીએ : જાહેર સંસાધનોનો દુરુપયોગ, લોકોનું શોષણ, અધિકારોનો ઈન્કાર, સામાજિક નિયમોનું ઉલ્લંઘન, અપ્રમાણિક લાભ, દબાણથી સત્તાની યથાર્થતા સાબિત કરવી કે પછી રાજકીય અસ્તિત્વ ટકાવવા તરંગી દલીલબાજી કરીને, સત્તા ત્યાગ કરવાનો નનૈયો ભણવો જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ બધાં પરિબળોમાં આપણે અન્ય દેશોની પ્રજા વિરુદ્ધ નફરત, જાતિવાદ, કુદરતી પર્યાવરણ પ્રત્યે ચિંતાનો અભાવ, ત્વરિત ફાયદા માટે કુદરતી સંસાધનોની લૂંટ અને દેશનિકાલ કરવામાં આવેલા લોકોનો તિરસ્કાર જેવી બાબતોનો ઉમેરો કરી શકીએ.

**૫. સારી રાજનીતિ યુવાનોની સહભાગિતા વધારવા સાથે અન્યોમાં વિશ્વાસ મૂકે છે :** રાજકીય સત્તાનો ઉપયોગ માત્ર કેટલાક 'ખાસ' લોકોનાં હિત જાળવવાનો ઉદ્દેશ ધરાવતો હોય ત્યારે ભવિષ્ય સાથે સમાધાન કરવામાં આવે છે, અને યુવાનો આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે, કારણ, તેઓના ભાવિનું નિર્માણ કરવાની શક્યતા ધૂંધળી બની જાય છે અને તેઓ હાંસિયામાં ધકેલાઈ જાય છે. પણ જ્યારે રાજનીતિ યુવાનોની પ્રતિભાઓ અને તેઓની મહેચ્છાઓનું હકારાત્મક રીતે પોષણ કરે છે ત્યારે તેઓના અભિગમમાં અને ચહેરાઓ પર ગજબની શાંતિ પ્રસરી જાય છે.

આ બાબત દૃઢ એવી ખાતરીમાં પરિવર્તિત થાય છે, જે જણાવે છે કે, 'હું તારામાં ભરોસો મૂકું છું અને તારી સાથે હું વિશ્વાસ કરું છું' કે, આપણે સહુ સાથે મળીને બધાનાં ભલા માટે કામ કરી શકીએ છીએ. જો રાજનીતિ દરેક જણને મળેલ ભેટ અને ક્ષમતાઓને પિછાણે તો તે શાંતિની સેવામાં મચી પડે છે. ખુલ્લા લંબાવેલા હાથથી વધુ સુંદર કઈ બાબત હોઈ શકે ? ખુલ્લા લંબાવેલા હાથ રાખીને આપીએ અને ખુલ્લા હાથે પામીએ તેવો ઈશ્વરનો ઈરાદો હતો. ઈશ્વર તેને મૃત્યુ આપવા (ઉત્પત્તિ ૪:૧) કે તેને પીડા આપવા માગતા નહોતા, પણ જીવનમાં સંભાળ અને મદદ આપવા ઈચ્છતા હતા. આપણાં હૃદય અને આપણી સમજશક્તિ સાથે આપણા હાથ પણ સંવાદનું માધ્યમ બની શકે છે.

સહિયારા ઘરના નિર્માણ માટે મદદ કરવા દરેક જણ પોતાના પથ્થરની ભેટ આપી શકે છે. જ્યારે આપણને ખાતરી થાય કે, દરેક સ્ત્રી, પુરુષ અને પેઢી, સંબંધ, બૌધ્ધિકતા, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઊર્જાની વચનબદ્ધતા સાથે આગળ આવે છે ત્યારે વ્યક્તિઓ વચ્ચેના નિખાલસ અને સારા સંબંધો ધરાવતું અને કાયદાનું માન જાળવતું સાચું રાજનૈતિક જીવન નવી તાજગીનો અનુભવ કરે છે. આ પ્રકારના વિશ્વાસનું સંપાદન કરવું સરળ નથી, કારણ, અત્યારના માનવ સંબંધો એટલા જટિલ હોય છે કે, બીજા લોકો કે અજાણ્યા લોકોના ભયના કારણે અવિશ્વાસ ઊભો થાય છે કે, વ્યક્તિગત સુરક્ષા માટે ચિંતા રહે છે. દુર્ભાગ્યે, રાજકીય સ્તરે અવગણના સ્વરૂપે કે પછી રાષ્ટ્રવાદના સ્વરૂપે આ બાબત પણ જોવા મળે છે, જે ખરેખર તો આપણા વિશ્વને જેની તાતી જરૂરિયાત છે તે ભાઈચારાની ભાવના સામે જ પ્રશ્નાર્થ ઊભો કરે છે. કોઈપણ સમય કરતાં અત્યારે આપણા સમાજને 'શાંતિના શિલ્પીઓ' ની વધારે જરૂર છે, જેઓ માનવ કુટુંબની ભલાઈ અને સુખાકારી ઝંખતા ઈશ્વરના સંદેશવાહકો અને સાચા સાક્ષીઓ બની શકે છે.

**૬. યુદ્ધ અને ભયની પ્રયુક્તિનો ઈન્કાર :** પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયાના સો વર્ષ પછી આપણને યાદ છે કે, એ યુદ્ધોમાં યુવાનો હણાયા હતા અને નાગરિકોને જોરજુલમથી વિખુટા કરી દેવાયા હતા. પોતાના જ ભાઈઓની કત્લેઆમ કરતા આ યુદ્ધોએ આપણને જે ભયાનક પાઠ ભણાવ્યો છે તેના વિશે આપણે વધારે સભાન છીએ; સત્તા અને ભય વચ્ચે શાંતિને સંપૂર્ણપણે ક્યારેય ઓછી કરી શકાય નહિ. બીજા લોકોને ડરાવવા એટલે તેઓને ચીજવસ્તુના સ્તર સુધી લઈ જઈને તેઓની ગરિમાનો નકાર કરવો. આ એક કારણ છે જ્યારે આપણે ફરી એકવાર જણાવીએ છીએ કે, વકરતી જતી ભયની પરિસ્થિતિ અને શસ્ત્રોનું અનિયંત્રિત ઉત્પાદન, નૈતિકતા અને સાચી શાંતિની ખોજ વિરુદ્ધનું કૃત્ય છે. શાંતિની ઝંખના કરતા અને જેના પર આતંકી ઓછાયો મંડરાઈ રહ્યો છે તેવા નિર્બળ લોકો આખી માનવ વસ્તીના સ્થળાંતર માટે જવાબદાર છે. દરેક ખરાબી માટે શરણાર્થીઓ પર માછલાં ધોતા અને ગરીબોની આશા છીનવી લેતાં રાજકીય પ્રવચનો નકારવા રહ્યાં. તેના બદલે, કોઈપણ પશ્વાદભૂ ધરાવતી દરેક વ્યક્તિના સન્માન પર, કાનૂન અને સહુની ભલાઈ પ્રત્યે આદર, આપણા જતનને સારું સોંપવામાં આવેલા પર્યાવરણ પ્રત્યે આદર અને અગાઉની પેઢીઓ પાસેથી વારસામાં સાંપડેલા નૈતિક આચરણની વિપુલતા પર શાંતિનો આધાર છે તે વાત ફરી દોહરાવવાની જરૂર છે. જ્યાં સંઘર્ષ ચાલતો હોય તેવા વિસ્તારોમાં અત્યારે રહેતાં તમામ બાળકો, અને પોતાનાં જીવનોની અને પોતાના અધિકારોનું રક્ષણ કરવા ઝઝુમી રહેલા તમામ લોકો પ્રત્યે આપણો અભિગમ વિશેષરૂપે બદલાઈ જાય છે. આપણા વિશ્વમાં પ્રત્યેક છ બાળકોએ એક બાળકની બાળ-સૈનિક તરીકે નોંધણી નહિ થવા છતાં કે સશસ્ત્ર દળો દ્વારા તેઓને બંદીવાન નહિ બનાવ્યા હોવા છતાં, યુદ્ધની હિંસા કે પછી અસરોથી તેઓ અસરગ્રસ્ત છે. જે લોકો આવા લોકોનું રક્ષણ કરવા મથી રહ્યા છે તેઓ દ્વારા કહેવાતી વાતો અને તેઓની ગરિમા માનવતાના ભવિષ્ય માટે અત્યંત કીમતી છે.

**૭. શાંતિની એક મહાન યોજના :** આ દિવસોમાં, આપણે બીજા વિશ્વયુદ્ધના માહોલમાં માનવ અધિકારોની ઘોષણાની સિત્તેરમી વર્ષગાંઠ ઉજવીએ છીએ. આ સંદર્ભમાં, પોપ યોહાન ત્રેવીસમાએ કહેલી વાત પણ યાદ કરીએ : 'માણસની પોતાના અધિકારો પ્રત્યેની જાગૃતિ તેને પોતાની ફરજો તરફ ચોક્કસ દોરી જવી જોઈએ. અધિકાર પ્રાપ્ત કર્યા હોય તો તે અધિકારોનો અમલ કરવાની ફરજનો સમાવેશ થાય છે, કારણ, આ અધિકારો માણસની અંગત ગરિમાની અભિવ્યક્તિ છે. અને આ અધિકારો હોય તો અન્યો દ્વારા અધિકારોને સ્વીકૃતિ અને આદર મળે તે વાત પણ સંકળાયેલી છે. હકીકતમાં માણસની પારસ્પરિક જવાબદારી અને પરસ્પર- અવલંબન પર આધારિત શાંતિ એ મહાન

રાજકીય પરિયોજનાનું ફળ છે. પરંતુ શાંતિ એક પડકાર પણ છે જે હંમેશાં નવીનીકરણ કરવાની માગ કરે છે. શાંતિ હૃદય અને આત્માના પરિવર્તનની વાત કરે છે; તે આંતરિક અને સામુદાયિક એમ બંને પ્રકારે છે; અને તેના ત્રણ અભિન્ન પાસાંઓ છેઃ '

o સંત ફ્રાન્સિસ-દ-સેલ્સના શબ્દોમાં, 'બીજાઓને મધુરતા આપવા,' 'જાત પ્રત્યે મધુરતા' રાખી, પોતાની જાત સાથે શાંતિ રાખવી, જડતા, ક્રોધ અને અધીરાઈનો ત્યાગ કરવો;

o અન્યો સાથે શાંતિ રાખવી; પરિવારના સભ્યો, મિત્રો, અપરિચિત લોકો, ગરીબો અને પીડિતોની નિર્ભયપણે મુલાકાત લઈ, તેઓ શું કહેવા માગે છે તે સાંભળવું.

o આ વિશ્વના રહેવાસીઓ, નાગરિકો અને ભવિષ્યના ઘડવૈયાઓ તરીકે ઈશ્વરની મહાનતા અને આપણી વ્યક્તિગત અને સામૂહિક જવાબદારીનું સ્મરણ કરવું.

માણસની દરેક લાચારી માટે બેબાકળી અને ખૂબ જ ચિંતિત એવી શાંતિની રાજનીતિ, તારણહાર ખ્રિસ્તની માતા અને શાંતિની રાણી મરિયમે સમગ્ર માનવજાત માટે ગાયેલા ભજનમાંથી હંમેશાં પ્રેરણા મેળવી શકે છે : 'જેઓ એનાથી ડરીને ચાલે છે તેમની આખી વંશપરંપરા ઉપર એની કરુણા વરસે છે. એણે પોતાનું બાહુબળ બતાવ્યું છે, ગર્વિષ્ઠોને એણે ધૂળ ચાટતા કર્યા છે, રાજકર્તાઓને એણે સિંહાસન પરથી ગબડાવી પાડ્યા છે, અને દીનદરિદ્રોનું એણે ગૌરવ કર્યું છે. ભૂખ્યાંને એણે સુખસૌભાગ્યથી ભરી દીધાં છે, અને તવંગરોને એણે ખાલી હાથે પાછા કાઢ્યા છે, આપણા પૂર્વજોને વચન આપ્યા પ્રમાણે, એણે અબ્રાહામ અને તેના વંશજો પ્રત્યે સદા દયા બતાવી છે, ને પોતાના સેવક ઈસ્રાયલની વહાર કરી છે !' (લૂક ૧:૫-૫૫)●

*બાવનમા વિશ્વ શાંતિદિન-૧લી જાન્યુઆરી, ૨૦૧૯-ની ઉજવણી નિમિત્તે વડાધર્મગુરુ ફ્રાન્સિસનો સંદેશ-વેટિકન, ૮ ડિસેમ્બર, ૨૦૧૮.*


## Matrimonial

**A Barodian Gujarati Chatholic girl, age 29, wt. 55 Kg, ht. 5.5, Edu : BBA, DHRM, MSW (all from MSU), working for Guj. Govt. Project as a Project Officer at VMC. Seeking suitable partner.**

**Contact : 98793 20298**

## Matrimonial

A Gujarati Catholic family is interested in alliance for their 25 year old Son. **Education :** BBA-DDU University, Nadiad, India, Graduate - Diploma in Applied management (New Zealand). Carrently work in New Zealand. (Work Visa). The interested family kindly contect below number.

**(Between 7:00 pm to 10:00 pm)**

**Contact : 97245 85719**


*અનુસંધાન પાન નં. ૯ પરથી ચાલુ...*

એક માલિકથી બીજા માલિકને વેચવામાં આવ્યાં. એક ગુલામ તરીકે તેમણે ખૂબ જ માનસિક અને શારીરિક ત્રાસ સહન કરવો પડ્યો હતો. અમુક વર્ષો પછી જ્યારે તેમને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ત્યારે તેઓ કનોસા મંડળમાં જોડાઈને પોતાનું જીવન લોકોની સેવા માટે ખર્ચી નાખ્યું. વડાધર્મગુરુ જોન પોલ બીજાએ જ્યારે સંત બકીતાને સંતોની પદવીમાં મુક્યા ત્યારે તેમના બોધમાં કીધેલું કે સંત બકીતાનું જીવન આપણને કપરી પરિસ્થિતિને આસાનીથી સ્વીકારી લેવાની જગ્યાએ મક્કમ રહીને અત્યાચારનો ભોગ બનેલી બાળકીઓને અને મહિલાઓને તેમાંથી છોડાવીને તેમના હક્કો મળે અને સમાજમાં તેમને યોગ્ય સન્માન મળે એ માટે હંમેશા તત્પર રહેવાનું શીખવાડે છે.

આ બધી સમસ્યાઓ કદાચ આપણા વિસ્તારમાં ના હોય પણ તેમાં ઘણા બધાં નિર્દોષ લોકો ભોગ બને છે. આવા મુદ્દાઓ ઉપર આપણે જાહેરમાં વાત કરવાનું પણ ટાળતા હોઈએ છે. કદાચ મનમાં મદદ કરવાની ઈચ્છા જાગે તો પણ સમાજ શું વાતો કરશે એ ડરથી પીછેહઠ કરતા હોઈએ છીએ. સમાજમાં તરછોડાયેલાં અને જેમને લોકો ધિક્કારે છે તેમને આપણે મદદ કરવાની જરૂર છે. કોઈનો ન્યાય તોળવાની જગ્યાએ નિઃસ્વાર્થભાવે લોકોની સેવા કરીએ તો જ આપણે ઈસુના મૂલ્યોને લોકો સુધી પહોંચાડી શકીશું. વડાધર્મગુરુ ફ્રાન્સિસ ઘણીવાર કહેતા હોય છે, 'Who am I to judge ?' અર્થાત્ 'ન્યાય કરવાવાળો હું કોણ ?' ન્યાય તો પ્રભુ કરશે. આપણે તો આપણાં ભાઈભાંડુઓને સમાજમાં યોગ્ય સન્માન મળે એ માટે હંમેશા કાર્યરત રહેવું જોઈએ.●


## હાકલ

**'ફસલ ખરેખર મબલક છે, પણ કામ કરનારા થોડા છે, એટલે તમે ફસલના માલિકને પ્રાર્થના કરો કે પોતાની ફસલ લણવા માણસો મોકલે.'** (લૂક ૧૦:૨)

**પવિત્ર ક્રૂસના ધર્મબંધુઓ** કેથોલિક ધર્મસભામાં પોતાની સેવા આપતા બ્રધરોનું એક મંડળ છે, જે પ્રેષિતિક, શૈક્ષણિક, સામાજિક તથા અન્ય સેવાકાર્યમાં જોડાયેલ છે.

આ મંડળમાં જોડાવવા માટે યુવાનોને હાર્દિક આમંત્રણ છે. જો આપે ધો. ૧૦ કે તેથી વધુ અભ્યાસ કરેલ હોય અને આપનું જીવન **પવિત્ર ક્રૂસના ધર્મબંધુઓ**ના મંડળમાં સમર્પિત કરવા ઈચ્છતા હો તો સંપર્ક કરો :

BRO. PAUL PARMAR CSC,
THE BROTHERS OF HOLY CROSS,
JEEVAN JYOTHI ITI, HOLY CROSS ROAD,
HONAVAR - 581 334,
UTTAR KANNADA, KARNATAKA, INDIA

**Mo. No. 84150 99813, Whatsup No. 7085642094**
**Email : paulparmar2003@yahoo.com**



# શાંતિનો માર્ગ

✍ જોસેફ ગાબ્રિયેલ મેકવાન, મોગર

*ધર્મસેવા સમિતિ સભ્ય, આણંદ*



માનવી માત્ર શાંતિ ઝંખે છે છતાં તે સતત અશાંતિ જ અનુભવે છે ! આનું ખરું કારણ તેના મનની વિષમ સ્થિતિ છે. પોતાને શાંતિ ગમે છે છતાં મનમાં સતત અશાંતિ જાગે તેવું વર્તે છે અને તેથી અશાંતિનો ભોગ બને છે. મનનું યુદ્ધ જ્યાં સુધી શમે નહિ ત્યાં સુધી શાંતિ માત્ર સ્વપ્ન જ બની જાય છે ! શાંતિ બાહ્ય જગતમાંથી નથી મળતી તે તો માણસની અંદર રહેલી ગજબની ચીજ છે પણ માનવી તેને સમજી શકતો નથી. આજ કારણથી ભગવાન ઈસુ કહે છે કે, ‘માણસમાંથી જે બહાર આવે છે તે જ તેને અશુદ્ધ કરે છે. કારણ અંદરથી, એટલે કે માણસના હૃદયમાંથી, ખોટી દાનત, લંપટતા, ચોરી, ખૂન, વ્યભિચાર, લોભ, દુષ્ટતા, છળકપટ, વિલાસિનતા, ઈર્ષ્યા, પરનિંદા, ઘમંડ અને જડતા જન્મે છે.’ (માર્ક ૭:૨૦-૨૨) આ બધા શત્રુઓ જ તેની શાંતિનો નાશ કરે છે. આ આંતરિક શત્રુઓ પર વિજય મેળવ્યા વગર શાંતિ શક્ય નથી !

જગત આખું અનેક પ્રકારના ઝઘડા-ટંટા અને રાગદ્વેષથી ભડકે બળે છે. તેથી શું આપણે પણ તેમાં હોમાઈ જવાનું ? ના કદાપિ નહિ. શાંતિની સ્થાપના કરવા સતત સાધના કરવી પડે. આ માટે માણસની અંદર રહેલી ગજબની ચીજ, એટલે દરેક મનુષ્યમાં રહેલા બે સ્વભાવ અથવા મન. તેને બરાબર સમજવા પડે ! સંત પાઉલ પવિત્ર આત્મા અને માનવ પ્રેરિત સ્વભાવ (ઈચ્છા)ની સમજ આપે છે :

‘મારું કહેવું એ છે કે, તમે પવિત્ર આત્માના દોર્યા દોરાજો એટલે પછી તમારી સ્થૂળ પ્રકૃતિની વાસનાઓને સંતોષશો જ નહિ. કારણ, સ્થૂળ પ્રકૃતિની વાસનાઓ આત્માની વિરોધી અને આત્માની ઈચ્છાઓ સ્થૂળ પ્રકૃતિની વિરોધી હોય છે. એ બંને વચ્ચે સતત સંગ્રામ ચાલ્યા કરે છે. એટલે તમે તમારી ઈચ્છા પ્રમાણે કરી શકતા નથી. (ગલાતિયા ૫:૧૬-૧૭) ‘સ્થૂળ પ્રકૃતિ પ્રેરિત મનોવૃત્તિને અનુસરવી એટલે મરણ, પણ પવિત્ર આત્મા પ્રેરિત મનો-વૃત્તિને અનુસરવી એટલે જીવન અને શાંતિ.’ (રોમ ૮:૬) જો શાંતિની સ્થાપના કરવી હોય તો આપણે જૂનું જીવન છોડી નવીનપણે જીવવું પડે; એટલા માટે કે, આપણા જીવનનો આધાર પવિત્ર આત્મા છે એટલે પવિત્ર આત્મા ચલાવે તેમ આપણે ચાલવું જોઈએ. (ગલાતિયા ૫:૨૫)

આજનો માનવી ભારે બેચેન છે, વિહ્વળ છે, અસ્વસ્થ છે, અશાંત છે, કારણ કે તે પોતાનો સ્વધર્મ ચૂક્યો છે. જાણીતા ઈસુસંઘી ચિંતક પૂજ્ય ફાધર વાલેસ કહે છે કે ‘દરેક વ્યક્તિ પોતાનો સ્વધર્મ સમજે એટલે કે પોતપોતાની ફરજ અને જવાબદારી બરાબર બજાવે તો પોતાના, સમાજ અને દેશના અનેક સળગતા પ્રશ્નોનો અંત આવી જાય.’ આ માટે દરેક વ્યક્તિએ પોતાનો સ્વધર્મ જાણવો જોઈએ, જે એફેસસ પરના પત્ર (૫:૨૧-૩૩ અને ૬:૧-૯)માં જાણવા મળે છે. મોટા ભાગની મુશ્કેલીઓ પોતાની ફરજોનો ભંગ કરવાથી થાય છે. દા.ત. માબાપ પોતાનાં બાળકોને કેટકેટલું કષ્ટ વેઠીને ઉછેરે છે ! પછી તે બાળકો મોટાં થઈને માબાપની સેવા ન કરે અને કાળજી ન રાખે તો તેમને શાંતિ શી રીતે મળે ? માતાપિતા પ્રત્યેના સ્વધર્મ પવિત્ર બાઈબલ (ઉપદેશમાળા ૩ :૧-૧૬) જણાવે છે.

આજના ભૌતિક યુગમાં માનવી ખોટે માર્ગ દોટ મૂકી રહ્યો છે અને ઈચ્છાઓ અને અરમાનોનાં જંગલમાં તે ભટકતો થયો છે. તેથી તે બેબાકળો થતો જાય છે. સંપત્તિના ઢગલા કરવાની તેની ઘેલછાએ તેને ખોખરો અને અશાંત કરી નાખ્યો છે. તેથી જ શ્રી ગોલ્ડ સ્મિથે કહ્યું છે કે, ‘જ્યારે સંપત્તિના ઢગલા થાય છે ત્યારે માણસ સડી જાય છે!’ સંપત્તિ જો વિપતિ બની જતી હોય અને તેનાથી ચોરી, ધાડ, લૂંટ, ખૂનનાં અનેક ભયસ્થાનો જન્મે તો સંપત્તિની મર્યાદા સમજ્યા વગર શાંતિ કદી મળે નહિ. તેના કારણરૂપ સંત પાઉલ કહે છે કે, ‘જેઓ ધનવાન થવાની ઈચ્છા રાખે છે તેઓ પ્રલોભનમાં, ફંદામાં અને જાતજાતની મૂર્ખાઈભરી અને હાનિકારક વાસનાઓમાં સપડાય છે... કારણ, ધનનો લોભ એ બધાં પાપનું મૂળ છે. ધન પાછળ પડવાથી કેટલાકે ધર્મશ્રદ્ધાથી ચલિત થઈ, આડે માર્ગે ચડી જઈ, અનેક યાતનાઓ વહોરી લીધી છે.’ (૧ તિમોથી ૬:૯-૧૦) માટે જ ઈસુ ભગવાને પણ કહ્યું છે કે, ‘સોયના નાકામાંથી ઊંટને પસાર થવું સહેલું છે, પણ ઈશ્વરના રાજ્યમાં ધનવાનને દાખલ થવું મુશ્કેલ છે.’ (માર્ક ૧૦ :૨૫) અને ચેતવણી પણ આપે છે કે - ‘તમે પરમેશ્વરને અને પૈસાને એકી સાથે સેવી નહિ શકો.’ (માથ્થી ૬:૨૪)

સામાન્યપણે માણસ માત્ર સ્વાર્થી પ્રાણી છે, એમ માની શાંતિનો સાચો માર્ગ શોધવા કે સાધવા પ્રયત્ન કરતા નથી પરંતુ તે ભૂલભરેલું છે કારણ પવિત્ર બાઈબલ આપણને સમજ આપે છે, કે ઈશ્વરે માણસને પોતાની પ્રતિમૂર્તિરૂપ બનાવ્યો છે. (ઉત્પત્તિ ૧ : ૨૬-૨૭) ‘તેણે તેમને પોતાના જેવી જ શક્તિ આપી અને પોતાની પ્રતિમૂર્તિરૂપે સર્જ્યો.’ (ઉપદેશમાળા ૧૭:૩) તદ્‌ઉપરાંત ઈશ્વરે માણસને ઘણું બધું બક્ષેલું છે જે ઉપદેશમાળા ૧૭:૧-૧૪માં જાણવા મળી આવે છે. આથી ચોક્કસ કહી શકાય કે દરેક માણસમાં ઈશ્વરનો આત્મા વસે છે તેથી ઈશ્વર જેવા ગુણ અને શક્તિ રહેલા છે, પરંતુ તે તેનો અમલ કરી શકતો નથી. કારણ, તે માનવી સ્વભાવ પ્રેરિત એટલે દૈહિક ઈચ્છાને અનુસરે છે. તે જ તેની શાંતિનો નાશ કરે છે. તો ચાલો આપણે પવિત્ર આત્માથી જાગૃત બની, પવિત્ર આત્મા પ્રેરિત જીવન જીવીને, જીવનને ઉન્નત અને આનંદદાયી બનાવીએ અને શાંતિ પ્રાપ્ત કરીએ. જગતની ભીંસ વેઠતાં, હિંમત રાખી, ઈસુના સાંનિધ્યમાં શાંતિ મેળવીએ.●

ફોન નં. ૯૯૧૩૨૫૦૬૯૩



# અભિષિક્ત જીવન

✍ તંત્રીશ્રી

ખ્રિસ્તજયંતીના બરાબર ચાલીસ દિવસ બાદ ધર્મસભા 'મંદિરમાં બાળઈસુના સમર્પણ'નો તહેવાર ઉજવે છે. આ વર્ષે બીજી ફેબ્રુઆરી, શનિવાર, ૨૦૧૯ ના રોજ આ તહેવારની ઉજવણી કરવામાં આવશે. પોતાની પ્રજાને મળવા પ્રભુની મંદિરમાં પધરામણી થાય છે. પૂર્વના ખ્રિસ્તીઓ 'મેળાપનું પર્વ' તરીકે ઉજવતા હતા. ઈશ્વરપુત્ર, દુનિયામાં નવી આશા જગાડવા બાળક બન્યા, માનવતાની અપેક્ષા સાથે પ્રજાના વડીલો સાથે મેળાપ કરે છે.

મંદિરમાં યુવાદંપતી મારિયા અને જોસફ તથા વયોવૃદ્ધ શિમયોન અને આન્નાનો પણ બાળઈસુના સાંનિધ્યમાં મેળાપ થાય છે. યુવાપેઢી, વડીલોને પ્રણામ કરે છે, જ્યારે વડીલો યુવાપેઢીને ઈશ્વરની ઓળખાણ કરાવે છે. મારિયા અને જોસફ, યહુદી પ્રજાની પરંપરાનું આચરણ કરે છે. આ મહત્ત્વનું છે, કારણ પ્રભુનું મુક્તિનું વરદાન માત્ર વ્યક્તિગત નથી પણ એક સાથે સમગ્ર પ્રજા માટે, સમુદાયની અંદર અને ઈતિહાસ મારફતે પૂર્ણ થવાનું વરદાન છે. મારિયા અને જોસફને પોતાની શ્રદ્ધાનાં મૂળ મળે છે, જે માત્ર શાસ્ત્રાર્થ દ્વારા પ્રાપ્ત નહીં પણ આપણા વડીલોના રોજબરોજના અનુભવ સિદ્ધ દર્શન દ્વારા મળે છે. યુવાપેઢી અને વડીલોનું અભૂતપૂર્વ મિલન અહીં થાય છે. વડીલોને પોતાના જીવનના સંધ્યાકાળમાં મુક્તિદાતાનાં દર્શન થાય છે, જેમની તેઓ આતુરતાથી રાહ જોતાં હતાં, જીવન સાર્થક બને છે અને આ રીતે પયગંબર જોયલની ભવિષ્યવાણી પૂર્ણ થાય છે : 'તમારા તરુણોને દિવ્યદર્શન લાધશે અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે.' (પ્રેષિતોના ચરિતો ૨:૧૭) આ મેળાપમાં યુવાનોને જીવન ધ્યેય સાંપડે છે, વડીલોને સ્વપ્નની સમજ પડે છે. આ બધું જ ઈસુના સાંનિધ્યમાં શક્ય બન્યું છે.

પ્રિય અભિષિક્ત ભાઈ-બહેનો, આપણા જીવન તરફ દૃષ્ટિપાત કરીએ. મુક્તિકાર્યનો આરંભ પ્રભુના મેળાપથી શરૂ થયો. આપણી અભિષેક યાત્રાનો જન્મ મેળાપ અને હાકલથી થયો, જે આપણે ધ્યાનમાં રાખવું જોઈએ અને જો આપણે બરાબર યાદ કરીએ તો સમજાશે કે પ્રભુ સાથેના આપણા મેળાપમાં માત્ર પ્રભુ એકલા જ ન હતા ત્યાં પ્રભુનાં પ્રજાજનો, ધર્મસભા, અબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ હાજર હતાં, જે આજના પર્વના શુભસંદેશમાં પણ જોવા મળે છે. શુભસંદેશકાર(લૂક ૨:૨૭) કહે છે તેમ 'ઈસુનાં માતાપિતા ધર્મસંહિતાના રિવાજ પ્રમાણે કરવાની ક્રિયા માટે તેને લઈને મંદિરમાં આવ્યાં'ના ઉલ્લેખમાં સ્પષ્ટ થાય છે કે મારિયા અને જોસેફ વફાદારીથી ધર્મસંહિતાનું પાલન કર્યું છે, ત્યારે ધર્મિષ્ઠ અને ભક્ત હૃદયના વૃદ્ધ શિમયોન અને આશેર કુળના સમુએલની દીકરી પયગંબર હાન્ના ત્યાં દોડતાં આવે છે, ઈશ્વરની સ્તુતિ કરે છે, ભવિષ્યવાણી ઉચ્ચારે છે. અત્રે બીજો પણ અર્થ સમાવિષ્ટ છે. સામાન્ય પણે યુવાવર્ગ ઉત્સાહપૂર્વક ભવિષ્યની વાત કરે છે, જ્યારે વડીલો ભૂતકાળને વાગોળે છે. શુભસંદેશમાં આથી ઊલટું બને છે, કારણ જ્યારે પણ આપણે પ્રભુના નામે મળીએ છીએ ત્યારે પ્રભુ આશ્ચર્યકારક રીતે અનુસરવા આહ્‌વાન કરે છે. આ પ્રમાણે આપણા અભિષિક્ત જીવનમાં બને એટલા માટે, આપણે યાદ રાખવું જોઈએ કે પ્રભુ સાથેના મેળાપનું નવીનીકરણ અન્ય લોકોની હાજરી વિના શક્ય નથી. આપણે અન્યને પાછળ છોડી શકતા નથી, કે નવી પેઢીની ઉપેક્ષા પણ કરી શકીએ નહીં પણ રોજબરોજ એકબીજાનો સંગાથ કરવાનો છે, જે ઈસુને કેન્દ્રમાં રાખીને જ કરી શકીએ. જો યુવાનો માટે શક્યતાનાં નવાં દ્વારો ઉઘાડવાનાં હોય તો તેની કૂંચીઓ વડીલો પાસે છે. કોઈપણ સંસ્થા ભરજુવાનીવાળી ત્યારે જ રહી શકે જ્યારે તે વડીલોની વાત સાંભળીને તેનાં મૂળિયાંની પરખ કરે, વૃદ્ધજનો અને યુવાવર્ગના મેળાપ વિના કોઈ ભવિષ્ય નથી. મૂળિયાં વિના વિકાસ નથી અને કળીઓ વિના ફાલ આવતો નથી. સ્મરણશક્તિ વિના ભવિષ્યવાણી નથી અથવા ભવિષ્યવાણી વિના સ્મૃતિ નથી. સતત મેળાપથી જ આ શક્ય છે.

આપણાં કેટલાંક પગલાં મેળાપના ઘણા દરવાજા સદંતર બંધ કરે છે જેમકે અન્યનો ભય. માત્ર 'શોપિંગ મૉલ' અને 'ઈન્ટરનેટ કનેક્શન' હંમેશા ખુલ્લાં હોય છે ! જોકે અભિષિક્ત જીવનમાં આમ ન થવું જોઈએ. ધર્મજનો મારા જીવનનો એક જીવતો જીવંત હિસ્સો છે,' પ્રભુની આ દેન ફૂલવી-ફાલવી જોઈએ. સૅલફોન કે સોફ્ટવેર કરતાં આપણી નજર ધર્મજનો તરફ, પ્રભુ તરફ મંડાયેલી હોવી જોઈએ. જ્યારે પણ આપણે આપણા પોતાના પ્રોજેક્ટ, પદ્ધતિઓ અને સંગઠન-સંસ્થા-મંડળને કેન્દ્રમાં રાખીએ છીએ, અભિષિક્ત જીવનનું આકર્ષણ અટકી જાય છે, તે અન્ય સાથે સંવાદ કરતું નથી, સ્થગિત બની જાય છે. તેની બુનિયાદને વિસારે પાડે છે, મૂળિયાં ઓઝલ બની જાય છે !

નિર્ધન, પવિત્ર અને આજ્ઞાંકિત ઈસુના મેળાપથી જ અભિષિક્ત જીવનનો પ્રાદુર્ભાવ અને પુનઃ પ્રાદુર્ભાવ થાય છે. આપણી સફરમાં બે કેડીઓ એકબીજીને સમાંતર છે, એક હાથે પ્રભુની પ્રેમાળ પહેલ, જ્યાંથી સર્વકાંઈ ઉદ્‌ભવે છે જેના આપણે ઋણી બનવાનું છે. બીજા હાથે આપણું વળતું પગલું, જે હંમેશા સાચે જ પ્રેમમય હોય, જ્યાં 'જો...તો' કે 'પણ...પરંતુ'ને અવકાશ નથી કારણ તે ઈસુના દારિદ્રય, પવિત્રતા અને આજ્ઞાધીનતામાં ઈસુને અનુસરે છે. વસ્તુસ્થિતિ જોતાં આ દુન્યવી જીવન આપણને વશીભૂત કરવા પ્રયાસ કરે છે પણ અભિષિક્ત જીવન ક્ષણભંગુર વાનાં તરછોડી શાશ્વત જીવન તરફ પ્રયાણ કરે છે. આ દુનિયાનું સ્વાર્થી જીવન મોજશોખ અને કામવાસનાને જકડી રાખે છે, જ્યારે અભિષિક્ત જીવન તમામ ધન-સત્તા-પ્રતિષ્ઠા લોલૂપતાના વળગાડથી મુક્ત કરે છે. જેથી આપણે પ્રભુને અને પ્રભુનાં સંતાનોને ભરપૂર ચાહી શકીએ. 'આપણી ઈચ્છા પ્રમાણે જીવન જીવવું' એ ભૌતિક જીવનનું પ્રયોજન છે, જ્યારે અભિષિક્ત જીવનના વિનમ્ર આજ્ઞાપાલનમાં મહાન સ્વતંત્રતાની પસંદગી છે. પાર્થિવ જીવન બહુ જલદીથી આપણાં હાથ અને હૈયામાં

શૂન્યવકાશ ઊભો કરી દે છે જ્યારે ઈસુમય જીવન જીવનપર્યંત શાંતિ પ્રદાન કરે છે, જેમકે આજના તહેવારના શુભસંદેશમાં શિમયોન અને આન્ના, તેમના જીવનના સંધ્યાકાળે પ્રસન્ન ચિત્ત છે, તેમના હાથમાં પ્રભુ અને હૈયામાં આનંદ છે.

પ્રભુને આપણા હાથમાં લેવા-'ત્યારે તેણે બાળકને પોતાના હાથમાં લઈ લીધો.' (લૂક ૨:૨૮) - આપણા માટે કેટલું સારું ! માત્ર આપણા દિલ- દિમાગમાં જ નહિ પરંતુ 'આપણા હાથમાં.' આપણે જે પણ કરીએ તેમાં, પ્રાર્થનામાં, કામકાજમાં, ટેબલ અને ટેલિફોનમાં, વિદ્યાર્થીઓ અને ગરીબોના સાથમાં, 'અત્રતત્ર સર્વત્ર' સર્વ ઠેકાણે, સર્વ 'ઠામ !' પ્રભુને હાથમાં રાખવા એ સંકુચિત અધ્યાત્મવાદ અને બેકાબૂ પ્રવૃત્તિઓ પર લગામ-રોકથામ જેવું છે, આમ થવાથી ઈસુ સાથેનો અસલ મેળાપ આપણી ધર્માંધતા અને લોથપોથ થકાવટને દૂર કરે છે. આપણા એકધારા-એક ઘરેડના જીવનનો રામબાણ ઈલાજ પ્રભુના મેળાપની અનુભૂતિ છે કારણ આ મેળાપ ગજબની કૃપા વરસાવે છે. આપણા આધ્યાત્મિક જીવનની આગમાં ઉદ્દીપક બનવાનું કામ ઈસુના મેળાપ માટેની આપણી નિખાલસ ઈચ્છશક્તિ છે, જે પ્રભુની મુલાકાતની તડપન જગાડશે, મિલન થશે અને થશે જ., અન્યથા એક જ પ્રકારના જીવનથી આપણે ગૂંગળામણનો અનુભવ કરીશું. જ્યાં અસંતોષ, કડવાશ અને ઘાતક નિરાશા આપણા પર હાવી થશે જેમાંથી બહાર આવવું અઘરું થઈ પડશે ! જીવન વેરાન બની જાય અને ચારે બાજુથી પડતી થાય તે પહેલાં પ્રભુ ઈસુમાં આપણાં ભાઈબહેનો સાથે, અરસપરસ મેળાપ કરીએ અને જીવન ઉગારી લઈએ. જો આપણે રોજબરોજના જીવનમાં-ઘટનાઓમાં આપણાં ભાઈભાંડુ સાથેનો મેળાપ ઘનિષ્ટ કરીશું તો આપણું મન ભૂતકાળમાં રાચશે નહીં, ભાવિની ચિંતા કરશે નહીં, પરિણામે વર્તમાનમાં શાંતિ-શુભેચ્છા સહ જીવનનો પરમાનંદ પ્રાપ્ત કરીશું.

શુભસંદેશના અંતિમ ચરણમાં ઈસુનો મેળાપ મગ્દલાની મરિયમ સાથે થયાની વાત છે. જે આપણા અભિષિક્ત જીવનને પ્રેરણા આપે છે. મરિયમ અને અન્ય મહિલાઓ અઠવાડિયાના પહેલે દિવસે હજી અંધારું હતું ત્યાં જ કબર આગળ પોતે તૈયાર કરેલાં સુગંધી દ્રવ્યો લઈને પહોંચી હતી. તેઓ ઈસુના પાર્થિવ દેહનાં દર્શન કરવા ગઈ હતી, એટલે તેમની યાત્રા નિરુપયોગી લાગે છે. તમે પણ સાપ્રંત પ્રવાહમાં સામા પાણીએ તરવા જાઓ છો. આ દુનિયાનું જીવન અપરિગ્રહતા, બ્રહ્મચર્ય અને આજ્ઞાધીનતાનો સહજ ઈન્કાર કરે છે, અસ્વીકાર કરે છે પણ પેલી મહિલાઓની જેમ કોઈપણ અડચણરૂપ શિલાની ચિંતા કર્યા વગર આગળ વધતા રહો.(માર્ક ૧૬:૩) તે મહિલાઓની જેમ, ઈસુને સૌ પ્રથમ મળવા ઉતાવળા-અધીરા બનો તો જ પુનરુત્થાન પામેલા જીવંત ઈસુનો માર્ગમાં અચાનક ભેટો થશે. તેમના પગ પકડી પ્રણામ કરો, ગળે આલિંગન કરો. (માથ્થી ૨૮:૯) તરત  જ પગ ઉપાડો, તમારા ભાઈભાંડુને આનંદના સમાચાર જણાવો. આ પ્રમાણે આપણો ઉત્સાહ બારમાસીની જેમ સનાતન બનશે. પ્રત્યેક દિવસે ઈસુના મેળાપ માટે પ્રયાસ કરો, તેની સંગસંગ પ્રયાણ કરો જે તમારી આંખોમાં તેજ અને કદમને શક્તિ પ્રદાન કરશે. બીજી ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ ૨૨મા 'વિશ્વ અભિષિક્ત જીવન દિન'નિમિત્તે વડાધર્મગુરુ ફ્રાન્સિસના સંદેશ (Mary and Joseph meeting Anna and Simeon in the Temple) નો ભાવાનુવાદ છે.●

*ચાલો મહેમદાવાદ* *ચાલો મહેમદાવાદ*

# લૂર્ડ્સનાં માતા મરિયમનો પાંચમો ભક્તિમેળો

મહેમદાવાદ ધર્મવિભાગમાં આ પાંચમા ભક્તિ મેળા પ્રસંગે આપ સૌને અમારું હાર્દિક નિમંત્રણ

**તારીખ ૧૦ મી ફેબ્રુઆરી, ૨૦૧૯**

**સરઘસ :** સવારે ૧૦:૩૦ કલાકે

**ભવ્ય ખ્રિસ્તયજ્ઞ :** સવારે ૧૧:૦૦ કલાકે

**મુખ્ય યાચક :**


રેવ. ફાધર અંતોન મેકવાન (સભા પુરોહિત, રાજકોટ)

**સ્નેહાધીન :**

સન્યસ્તવર્ગ, ધર્મસેવાસમિતિ, ધર્મજનો

મહેમદાવાદ ધર્મવિભાગ

**નોંધ :** ખ્રિસ્તયજ્ઞ બાદ સર્વશ્રદ્ધાળુઓને માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.





# પ્રેમનો પર્યાય

✍ **સિ. નીતા પરમાર Sch SA**

*'સ્નેહ શાંતિ' - સેવાસી વડોદરા*

'પ્રેમ' શબ્દ કાને પડતાંની સાથે જ એના હજારો પર્યાયો મનના ઊંડાણમાંથી લાગણીના નીર બની વહેવા માંડે, યાદોની માલગાડી અનેક વ્યક્તિઓ, પ્રસંગો કે અનુભવોને લઈને એવી તો નીકળી પડે કે તેને લાલ ઝંડી બતાવી ઊભી રાખવી મુશ્કેલ થઈ જાય. પછી એ પ્રેમ પોતાના સંતાનો, માતાપિતા, ભાઈબહેન, પતિ-પત્ની કે મિત્ર પ્રત્યેનો પ્રેમ ના હોય ! પ્રેમની પરિભાષાના પર્યાયો વ્યક્તિએ વ્યક્તિએ બદલાતા હોય છે. પ્રભુ ઈસુને મન પ્રેમ એટલે સેવા, બીજા માટે પોતાની જાતનું સમર્પણ. એવો પ્રેમ કે જેમાં નિજની આહુતિ બીજાના કલ્યાણ અર્થે જિંદગીની દરેક પળે આપવી પડે. તો વળી મીરાંને મન પ્રેમ એટલે ખુદ ને ભુલાવીને ગિરધર ગોપાલની ભક્તિમાં લીન થઈ જવું.

'મેરે તો ગિરધર ગોપાલ દુસરો ના કોઈ.'

માગ્દાલાના મારિયમ માટે પ્રેમ એટલે પ્રભુ ઈસુની દયા અને માફી, સતત એ દિવ્યાત્માની ઝંખના અને સહવાસ. એમાંય વળી જો આજકાલ ના નવે નવા પ્રેમમાં પડેલા યુવાનીઆને કોઈ પૂછે કે 'પ્રેમ એટલે શું ? તો એ કદાચ આતીફ અસ્લમનું, 'તું ચાહીએ, તું ચાહીએ શામ ઓ સુબહ તું ચાહીએ, ગાવા લાગે !'

ટૂંકમાં પ્રેમનો કોઈ ચોક્કસ પર્યાય હોતો નથી. સેનેકાએ કહ્યું છે કે, સાચો પ્રેમ એક ભૂત જેવો છે, એના વિશે બધા વાતો કરે છે પણ પ્રેમને કોઈએ નજરે જોયો નથી. પ્રેમ તો માત્ર એક દિવ્ય અનુભૂતિ છે. જો બાઈબલમાં નજર કરીએ તો એના તો પાને પાને પ્રેમનો એક નવો પર્યાય મળે. સંત યોહાન એમના પહેલા પત્રમાં લખે છે કે, 'ઈશ્વર પ્રેમ છે, અને જે પ્રેમમાં વસે છે એ ઈશ્વરમાં વસે છે' જ્યારે અંતરમાં પ્રેમ ભર્યો હોય ત્યારે પરમાત્મા પણ પ્રેમાત્મા લાગે. માત્ર પ્રેમ જ પામરમાં પણ પરમનાં દર્શન કરાવી શકે છે. ઈશ્વર તરફથી મળેલો પ્રેમ જ્યારે હકીકત બની અંતરના ઊંડાણેથી બીજા માટે સત્કર્મમાં પરિવર્તન પામે ત્યારે ધરતી પર સ્વર્ગ ઉતરી આવે ! સાચો પ્રેમ જ બીજાને ખમી અને સહી લેવાની શક્તિ આપે છે. કદાચ એટલે જ કહેવાયું હશે કે, love does not keep the score of wrong.

પ્રેમમાં ખરા ખોટાની ગણતરી ના હોય માત્ર જતું કરવાની ભાવના હોય. કેવળ શબ્દોમાં પ્રેમનો કોઈ મતલબ નથી અને એટલે જ સંત યોહાન કહે છે કે પ્રેમ શબ્દોમાં પોકળ છે. એને કાર્યોના બીબામાં વેલોમોડો ઢાળવો જ પડે !

વર્તમાન યુગમાં મોટાભાગના લોકો એવું માની લેતા હોય છે કે પ્રેમ એટલે મારી અપેક્ષાઓનું પૂર્ણતાએ પહોંચવું. આજકાલ સૌથી સામાન્ય પર્યાય પ્રેમ માટે હોય તો એ છે 'અપેક્ષાઓ' અને 'મને ગમે એવું જ બીજા કરે.' જ્યારે મારી અપેક્ષાઓ અપૂર્ણ રહી જાય ત્યારે મન દુઃખ અને વેદનાની ઘંટીમાં પીસાવા લાગે છે. અપેક્ષાઓ સંબંધોમાં કડવાશ અને અણગમો પેદા કરે છે. મારા તારાનો જંગ છેડાય અને સંબંધોમાં તિરાડો પડે. પ્રેમ કરનાર કાંઈ ગુમાવતો નથી પણ ધિક્કાર અને ઈર્ષામાં જીવનાર ઘણું બધું ગુમાવતો હોય છે. પ્રેમ પામવાની નહીં આપવાની લાગણી છે.

મહાન લેખક અને અધ્યાત્મિક ગુરુ કહી શકાય એવા Dr. Wayne Dyre beautifully says, “love is the ability and willingness to allow those that you care for to be what they choose for themeslves without any insistence that they satisfy you.' એટલે કે જેને આપણે પ્રેમ કરતા હોઈએ કે જેની કાળજી આપણે કરતા હોઈએ એને પોતે જે કરવું હોય એ કોઈ પણ જાતના આગ્રહ, કે એ તમને સંતુષ્ટ કરે એવી અપેક્ષા વિના કરવા દેવું.

પ્રેમની સર્વશ્રેષ્ઠ વ્યાખ્યા કરિન્થના પહેલા પત્ર અધ્યાય તેરમાં સંત પાઉલ આપણને આપે છે. 'પ્રેમ સહનશીલ તથા પરોપકારી છે. પ્રેમ અદેખાઈ કરતો નથી, પ્રેમ આપવડાઈ કરતો નથી, ફુલાઈ જતો નથી, અયોગ્ય રીતે વર્તતો નથી, પોતાનું જ હિત જોતો નથી, ખીજવાતો નથી, અપકારને લેખાવતો નથી; અન્યાયમાં હરખાતો નથી, પણ સત્યમાં હરખાય છે. બધું ખમે છે, બધું ખરું માને છે, બધાની આશા રાખે છે, બધું સહન કરે છે.' કદાચ આનાથી વિશેષ અને સર્વશ્રેષ્ઠ પ્રેમનો બીજો કોઈ પર્યાય હોઈ જ ન શકે !

પ્રેમ સમયથી પર છે એના માટે કોઈ એક દિવસ કે મહિનો ના હોય, એને ઉજવવા માટે વેલેન્ટાઈનસ ડે ની જરૂર ના પડે. પ્રેમનો પડઘો તો દરેક ક્ષણે પડતો જ હોય છે. બસ સારા શમરુની બની એને ખાલી ઝીલવાનો હોય છે ! સાચા અને નિઃસ્વાર્થ પ્રેમથી જીવવા માટે આખો જન્મારોય ઓછો પડે. એમાં દરિયાની ભરતી અને ઓટ ના હોય એ તો ખળખળ કરતું ઝરણું છે, જેને નિરંતર વહેતું રાખવું પડે. હેલન કેલરે કહ્યું છે કે, 'પ્રેમ એક સુંદર પુષ્પ સમાન છે, જેને સ્પર્શ ન કરીએ તો પણ તેની સુગંધ જીવનના ઉપવનને આનંદધામ બનાવી દે છે.'●


**પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**સ્વ. ફુલકેરિયાબેન (બોની) જોસફભાઈ પરમાર**

જન્મ: ૦૮-૦૬-૧૯૪૦ ★ અવસાનઃ ૦૩-૦૨-૨૦૧૪



પ્રભુ પિતા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ અમારા અંતરની પ્રાર્થના.

**લિ. જોસેફભાઈ પરમાર પરિવાર**

*શ્રદ્ધાદીપ સોસાયટી, મરિયમપુરા, પેટલાદ*





ભાઈઓ તથા બહેનોને ઈઝરાયેલ જવા માટે જલદી અને સરળતાથી કેરગીવર (વર્ક વિઝા) કરાવવા માટે તથા ઈઝરાયેલમાં કેરગીવરનું કામ શોધવા માટે સંપર્ક કરો.

**સુરેશભાઈ પરમાર / ભાવેશભાઈ પરમાર**

**ભાવેશભાઈ : મો. ૯૬૬૨૭૫૨૯૫૭**

**સ્થળ :** *ડભાણ, ક્રિશ્ચિયન સ્ટ્રીટ.*



# પરિપૂર્ણ જીવન

✍ ડૉ. પ્રીતિ રાઠોડ

*આચાર્યા, સરદાર વલ્લભભાઈ પટેલ, સ્ત્રી અધ્યાપન મંદિર, નડિયાદ*

જીવનનો અર્થ છે આશા, ઉત્સાહ અને ગતિશીલતા. આપણે જીવનમાં કોને પ્રથમ પ્રાધાન્ય આપવું તે ઓળખવામાં કેટલીકવાર થાપ ખાઈ જઈએ છીએ. પરિણામે જીવન જીવવાનો આનંદ જ લઈ શકતાં નથી. જીવનના કાર્યક્રમોમાં પરમાર્થને આગળ પડતું સ્થાન આપીને જીવાત્માનો વિસ્તાર કરવો જોઈએ. આ પરમાર્થમાં આવે ભગવાન, પરિવાર, માતા-પિતા, દીકરા-દીકરી, મિત્રો.

આપણા જીવનમાં પૂર્ણતા છે ખરી ? આપણે સઘળું લેવાની ઉતાવળ અને મથામણમાં જીવનનો હાર્દ જ ભૂલી જઈએ છીએ. કદાચ ‘કાચની બરણી અને બે કપ ચા’નું દૃષ્ટાંત જીવનને ઓળખમાં ખૂબ જ ઉપયોગી પૂરવાર થશે.

દર્શનશાસ્ત્રના એક સાહેબ(ફિલોસોફીના પ્રોફેસર) વર્ગમાં આવ્યા અને વિદ્યાર્થીઓને કહ્યું કે, ‘એ આજે જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ ભણાવવાના છે.’

એમણે પોતાની સાથે લાવેલી એક મોટી કાચની બરણી(જાર) ટેબલ પર રાખી એમાં ટેબલ ટેનીસના દડા ભરવા લાગ્યા અને જ્યાં સુધી એમાં એકપણ દડો સમાવાની જગ્યા ન રહી ત્યાં સુધી ભરતા રહ્યા.

પછી વિદ્યાર્થીઓને પૂછ્યું, ‘શું આ બરણી ભરાઈ ગઈ છે ?’

‘હા’નો અવાજ આવ્યો...

પછી સાહેબે નાના-નાના કાંકરા એમાં ભરવા માંડ્યા, ધીરે - ધીરે બરણી હલાવી તો ઘણાખરા કાંકરા એમાં જ્યાં-જ્યાં જગ્યા ખાલી હતી ત્યાં-ત્યાં સમાઈ ગયા.

ફરી એકવાર પૂછ્યું, ‘શું હવે આ બરણી ભરાઈ ગઈ છે ?’

વિદ્યાર્થીઓએ એકવાર ફરીથી ‘હા’ કહ્યું...

હવે સાહેબે રેતીની થેલીમાંથી ધીરે-ધીરે તે બરણીમાં રેતી ભરવાનું શરૂ કર્યું. રેતી પણ બરણીમાં જ્યાં સમાઈ શકતી હતી ત્યાં સમાઈ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ પોતાના બંને જવાબ પર હસવા માંડ્યા...

ફરી સાહેબે પૂછ્યું ‘કેમ ? હવે તો આ બરણી પૂરી ભરાઈ ગઈ છે ને ?’

‘હા... હવે તો પૂરી ભરાઈ ગઈ.’

બધા વિદ્યાર્થીઓએ એક સ્વરમાં કહ્યું...

હવે સાહેબે ટેબલ નીચેથી ચાના ભરેલા બે કપ બરણીમાં ઠાલવ્યા, ને ચા પણ બરણીમાં રહેલી રેતીમાં શોષાઈ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ સ્તબ્ધ થઈ ગયા...!!!

હવે સાહેબે ગંભીર અવાજમાં સમજાવવાનું શરૂ કર્યું.

આ કાચની બરણીને તમે તમારું જીવન સમજો.

ટેબલ ટેનીસના દડા સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ એટલે કે ભગવાન, પરિવાર, માતા-પિતા, દીકરા-દીકરો, મિત્રો અને સ્વાસ્થ્ય.

નાના-નાના કાંકરા એટલે કે નોકરી-વ્યવસાય, ગાડી, મોટું ઘર, શોખ વગેરે.

અને રેતી એટલે કે નાની બેકારની વાતો મતભેદો ને ઝઘડા.

જો તમે તમારી જીવનરૂપી બરણીમાં સર્વપ્રથમ રેતી ભરી હોત તો તેમાં ટેબલ ટેનીસના દડા ને નાના-નાના કાંકરા ભરવાની જગ્યા ન રહેત... ને જો નાના-નાના કાંકરા ભર્યા હોત તો દડા ન ભરી શક્યા હોત, રેતી તો જરૂર ભરી શકતા...

બસ, આજ વાત આપણા જીવન પર લાગુ પડે છે.

જો તમે નાની-નાની વાતોને વ્યર્થના મતભેદ કે ઝઘડામાં પડ્યા રહો ને તમારી શક્તિ એમાં નષ્ટ કરશો તો તમારી પાસે મોટી-મોટી અને જીવન જરૂરિયાત અથવા તમારી ઈચ્છિત વસ્તુ કે વાતો માટે સમય ફાળવી જ ન શકો.

તમારા મનમાં સુખ માટે શું જરૂરી છે તે તમારે નક્કી કરવાનું છે. ટેબલ ટેનિસના દડાની ફિકર કરો, એ જ મહત્ત્વપૂર્ણ છે.

પહેલાં નક્કી કરી લો કે શું જરૂરી છે...? બાકી બધી તો રેતી જ છે...

વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા ને અચાનક એકે પૂછ્યું, ‘પણ સાહેબ... તમે એક વાત તો કહી જ નહિ કે, ચાના ભરેલા બે કપ’ શું છે ?

સાહેબ હસ્યા અને કહ્યું, ‘હું એ જ વિચારું છું કે હજી સુધી કોઈએ આ વાત કેમ ના પૂછી ?’

એનો જવાબ એ છે કે, ‘જીવન આપણને ત્યારે જ પરિપૂર્ણ અને સંતુષ્ટ લાગે, જ્યારે આપણી પાસે આપણા મિત્ર સાથે ‘બે કપ ચા’ પીવાની જગ્યા હોય!’●

**આવકાર સિલેકશન**



(ગુજરાતનું સૌથી સારૂ અને મોકળુ સ્થળ) અમારે ત્યાં લગ્નની મેક્ષી, બર્થ ડે ફ્રોક કોમ્યુનિયન ફ્રોક, કલર મેક્ષી, ડિઝાઈનર મેક્ષી, રિસેપ્સન ગાઉન તમારા બજેટમાં બનાવી આપવામાં આવશે. ***રૂા. ૩૦૦૦/- થી શરૂઆત થાય છે.***

૧૭ વર્ષના અનુભવી

**કોમલ.એસ.પરમાર / રેખા.આર.ચૌહાણ**

ફોન કરીને આવવું **મો. ૯૯૧૩૫૬૧૨૭૫ / ૯૭૨૭૨૩૨૦૨૨**

**ઘર નં-૫, આશીર્વાદ કોલોની,સેંટ ઝેવિયર્સ રોડ પાધરીયા આણંદ - ૩૮૮૦૦૧**

**CANADA** ● JOB PLACEMENT + WITH JOB

● NO REJECTION 100% VISA

● **ELIGIBILITY :** GREADUTE OR-DIPLOMA OR DEGREE OR NURSING.

● WITH 4 YEAR EXPERIENCE

● AGE UP TO 45, IELTS 6 BAND

**CONTACT**
**MO. 94261 17605**




# કેન્સર એટલે કેન્સલ ખરેખર એવું છે ?

✍ સુશીલા રાઠોડ

*પ્રાધ્યાપક, પંડિત દીનદયાલ યુનિવર્સિટી, ગાંધીનગર*

દર વર્ષે ૪ થી ફેબ્રુઆરી ‘વિશ્વ કેન્સર દિવસ’ તરીકે ઉજવાય છે. UICC (Union of International Cancer Control) એના પ્રણેતા છે. WHO પણ ઉજવણીમાં પોતાનું યોગદાન આપે છે. આ દિવસની ઉજવણી સને ૨૦૦૮ માં શરૂ કરવામાં આવી હતી. આ વર્ષનો વિષય છે. ‘I am and I will’ છે. ૨૦૧૯ થી ૨૦૨૧ સુધી આ જ વિષયના સંદર્ભમાં ઉજવણી ચાલુ રહેશે.

સમાજમાં, ‘કેન્સર એટલે કેન્સલ’ ની વિચારસરણી વ્યાપક છે. અંદરખાને કેન્સરનો એક વ્યક્તિગત હાઉ પણ છે જ. એક બાજુ લોકોમાં કેન્સર અંગે સાચી માહિતીનો અભાવ છે તો બીજી બાજુ લોકો પાસે ખોટી માહિતીનો ભંડાર છે, એટલે જ આ દિવસની ઉજવણી જરૂરી છે. આ ઉજવણી લોકોને કેન્સર પ્રત્યેની ગેરમાન્યતામાંથી બહાર લાવવા તેમજ લોકજાગૃતિ માટે જરૂરી છે. આવા દિવસની ઉજવણી ખાસ કરીને કેન્સર સ્પેશિયલ હોસ્પિટલ, એન.જી.ઓ. કે આરોગ્ય કેન્દ્રો દ્વારા થતી હોય છે. લોકોમાં કેન્સર અંગે તથ્ય પ્રાપ્ત કરવાનો કોઈ અભિગમ ન હોવાથી આ ઉજવણી હોસ્પિટલ પૂરતી જ સીમિત રહી જાય છે અથવા માહિતગાર જ વધુ માહિતી મેળવે, એવું બનતું આવ્યું છે. કેન્સર અંગેની ભ્રમણા અને તથ્યનું જ્ઞાન ન મળે અને પ્રજા જાગૃત ન થાય ત્યાં સુધી, આ કેન્સર નામના રાક્ષસને મહાત કરી શકાશે નહિ.

**કેન્સર એટલે શું ? :** આપણું શરીર અગણિત સૂક્ષ્મ કોષોનું બનેલું છે. આ કોષો સતત વિભાજન પામી નવા કોષો બનાવતા જ રહે છે. ક્યારેક કોષો અનિયંત્રિત વૃદ્ધિ કરી વિકૃત બને છે. આ એક ઝડપી પ્રક્રિયા હોવાથી શરૂઆતમાં એ નાની ગ્રંથિ (ગાંઠ)ના સ્વરૂપમાં હોય છે પણ જલ્દી જ એ મોટી ગાંઠમાં પરિવર્તન પામી શરીરને અડચણ પહોંચાડે છે, જેથી દર્દીને જે તે અવયવમાં તકલીફનો અહેસાસ કે અનુભવ થવા લાગે છે. આ નિદાનનું પહેલું પગથિયું હોય છે જેનું યોગ્ય અને સચોટ નિદાન સત્વરે થાય તો દર્દીને ચોક્કસ નવજીવન મળી જ શકે.

**કેન્સરનાં લક્ષણો :** થાક લાગવો, શરીર પર રતાશ કે ચકામા, સતત ખાંસી કે કમરનો દુઃખાવો, નબળી રોગ-પ્રતિકારક શક્તિ, રક્તસ્રાવ, એસિડીટી, આંખે અંધારા કે ચક્કર આવવા, કોઈ ભાગમાં અડવાથી ગાંઠનો અનુભવ થવો વગેરે કેન્સરનાં મુખ્ય લક્ષણો છે જે તજજ્ઞો દ્વારા જાહેર કરવામાં આવેલાં છે.

**કેન્સર થવાનાં કારણો :** હજુ સુધી કોઈ ખાસ કે સચોટ કારણો આપી શકાયા નથી પણ દર્દીઓના નિષ્કર્ષ પરથી અમુક લક્ષણોને કેન્સર પહેલાંના મૂળભૂત લક્ષણો તરીકેની સ્વીકૃતિ તજજ્ઞો દ્વારા અપાયેલી છે.

૧. ધુમ્રપાન, ૨. મદિરાપાન, ૩. કુપોષણ, ૪. ખોટી જીવનશૈલી, ૫. સતત પ્રદૂષણનો સંપર્ક, ૬. આળસુ અને બેઠાડુ જીવન, ૭. તમાકુનું સેવન (ગુટખા,તપકીર, છીકણી, તમાકુ-ચૂનો), ૮. વારસાગત (જેની શક્યતા ૧૦% જેટલી છે.)

કેન્સર થવાનાં મુખ્ય કારણોમાં ૭ જેટલાં કારણ નિવારી શકાય તેવા છે. ફક્ત છેલ્લું કારણ આપણા હાથની વાત નથી. ‘Prevention is better than cure’ વિધાન મુજબ જીવનશૈલી બદલીને રોગને થતાં પહેલાં જ અટકાવી શકાય. મોટાભાગે જે અવયવોમાં કેન્સર થાય તે પરથી તેનું નામ આપવામાં આવે છે. દરેક અવયવ અને રુધિર, લસિકાગ્રંથિનું કેન્સર પણ થઈ શકે.

**કેન્સરની સારવાર :** આજે સમગ્ર વિશ્વમાં તબીબી ક્ષેત્રે જબરદસ્ત ક્રાંતિ આવી છે. કેન્સરની સારવાર શક્ય જ બની એટલું જ નહિ પણ તે વધારે, સરળ અને પીડારહિત પણ બની છે, જેને પ્રતાપે મૃત્યુ દર ઘટ્યો છે.

**૧. નિદાન :** અસહ્ય શારીરિક તકલીફ સીધી જ નિદાન તરફ દોરી જાય છે. પહેલા સામાન્ય તપાસ... પછી બાયોપ્સી... એક્સ રે... MRI...PET (positron emission tomography) scan, મેમોગ્રાફી, પેપ સ્મિયર જેવાં જટિલ પરીક્ષણો કરવામાં આવે છે. આજે આ બધી જ સુવિધાઓ સરકારી (સિવિલ)હોસ્પિટલમાં પણ ઉપલબ્ધ છે અને ખાસ કેન્સર વોર્ડ પણ છે એટલે ખોટો ડર રાખવો નહિ.

**૨. રેડિએશન થેરાપી :** ઘણા કિસ્સામાં રેડિએશન અને કિમોથેરાપી સાથે તો ક્યારેક અવાર-નવાર આપવામાં આવતા હોય છે. રેડિએશનમાં મોટા ભાગે ગામા કિરણોનો ઉપયોગ થાય છે. જેમાં ગાંઠ (tumour)ને લક્ષ્ય (target) બનાવવામાં આવે છે. હાલમાં પીન-પોઈન્ટ કે true beam જેવા સાધનો અસ્તિત્વમાં આવ્યાં છે જે ફક્ત કેન્સરગ્રસ્ત ભાગને જ લક્ષ્ય બનાવી, કેન્સરગ્રસ્ત કોષોનો નાશ કરે છે; જેથી બીજા સારા કોષોને વધારે નુકસાન થતું અટકે છે. આ સારવારથી Tumour સંકોચાય છે, તેનું કદ ઘટે છે અને શરીરમાં તેનો ફેલાવો તાત્કાલિક ધોરણે અટકે છે.

**૩. કિમોથેરાપી :** જેમાં જલદ દવાઓ આપવામાં આવે છે જે કેન્સરગ્રસ્ત કોષોનો તો નાશ કરે જ છે પણ સાથે સાથે સારા કોષોનો પણ નાશ કરે છે. જેથી દર્દીને ઘણી ગંભીર આડ અસરોનો સામનો કરવો પડે છે. એસિડીટી, ઉબકા, ઉલટી મુખ્યત્વે અનુભવાતી હોય છે. સારા કોષોનો નાશ થવાથી રોગ પ્રતિકારકતા ઘટે છે. ‘નબળા ઢોરને બગાય વધારે’ ઉક્તિ પ્રમાણે બીજા રોગો પણ હુમલો કરે છે. શરીર બીજા રોગો સામે લડત આપી શકતું નથી જે દર્દીની દશા વધારે કફોડી બનાવી શકે છે. હાલમાં કિમોથેરાપી પહેલાં જ દર્દીનું રસીકરણ અનિવાર્ય બનાવાયું છે

જેથી અન્ય રોગો સામે સીધે સીધું રક્ષણ મળી જાય. ઘણીવાર અંશતઃ તો ક્યારેક સંપૂર્ણપણે વાળ ખરી જતા હોય છે જે સૌથી મોટી આડઅસર છે.

"I am and I will" મુજબ દર્દી પ્રત્યે હમદર્દી પાઠવવા માટે વિદેશમાં ઘણા લોકો પોતાનું મુંડન કરાવી દર્દી સાથે સેલ્ફી લે છે જે સોશિયલ મીડિયા પર મૂકવાનો ખૂબ સામાન્ય અને પ્રચલિત રીવાજ છે. અમે તમારી સાથે છીએ એ જતાવવાનો આ એક સરસ અને સરળ ઉપાય છે.

**૪. ઓપરેશન (surgery) :** ઉપરોક્ત સારવાર પછી ગાંઠ સાંકડી અને મૃતઃપ્રાય બને પછી જરૂર પડે તો જે તે અંગને વાઢકાપ દ્વારા દૂર કરવામાં આવે છે જેથી એનો ફેલાવો શરીરમાં થતો અટકાવી શકાય અને દર્દીને કેન્સર મુક્ત કરી શકાય.

ઉપરોક્ત ચાર સારવાર સિવાય વર્તમાનમાં ઈમ્યુનો થેરાપી, હોર્મોન થેરાપી, સ્ટેમ સેલ થેરાપી પણ જરૂરિયાત મુજબ આપવામાં આવે છે. ટાર્ગેટેડ થેરાપી અદ્યતન સારવાર છે. આમાંની સારવાર બ્લડ, સ્તન અને પ્રોસ્ટેટ કેન્સર માટે ખાસ છે.

જેને છેલ્લા સ્ટેજનું કેન્સર હોય તેના માટે palliative care સેન્ટર પણ અસ્તિત્વમાં આવ્યા છે. જ્યાં દર્દીએ ઓછામાં ઓછી પીડા થાય એવો માહોલમાં રાખવામાં આવે છે. પીડાશામક દવાઓથી રાહત આપવામાં આવે છે.

**કેન્સરથી બચવા શું કરી શકાય ? :** કેન્સરથી બચવા 'ઝડપી નિદાન' અવ્વલ ક્રમે આવે છે. જેના માટે વ્યક્તિગત આરોગ્ય જાગૃતિ જરૂરી છે. શરીરમાં થતાં પરિવર્તન માટે self examination (સ્વયં પરીક્ષણ) પણ જરૂરી છે.

- કેન્સર કોઈ પણ ઉમરે થઈ શકે છે પણ ૪૦ વરસ પછી પોતાના આરોગ્ય બાબતે સભાનતા ખૂબ જરૂરી છે. મહિલાઓ માટે સ્તન અને ગર્ભાશય કેન્સરનો ખતરો વધુ હોવાથી નિયમિત મેમોગ્રાફી અને પેપ સ્મિયર ટેસ્ટ જરૂરી છે. પુરુષો માટે (prostate-specific antigen) ટેસ્ટ જરૂરી છે. સ્તન કેન્સર પુરુષોમાં પણ નોંધાયેલા છે. ઓરલ ટેસ્ટ પણ નિયમિત થવી જોઈએ.

- બાળકોમાં બ્લડ કેન્સરની શક્યતા અને ભય વિશેષ હોવાથી માતા-પિતા, શિક્ષકો અને ખુદ બાળકોને એનાં લક્ષણોની જાણકારી હોય એ જરૂરી છે.

- બાળકોને બજારુ કે જંક ફૂડ થી દૂર રાખો. રંગ બેરંગી ફળો-શાકભાજીને રોજિંદા ખોરાકમાં સ્થાન આપો. એન્ટી ઓક્સિડન્ટ અને વિટામીન-સી(ખાટાં-મીઠાં-તુરા)થી ભરપૂર ફળોનું સેવન કરવું. પાંદડાવાળા શાકભાજીનું સેવન વધુ કરવું.

- એસિડીટીને કેન્સર સાથે સીધો સંબંધ છે. એસિડીક માધ્યમમાં કેન્સરના કોષો ઝડપથી વૃદ્ધિ કરે છે. કચુંબર (salad), ઈનો વગેરે શરીરને અલ્કાલાઈન રાખે છે જેનો ભરપૂર ઉપયોગ કરવો.

- કાર્બન ડાયોક્સાઈડ કેન્સરનો મિત્ર છે પણ પ્રાણવાયુ (oxygen) કેન્સરનો દુશ્મન છે. શરીરને પ્રાણવાયુ યોગ્ય માત્રામાં મળતો રહે એ જરૂરી છે. માટે પ્રાણાયામ, યોગ, એરોબિક્સ જેવી કસરતોને જીવનમાં પ્રાધાન્યતા આપીએ...એને રોજિંદી આદત બનાવીએ.

- ભારતમાં હાલમાં ગૌ ચિકિત્સા (પંચગવ્ય) અને આયુર્વેદ ભેગા મળી કેન્સર પર સારું પરિણામ મેળવી રહ્યા છે જેની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ રહી છે.

- સીધા તાપથી બચવા શરીર ઢંકાય એવાં વસ્ત્રો, છત્રી વગેરેનો ઉપયોગ કરીએ. જેથી નીલાતીત(UV) કિરણોથી બચી શકાય જેને ચામડીના કેન્સર માટે જવાબદાર ગણવામાં આવે છે.

કેન્સરના આંકડાશાસ્ત્રમાં નથી પડવું પણ એક અગત્યની વાત જરૂર કહેવી છે. ધ્રુમ્રપાન અને ગુટખા એ બંનેને લીધે કેન્સરનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે. વિશ્વમાં અમેરિકા ફેફસાનાં કેન્સરમાં પ્રથમ ક્રમે છે તો ભારત પણ ક્યાં પાછળ છે ? ભારત oral(મોઢાનું) કેન્સરમાં વિશ્વમાં અવ્વલ છે અને રાજ્યમાં ગુજરાત પ્રથમ ક્રમે આવે છે તેમાં પાછું અમદાવાદે ઓરલ કેન્સરનો રેકોર્ડ પોતાને નામે રાખેલો છે. એટલે જ ગુટખા મુક્ત (???) ગુજરાતના લોકોએ ગુટખા નહિ ખાવાની પ્રતિજ્ઞા લેવાની ખાસ જરૂર છે, સાથે જ ગુટખાને સાચા અર્થમાં અને સખ્તાઈથી બંધ કરવાની જરૂર છે. જેથી સ્વચ્છ ભારત અભિયાનને આપોઆપ વેગ મળશે અને વ્યક્તિગત આરોગ્ય પણ જળવાઈ રહેશે. જેમાં પરિવાર કલ્યાણ પણ ભળશે. વ્યક્તિ, પરિવાર, સમાજ બધું જ ગુટખા મુક્ત, ગંદકી મુક્ત અને રોગ મુક્ત બને તો એક તંદુરસ્ત રાષ્ટ્ર તરીકે ઊભરતાં કોઈ રોકી શકે નહિ પરંતુ એના માટે જરૂર છે સકારાત્મક અભિગમની. સકારાત્મક અભિગમ વગર કોઈ બદી હઠાવી શકાય નહિ. શરૂઆત પોતાનાથી કરીએ. "I am and I will" ની ઉજવણી સાર્થક કરીએ.●


Travel with Registered Travel Agent
Passport Expert®
Your favorite Travel Company
(M) 94290 29021
www.PassportExpert.in
એપ્રિલ-2019
ઈઝરાયેલ, જોર્ડન, ઇજીપ્ત, દુબઈ
પ્રવાસ દિવસ-12

ચલો દુબઈ...6N/7D
5 રાત્રી રોકાણ થ્રી સ્ટાર હોટેલ
1 રાત્રી રોકાણ લપિતા રીસોર્ટમાં
દુબઈ સીટી ટૂર
અબુધાબી સીટી ટૂર
₹59500*
ડેઝર્ટ સફારી ડીનર સાથે
ધો ક્રૂઝ ડીનર સાથે
બુર્જ ખલીફા 124 માળની ટીકીટ
એર ટીકીટ
દુબઈ ટુરીસ્ટ વીઝા
Address : Above Jay Jalaram Nasta House, Juna Rasta, ANAND
પાસપોર્ટના કોઈપણ પ્રકારના પ્રોબ્લેમનો નિકાલ કરી આપીશું.


શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર
ક્રિશ્ચિયન લગ્ન માટે પંદર વસ્તુઓનું પેકેજ
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ
મેક્ષી, ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.
પરવીન એસ.: ફેશન ડીઝાઈનર
મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૮૧ ૧૩૫૦૩
શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ
બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે. તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.

સરજીલભાઈ
મો. ૯૫૭૪૯ ૫૪૭૮૬
૯૯૦૯૪ ૧૫૧૮૦
MAA સ્ટીલ ફર્નિચર
દરેક પ્રકારનાં દીવાલગોખલાનાં ડ્રેસિંગ કબાટ, અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.
વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.

# '...પણ સંત બનવા આલ્ફોન્સ ઈસુસંઘમાં જોડાઈ શકે છે'

✍ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.

સાડત્રીસ વર્ષની વયે બ્રધર બનવા ઈસુસંઘનાં દ્વાર ખટખટાવતા આલ્ફોન્સ રોડ્રીગ્સને જ્યારે સ્પેન દેશના વાલેન્થિયા પ્રાંતે ગેરલાયક ઠરાવ્યા ત્યારે વાલેન્થિયા પ્રાંતના ફાધર પ્રોવિન્શ્યલ વચ્ચે પડ્યા હતા. ફાધર પ્રોવિન્શ્યલ બોલ્યા હતા, 'ફાધર બનવા કે બ્રધર બનવા આલ્ફોન્સ ઈસુસંઘમાં ન જોડાઈ શકે તે મંજૂર, પણ સંત બનવા આલ્ફોન્સ ઈસુસંઘમાં જોડાઈ શકે છે.'

આલ્ફોન્સ રોડ્રીગ્સનો જન્મ સ્પેન દેશના સેગોવિઆ શહેરમાં ૨૫ મી જુલાઈ ૧૫૩૩ ના રોજ થયો હતો. અગિયાર સંતાનોના બહોળા પરિવારમાં તેમનો ક્રમ બીજો હતો. તેમના પિતા દીએગો રોડ્રીગ્સ ઊન અને કાપડનો ધીકતો ધંધો કરતા હતા. તેમનો પરિવાર પૈસેટકે સમૃદ્ધ હતો. ઈસુસંઘી ફાધર પીતર ફેબર ઉપદેશ આપવા અને બાળકોને ધર્મશિક્ષણ શીખવવા સેગોવિઆ આવ્યા ત્યારે આ રોડ્રીગ્સ પરિવારે જ તેમની યજમાનગીરી કરી હતી. આલ્ફોન્સનો ઈસુસંઘી સાથેનો આ પહેલો પરિચય. ફાધર પીતર ફેબરે જ બાળક આલ્ફોન્સને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર માટે તૈયાર કર્યા.

બાર વર્ષની કિશોર વયે આલ્ફોન્સને તેમના પિતાએ આલ્કાલા શહેરમાં આવેલી ઈસુસંઘી સંસ્થામાં અભ્યાસાર્થે મૂક્યો. થોડા જ વખતમાં પિતાનું અચાનક અવસાન થતાં આલ્ફોન્સે અભ્યાસ છોડવો પડ્યો. બીજા નંબરનું સંતાન હતા એટલે ઘરે આવ્યા પછી મા ને પરિવારના ધંધામાં મદદ કરવાનું શરૂ કર્યું. કાળક્રમે આલ્ફોન્સે પરિવારના ધંધાની સઘળી જવાબદારી પોતાને શિરે લઈ લીધી. સત્તાવીસ વર્ષની ઊંમરે પહોંચતાં આલ્ફોન્સે મારિયા સુઆરેસ નામની ગુણિયલ યુવતી સાથે લગ્ન કર્યાં. પ્રભુએ આ દંપતીને ગાસ્પર અને આલ્ફોન્સ નામના બે પુત્રો અને મારિયા નામની પુત્રી ભેટમાં આપ્યાં. આલ્ફોન્સ જેવો સુખી જાણે કે આ દુનિયામાં બીજો કોઈ નહોતો.

આલ્ફોન્સના આ સુખી પરિવારનો માળો ઓચિંતો પીંખાઈ ગયો. સૌથી પહેલો વજ્રાઘાત થયો પહેલા ખોળાના પુત્ર ગાસ્પરના મૃત્યુનો. આ ઘામાંથી કળ વળે એ પહેલાં વહાલી પુત્રી મારિયા મરણ પામી. આલ્ફોન્સ વહાલાં સંતાનોનો વિયોગ પચાવે એ પહેલાં જ ધર્મપત્ની મારિયાનું અવસાન થયું. આલ્ફોન્સના પરિવારની છેલ્લી મૂડી એ તેમનો પુત્ર આલ્ફોન્સ. આખરે પુત્ર આલ્ફોન્સ પણ પ્રભુનો વહાલો થઈ ગયો. થોડા સમય બાદ આલ્ફોન્સની માતા પણ મૃત્યુ પામ્યાં. કેટકેટલાંને આલ્ફોન્સે દફનાવ્યાં ! આલ્ફોન્સ એકલા અટૂલા પડી ગયા. પડતા પર પાટું. દુકાળમાં અધિક માસ. આલ્ફોન્સનો ધંધો પડી ભાંગવા લાગ્યો. ઊનનાં વસ્ત્રોની નિકાસ પર આકરા કરવેરા ઝીંકાયા. ઊનનાં વસ્ત્રોના ભાવ વધારવા પડ્યા. ગ્રાહકોને ઊંચા ભાવ પરવડતા ના હોવાથી ધંધામાં મંદી આવી. આલ્ફોન્સ ખોટ ખાવા લાગ્યા. આખરે આલ્ફોન્સે બાપીકો ધંધો બંધ કરી દેવો પડ્યો.

યુવાન વિધુર એકલવાયા આલ્ફોન્સ અંતરના વિષાદથી ઘેરાઈ ગયા. તેઓ પોતાને એક નિષ્ફળ વ્યક્તિ માનવા લાગ્યા. બરાબર આ જ સમયે આલ્ફોન્સના શહેર સેગોવિઆમાં ઈસુસંઘીઓનું આગમન થયું. આલ્ફોન્સ આધ્યાત્મિક માર્ગદર્શન માટે ઈસુસંઘી ફાધર સાન્તાન્દેર પાસે પહોંચી ગયા. આ ફાધરના માર્ગદર્શન હેઠળ આલ્ફોન્સ આ દુઃખદ અને એકલાંઅટૂલાં વર્ષો પ્રાર્થનામાં અને તપમાં ગાળવા લાગ્યા. ભાંગી પડવાને બદલે આલ્ફોન્સે જીવનમાં એ જ કરવું હતું જે પ્રભુની ઈચ્છા હોય. પ્રભુએ આલ્ફોન્સને પોતાની ઈચ્છા બતાવી : 'આલ્ફોન્સ, તું એક ઈસુસંઘી બન.' પ્રભુની ઈચ્છાને માથે ચઢાવવા આલ્ફોન્સે ઈસુસંઘના સેગોવિઆ પ્રાંતમાં ફાધર બનવાની અરજી કરી. પ્રભુની તો ઈચ્છા હતી, પણ ઈસુસંઘની પણ ઈચ્છા હોવી જોઈએ ને ! આલ્ફોન્સને સેગોવિઆ પ્રાંતનો કડવો પ્રતિસાદ મળ્યો. ઉંમર, શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવાં ત્રણ કારણોસર સેગોવિઆ પ્રાંત આલ્ફોન્સને ઈસુસંઘમાં પ્રવેશ આપવા તૈયાર ના થયો. આલ્ફોન્સની ઊંમર પાત્રીસ વર્ષની હતી, તેમનું શિક્ષણ પુરોહિત બનવા પર્યાપ્ત નહોતું, તેમનું સ્વાસ્થ્ય ઈસુસંઘના આકરા જીવન માટે સક્ષમ નહોતું. આલ્ફોન્સે આ વાસ્તવિકતા સ્વીકારી લીધી.

આલ્ફોન્સના આધ્યાત્મિક માર્ગદર્શક ફાધર સાન્તાદેરની બદલી વોલેન્થિયા શહેરમાં થઈ હતી. આલ્ફોન્સે વિચાર્યું કે પ્રભુની ઈચ્છા અને ઈસુસંઘની ઈચ્છા વચ્ચેના ગજગ્રાહની વાત ફાધર સાન્તાન્દેર સાથે કરી જોઉં. ફાધરે તો આલ્ફોન્સની વાત સાંભળી આલ્ફોન્સને સલાહ આપી કે બે વર્ષ અભ્યાસ કરીને ફરીથી ઈસુસંઘમાં જોડાવાની અરજી કરે. પાંત્રીસ વર્ષની વયે બે વર્ષનો વધુ અભ્યાસ કરી આલ્ફોન્સ ઈસુસંઘના વાલેન્થિયા પ્રાંતમાં પ્રવેશ માટે અરજી કરે છે. આલ્ફોન્સ માત્ર પ્રાંત જ બદલતા નથી, પણ ઈસુસંઘમાં પ્રવેશ માટેનો હેતુ પણ બદલે છે, ફાધર બનવા નહિ પણ બ્રધર બનવા માટે. આલ્ફોન્સનો એવો ઈરાદો કે પુરોહિત બનવા અભ્યાસ ઓછો પડતો હોય તો બ્રધર બનવા માટે અભ્યાસ પૂરતો હશે. એમની અરજીનું પરિણામ સેગોવિઆમાં આવ્યું હતું તેવું જ આવ્યું, ઊંમરનો અને સ્વાસ્થ્યનો વાંધો. બ્રધર બનવા માટે અભ્યાસનો વાંધો ના નડ્યો. વાલેન્થિયાના પ્રોવિન્શ્યલ વચ્ચે પડ્યા અને આલ્ફોન્સની તપાસ કરનાર પુરોહિતોના નિર્ણય વિરુદ્ધ પોતાનો નિર્ણય જણાવ્યો : આલ્ફોન્સ ફાધર બનવા કે બ્રધર બનવા ઈસુસંઘમાં ન જોડાઈ શકે તે મંજૂર, પણ આલ્ફોન્સ સંત બનવા ઈસુસંઘમાં જરૂર જોડાઈ શકે છે.

આમ, સાડત્રીસ વર્ષની વયે આલ્ફોન્સ વાલેન્થિયામાં ઈસુસંઘના નોવિશ્યેટમાં દાખલ થયા. છ મહિના પછી તેમને માયોરકા નામના ટાપુ પર પાલ્મા નામના શહેરમાં મોન્તેસીઓન નામની જેસુઈટ કોલેજમાં તેમની તાલીમ પૂરી કરવા મોકલવામાં આવ્યા. બે વર્ષનો નોવિશ્યેટનો ગાળો પૂર્ણ થયે તેમનાં પ્રથમ વ્રત ત્રણ મહિના માટે લંબાવવામાં આવ્યાં.

તેઓએ ૫ મી એપ્રિલ ૧૫૭૩ના રોજ પોતાનાં પ્રથમ વ્રત લીધાં. હવે પછીનાં છ વર્ષ આલ્ફોન્સને એ જ મોન્તેસીઓન કોલેજમાં વિવિધ કામ સોંપવામાં આવ્યાં. ઈસ્વીસન ૧૫૭૯માં તેમને કોલેજના દ્વારપાલક નીમવામાં આવ્યા. દ્વારપાલકની જવાબદારીઓમાં દરવાજે આવનારનું સ્વાગત, જે ફાધર કે વિદ્યાર્થીને મળવું છે તેમને બોલાવવા, તેઓ માટે કોઈ સંદેશો હોય તો પહોંચતો કરવો, અહીંતહીં ઘુમવું, ઉપરનીચે ચઢવું ઊતરવું, દરવાજે હાથ લંબાવીને ઊભેલી વ્યક્તિને સહાય પૂરી પાડવી અને એવી બીજી સંલગ્ન બાબતોનો સમાવેશ થતો હતો.

વધુમાં, આલ્ફોન્સ સમક્ષ ભગ્ન હૃદયવાળો દિલ ઠાલવતો અને મૂંઝવણમાં મૂકાયેલો માર્ગદર્શન માગતો. આલ્ફોન્સ પોતાની આત્મકથામાં લખે છે કે જ્યારે જ્યારે દરવાજે ઘંટડી વાગતી ત્યારે ત્યારે થતું કે પ્રભુ જાતે દરવાજો ખટખટાવી રહ્યા છે. એટલે દરવાજો ખોલવા જતાં તેઓ સ્વગત બોલતા, ‘હું આવું છું, પ્રભુ.’ પ્રત્યેક આગંતુકનું તેઓ સસ્મિત અભિવાદન કરતા, જાણે કે તેઓ પ્રભુનું જ અભિવાદન ના કરતા હોય ! લગભગ પંદર વર્ષ તેઓ દ્વારપાલક રહ્યા. આ કાર્યમાં નહોતો ઝાકઝમાળ કે નહોતું વૈવિધ્ય. કામ રોજિંદુ અને રેઢિયાળ હતું. કામ નમ્રતા અને પવિત્રતાનો આગ્રહ રાખનાર હતું.

આલ્ફોન્સ હવે એકસઠ વર્ષના થયા હતા. તેમની તબિયત પણ નરમગરમ રહેતી હતી. એટલે તેમના ઉપરીએ તેમને મુખ્ય દ્વારપાલકમાંથી મદદનીશ દ્વારપાલક બનાવ્યા. હવે, આલ્ફોન્સે કલાકોના કલાકો દ્વાર પર ઊભા રહેવાનું નહોતું. એમને પ્રાર્થના માટે થોડો વધુ સમય મળવા લાગ્યો. મોન્તેસીઓન કોલેજમાં એક પણ વિદ્યાર્થી એવો નહિ હોય જેના પર આલ્ફોન્સનો પ્રભાવ ના પડ્યો હોય. વિદ્યાર્થીઓ આલ્ફોન્સ પાસે સલાહ માટે, ઉત્સાહનાં બે વેણ માટે, પ્રાર્થના માટે આવતા. આલ્ફોન્સને જ્યારે પણ તક મળે ત્યારે મા મરિયમની ભક્તિ વિશે કહેતા જ. ગુલાબમાળા તો હંમેશા તેમના હાથમાં રહેતી. તેઓ જ્યારે બોંતેર વર્ષના થયા ત્યારે એક યુવાન કોલેજમાં દાખલ થયો. એ યુવાનનું નામ પીતર ક્લેવર. પીતર પ્રભુ માટે કંઈક કરવા માગતો હતો, પણ તેને સૂઝ પડતી નહોતી કે શું કરવું. તે યુવાન આલ્ફોન્સના સંપર્કમાં આવ્યો. ઊંમરનો તફાવત છતાં બંને મિત્રો બની ગયા.

આ મિત્રો તો કોલેજના મેદાનમાં વારંવાર મળવા લાગ્યા અને પ્રાર્થનાની તેમજ પવિત્રતાની ગોષ્ટિ કરવા લાગ્યા. વૃદ્ધ આલ્ફોન્સે યુવાન પીતરને દક્ષિણ અમેરિકામાં એક જેસુઈટ મિશનરી બનવાનું માર્ગદર્શન આપ્યું. એ માર્ગદર્શન મુજબ પીતર ક્લેવર જેસુઈટ મિશનરી બની દક્ષિણ અમેરિકાના કોલંબિયા દેશના કાર્તાહેના શહેરમાં આફ્રિકા ખંડમાંથી લાવવામાં આવેલા ગુલામોના સેવક બન્યા. એંસી વર્ષ પૂરા થતાં આલ્ફોન્સ વધુને વધુ નબળા પડતા ગયા. તેઓ વાંકા વળી ગયા. તેઓ મદદનીશ દ્વારપાલકનું કાર્ય કરી શકે એવી સ્થિતિમાં ના રહ્યા. ઈસ્વીસન ૧૬૧૫ થી તો તેઓ પથારીવશ થઈ ગયા. તેઓ ફક્ત પરમપૂજામાં ભાગ લેવા જ ઊઠી શકતા. છેલ્લા મહિનાઓમાં તો તેમની યાદશક્તિ પણ ચાલી ગઈ. તેઓ પ્રાર્થનાઓ પણ ભૂલી ગયા. ફક્ત ઈસુ અને મારિયાના નામનું જ રટણ કરી શકતા.

જ્યારે મોન્તેસીઓન કોલેજ કમ્યુનિટિને લાગ્યું કે, હવે આલ્ફોન્સની વિદાયવેળા નજીક છે, ત્યારે કમ્યુનિટીના સહુ સભ્યો પ્રાર્થના કરવા આલ્ફોન્સની રૂમમાં ભેગા થયા. કમ્યુનિટીની પ્રાર્થના પૂરી થઈ એટલે આલ્ફોન્સે પોતાની આંખો ખોલી અને દરેક જેસુઈટ પર નજર નાખી. પછી એ નજર તેમણે તેમના હાથમાં પકડેલા ક્રૂસ પર સ્થિર કરી અને તેને ચુંબન કરી બોલ્યા, ‘ઈસુ’ ઈસુ નામના ઉચ્ચાર સાથે આલ્ફોન્સે પ્રાણત્યાગ કર્યો. એ દિવસ હતો ૩૧ મી ઓક્ટોબર ૧૬૧૭. આલ્ફોન્સને વડાધર્મગુરુ લીઓ તેરમા એ ૧૫ મી જાન્યુઆરી ૧૮૮૮ ના રોજ સંત જાહેર કર્યા.

સંત આલ્ફોન્સ રોડ્રીગ્સ, જેઓ જેસુઈટ બ્રધર હતા, જેસુઈટ બ્રધરોના રક્ષક સંત છે. ‘કયું કામ કરીએ છીએ એ અગત્યનું નથી, પણ સોંપેલું કામ કેવી રીતે કરીએ છીએ એ અગત્યનું છે’ આ મંત્ર સંત આલ્ફોન્સ રોડ્રીગ્સ શીખવે છે. સંત આલ્ફોન્સ અમારે માટે વિનંતી કરો કે અમે સાધારણ કાર્ય અસાધારણ રીતે કરીએ.●


## ફક્ત ખ્રિસ્તી મિત્રો માટે

**જૂજ પ્લોટ વેચવાના બાકી છે. વહેલા તે પહેલાના ધોરણે.**

***આકૃતિનગરની પાછળ, સાંગોડપુરા રોડ, જીટોડિયા રોડ, આણંદ***

**સંપર્ક : કનુભાઈ મેકવાન**
**મો. ૭૬૦૦૦ ૪૨૫૯૫**



## હાર્દિક અભિનંદન

**શ્રી વિલિયમભાઈ અને સ્વ. આગ્નેસબેનના પૌત્ર ચિ. રીશીને હાર્દિક અભિનંદન**



તા. ૨૮, ૨૯ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ લખનઉ (ઉ.પ્ર.) મુકામે આયોજિત ૯ મી આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા બદલ અને સ્પર્ધામાં તૃતીય સ્થાનના વિજેતા બનવા માટે અભિનંદન. ચિ. રીશી હાલમાં ધોરણ ૯ માં ઈંગ્લિશ ટિચિંગ સ્કૂલ- નડિયાદમાં અભ્યાસ કરે છે. ચિ. રીશીની અભૂતપૂર્વ સિદ્ધિ માટે પરમાત્માનો આભાર અને સર્વાંગી પ્રગતિ માટે શુભેચ્છાઓ.

**કુ. નીલી ક્રિશ્ચિયન - દીદી** (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ અને ક્લાસિકલ સિંગર)
**શ્રીમતી લત્તાબેન - મમ્મી** (મ.શિ., ઈંગ્લિશ ટીચીંગ સ્કૂલ, નડિયાદ) **અને**
**શ્રી રીતેશ ક્રિશ્ચિયન - પપ્પા** (મ.શિ., સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ઉમરેઠ અને મોટીવેશનલ ટ્રેનર)
*૯, નીલકમલ સોસાયટી, પવનચક્કી રોડ, નડિયાદ - ૩૮૭૦૦૨*
**મો. ૭૪૦૫૨ ૦૦૭૧૯**



# વિશ્વ રોગીજન દિવસ



✍ જેનેટ જોન્સન ફાર્મર

મ.શિ. સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ (ઉ.મા. વિજ્ઞાન પ્રવાહ), ગાંધીનગર

'તમને વગર પૈસે મળ્યું છે, વગર પૈસે આપજો.' (માથ્થી ૧૦:૮) નિઃસ્વાર્થ પ્રેમનાં સેવાકાર્ય દ્વારા ઈશ્વરના રાજ્યની સ્થાપનાના પ્રયોજન સહ, ઉપરોક્ત શીખ ઈસુએ શુભસંદેશની ઘોષણા માટે શિષ્યોની રવાનગી વેળાએ આપી હતી. ૨૭ મા વિશ્વ રોગીજન દિવસની ઉજવણી ૯-૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ કોલકત્તા-ભારતમાં થશે ત્યારે ભલા શમરુનીની જેમ શ્રદ્ધાળુઓએ ઉદારપણે ભલાઈનાં વિશ્વસનીય કામ કરવાં અનિવાર્ય છે, એવી શિખામણ વડાધર્મગુરુ ફ્રાન્સિસે આપી છે. માતા ધર્મસભાએ પોતાનાં સંતાનો, વિશેષમાં બીમારની સવિશેષ કાળજી રાખવી જોઈએ, એવી યાદ તેમણે અપાવી હતી.

જીવન પ્રભુની ભેટ છે. સંત પાઉલ પ્રશ્ન કરે છે : 'તારી પાસે એવું શું છે જે તને બક્ષિસરૂપે નથી મળ્યું ?'(૧ કરિંથ ૪:૭) ખરે જ માનવજીવન ઈશ્વરની મહામૂલી બક્ષિસ છે એટલે અંગત સંપત્તિની જેમ તેનો અધિકારપૂર્વક ભોગવટો હરગિજ શક્ય નથી. ખાસ કરીને તબીબી વિજ્ઞાન અને જીવવિકાસશાસ્ત્રની ઉન્નતિ માટે હોશિયારીપૂર્વક 'જીવનનું વૃક્ષ' (ઉત્પત્તિ ૩:૨૪)નું નિકંદન કરવા માનવજાતને પ્રલોભન થાય એ શક્ય છે. આજની ઉદાસીન અને ખરાબાની સંસ્કૃતિમાં, વ્યક્તિવાદ અને સામાજિક વિભાજનના પડકાર સામે આ ભેટ અપરાજિત છે, એ બાબત સ્પષ્ટ છે. વળી નવા માનવસંબંધોના પ્રોત્સાહન અને પ્રજા તથા સંસ્કૃતિના સહકારમાં વૃદ્ધિ માટે પણ તે 'જીવનવૃક્ષ'નું એક વરદાન સંવાદ-વાચા છે, જે માનવસંબંધોની વૃદ્ધિ અને વિકાસ કરે છે, સમાજને સુદૃઢ કરવામાં મદદરૂપ બને છે. બક્ષિસ એ કોઈ પ્રસંગોપાત આપવામાં આવતી ભેટ નથી, તે દેણગી છે, જેમાં વસ્તુ કે સંપત્તિ તબદીલ કરવામાં આવતી નથી, સ્વાર્પણ છે. 'બક્ષિસ' એ 'ભેટ આપવા' કરતાં અલગ છે કારણ તે વગર પૈસે, નિઃસ્વાર્થ ભાવે પ્રદાન કરવામાં આવે છે, જેમાં સંબંધ સેતુની ઈચ્છાશક્તિ હોય છે. તેમાં અન્યનો સ્વીકાર છે, જે સમાજની બુનિયાદ છે. બક્ષિસ એ પ્રભુના પ્રેમનું પરાવર્તન છે, જે પવિત્ર આત્માની શક્તિ થકી, ઈશ્વરપુત્રના માનવ અવતારમાં પરાકાષ્ઠા સાધે છે.

આપણામાંનો પ્રત્યેક ગરીબ, જરૂરિયાતમંદ અને નિરાધાર છે, જ્યારે આપણો જન્મ થયો ત્યારે જીવતા રહેવા માટે માબાપની સારસંભાળની જરૂર હતી અને જીવનના પ્રત્યેક તબક્કામાં કોઈને કોઈ રીતે આપણે બીજાની મદદ પર આધારિત હોઈએ છીએ. અન્ય વ્યક્તિ અને સંજોગો સામે, એક માણસ તરીકે આપણી મર્યાદાઓથી આપણે વાકેફ હોઈએ છીએ. જીવનના એક આવશ્યક સદ્‌ગુણ તરીકે, પરસ્વરાવલંબનના સત્યનો નિખાલસ એકરાર આપણને નમ્ર બનવા ઉત્તેજન આપે છે.

આ પ્રકારની સ્વીકૃતિ વ્યક્તિ અને સમાજનું ભલું કરવા પ્રોત્સાહન - દોરવણી આપે છે. દુનિયાની દૃષ્ટિ છોડી અન્યના પરસ્પરાવલંબનના સંબંધથી દૃષ્ટિપાત કરીએ તો એમાં સર્વભલાઈનો ધ્યેય પણ સામેલ હોય છે. આપણે નિરાધાર કે અન્ય પર ભરોસાદાર છીએ એમ વ્યક્ત થવામાં આપણે સંકોચ કે ડર રાખવાની જરૂર નથી, કારણ વ્યક્તિગત અને આપણા સ્વબળથી આપણી મર્યાદાઓને પાર કરી શકીએ એમ નથી. આપણી આગળ પ્રભુ ઈસુનું ઉદાહરણ છે. ફિલિપ્પી પ્રત્યે સંત પાઉલના પત્ર(૨:૮)માં ઈસુની નમ્રતાની પુષ્ટિ છે : 'માનવરૂપે પ્રગટ થઈને તેમણે પોતાની જાતને નમાવી દીધી.' અને એ જ વિનમ્રતા સદૈવ ધારણ કરી હતી. આપણી ગરીબાઈમાં તે આપણી સહાય બની આવે છે અને આપણી કલ્પના બહાર આપણને બક્ષિસ ધરે છે.

વિશ્વ રોગીજન દિવસની ઉજવણી માટે વડાધર્મગુરુ ફ્રાન્સિસે માતા મરિયમની મધ્યસ્થી પ્રાર્થના કરવા આહ્વાન કર્યું છે. પવિત્ર આત્માના પ્રભાવમાં પરસ્પરના સ્વીકાર અને સંભાષણનાં વરદાન થકી એકબીજાની જરૂરિયાતને પારખીએ, તેમની કાળજી રાખીએ, ઉદાર દિલથી આપીએ, નિઃસ્વાર્થ સેવામાં પરમાનંદ છે તે શીખીએ, એવી શીખ વડાધર્મગુરુએ આપી હતી.

વિશ્વરોગીજન દિવસ(World Day of The Sick)ની જાહેરાત-શરૂઆત સેન્ટ જોન પૉલ દ્વિતીયએ ૧૩ મે ૧૯૯૨ માં કરી હતી અને લુર્ડસનાં માતા મારિયાના પર્વ ૧૧ ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવશે તેવી ઘોષણા પણ કરવામાં આવી હતી. સેન્ટ થેરેસાએ રોગીજનના સ્વાસ્થ્ય માટે પણ જીવન સમર્પણ કર્યું હતું તે બાબતની નોંધ લેતાં આ વર્ષે ૨૭ મા વિશ્વ રોગીજન દિવસની કોલકત્તામાં ઉજવણી કરવાનું જાહેર કર્યું છે, જો કે આ અગાઉ એકવાર વેલાંકિની(તમિલનાડુ)માં પણ વિશ્વરોગીજન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

હજારો કેથોલિક સંસ્થાઓ કેવળ સ્વાસ્થ્ય સંભાળના પ્રૈષિતિક કાર્યમાં જોતરાયેલી છે, સેંકડો ધર્મજનો પણ તબીબી સારવારમાં સેવારત છે, એટલે રોગીજનની સારવાર અંગે મોટાભાગના અવગત છે ત્યારે રોગીજનનાં આધિવ્યાધિ ઉપાધિ દૂર કરવા નિષ્ઠાવાન સ્વયંસેવકો આગળ આવે, જેમને સ્વાસ્થ્ય સંભાળના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યની તાલીમ આપવામાં આવે એ જરૂરી છે. છેવટે જેઓ આરોગ્ય વિષયક સેવાઓ સાથે સંકળાયેલા છે અને જેમની પડખે રોગીજન નજરે પડે છે તે તમામ સંન્યસ્તો તથા ધર્મજનો રોગીજનની માવજતનું મૂલ્ય અને મહત્ત્વ સમજે તે પણ આ દિવસની ઉજવણીનો એક ઉદ્દેશ છે.

મધર થેરેસા માનવજાત પ્રત્યેના સદ્‌ભાવનાનાં આદર્શ હતાં જેમણે ગરીબ અને રોગીજનને પ્રભુના પ્રેમની પ્રતીતિ કરાવી હતી. તેમના સંતપદની ઘોષણા વખતે જાહેર કર્યું હતું : 'મધર થેરેસા તેમનાં જીવનનાં તમામ ક્ષેત્રમાં, દિવ્ય દયાનાં ઉદાર વિતરક હતાં, ગર્ભસ્થ શિશુઓ, પંથ ભૂલેલાં અને ઉપેક્ષિત લોકો માટે તેઓ સુલભ હતાં, કોઈપણ ભોગે માનવજીવનની રક્ષાની તેઓ તરફેણ કરતાં હતાં. રસ્તાની બાજુએ મરવાના વાંકે પડેલાં મનેખમાં પ્રભુની પ્રતિકૃતિ નિહાળી, તેમને ઉપાડી લેતાં અને જેમના કારણે તેમની આ દયનીય હાલત થઈ તે વિશ્વની મહાસત્તાઓને તેમના અપરાધ-ગરીબી માટે કારણભૂતનું ભાન કરાવ્યું. તેમના માટે 'કરુણા' એ લૂણનું સ્થાન લીધું હતું, જેણે તેમના કામને લહેજત આપી, ગરીબી અને યાતનાનાં આંસુ નિહાળવા પ્રકાશ આપ્યો. તેમણે ચીંધેલો અદનામાં અદના માનવી દ્વારા પ્રભુનું સામીપ્ય માણવાનો રાહ, આજે પણ એટલો જ કારગર છે તે ભૂલવું ન જોઈએ !'

(સંદેશ ૪ સપ્ટે., ૨૦૧૬-વેટિકન)

કોઈ પણ જાતિ, ધર્મ, ભાષા કે સંસ્કૃતિના ભેદભાવ વગર માનવ માત્રની નિઃસ્વાર્થ સેવા કરવાનો રાહ મધર થેરેસાએ સમજાવ્યો છે. જરૂરિયાતમંદ અને વિશેષમાં જેઓ પીડિત છે તેમને સમજવાનો, પ્રેમ તથા આશાનાં દ્વાર ખોલી આપવાનો નમૂનો મધર થેરેસાએ આપ્યો છે.

આરોગ્ય ક્ષેત્રે સેવારત ઘણા સ્વયંસેવકો આ મહત્ત્વપૂર્ણ કામમાં 'ભલા શમરૂની'ની આધ્યાત્મિકતાને અનુસરે છે, તેમની ઉદારતા આ સેવાકાર્ય માટે પ્રેરણા આપે છે અને ઉત્સાહ ટકાવી રાખે છે. દર્દીઓની સારવારમાં કોઈપણ રીતે સંકળાયેલા, તેમને એક ઠેકાણેથી હોસ્પિટલ સુધી પહોંચાડનાર 'એમ્બ્યુલન્સ સર્વિસ'ના સંચાલકો, અવારનવાર સ્વૈચ્છિક રક્તદાન શિબિર કે વિનામૂલ્યે રોગનિદાન શિબિરના આયોજકો, ચક્ષુદાન કે અંગદાન માટે પ્રોત્સાહન આપનારી સંસ્થાઓ તે તમામનું સમાજ પર મોટું અહેસાન છે. રોગી જનના અધિકાર તથા તેમજ રોગનિદાન-સારવાર કરતાં, ધર્મસભા વિશેષ રીતે પ્રભુના પ્રેમનો સાક્ષાત્કાર તેમને કરાવે છે તે હકીકત ધ્યાનમાં રાખવી અત્યંત જરૂરી છે. કેટલાક જીવલેણ રોગ અંગે સમાજમાં જાગૃતિ ફેલાવનાર સરકારી વિભાગ કે સ્વૈચ્છિક સંગઠન પણ નોંધપાત્ર કામગીરી કરે છે. ઘરમાં સ્વજનની સેવા સુશ્રુષાથી આ સેવાયજ્ઞનો શુભારંભ થાય છે, જે સારવાર ઉપરાંત નૈતિક - આધ્યાત્મિક બળ પણ પૂરાં પાડે છે. સંખ્યાબંધ લોકો રોગી છે, એકલવાયા છે, વૃધ્ધ કે તનમનથી ભાંગી પડેલા છે, જેઓ આપણી સહાયની પ્રતીક્ષામાં છે. આ દુનિયામાં જ્યાં ધર્મવૈવિધ્ય છે ત્યાં ખ્રિસ્તી સ્વયંસેવકોએ પોતાની સેવા થકી ઈસુ-ધર્મસભાની હાજરીનો અનુભવ કરાવવો આવશ્યક છે. એક સ્વયંસેવક રોગીજનનો સારો મિત્ર બની શકે છે, ધીરજથી રોગીની વાત-દુઃખ દર્દ સાંભળતાં, તે પોતાના વિચારો અને લાગણીને પણ વ્યક્ત કરશે, આ આત્મીય સંબંધ રોગીજનમાં આગળની સારવાર માટે આશા બાંધશે, એટલે સ્વયંસેવકોની સેવાપ્રવૃત્તિમાં, વાણી-વ્યવહારમાં જીવનમૂલ્યો પ્રગટ થાય તે જરૂરી છે, જેનાથી તબીબી સારવાર કેવળ સારવાર ન રહેતાં તેને વધારે માનવીય સ્પર્શ પણ મળે છે.

દુનિયાના ધનાઢ્ય કે ગરીબ દેશોમાં, રોગીજનની સેવામાં સમર્પિત કેથોલિક શ્રદ્ધાળુઓ - સંસ્થાઓનું પ્રેરકબળ જન્મજાત-સાહજિક ઉદારતા હોવી અનિવાર્ય છે, કારણ તો જ તેઓ શુભસંદેશનાં મૂલ્યોના પ્રકાશમાં સંભાળ રાખી શકાશે. રોગીજનને સુવિધાઓ પ્રદાન કરનાર કેથોલિક સંસ્થા-વ્યક્તિએ, કોઈપણ ભોગે નાણાં ઉપાર્જન કરવાની આ દુન્યવી મનોવૃત્તિ, કેવળ મદદ કરવા ખાતર કે દેખાડો કરવા માટે  કરવાની માનસિકતા અને ભ્રષ્ટાચારના નાગચૂડમાં ફસાયેલી દુનિયાની સામે સ્વાર્પણ, ઔદાર્ય અને કર્તવ્યનિષ્ઠાનો પદાર્થ પાઠ ઉદાહરણરૂપ પૂરો પાડવાનો છે.

ઉપભોગ અને ફાયદાની વિકૃતિને ઉપરવટ થવા માટે ઉદારતા અને બક્ષિસની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું અનિવાર્ય છે. કેથોલિક આરોગ્ય પ્રદાન સંસ્થાઓએ માત્ર વ્યવસાયના ફંદામાં પડવું ન જોઈએ, તેમણે નફા-નુકસાનને બાજુ પર રાખી નિજ સમર્પણથી અંગત માવજત કરવી જોઈએ. આપણે જોઈએ છીએ કે તંદુરસ્તી એ અરસપરસના સંબંધ-વ્યવહાર પર આધારિત છે, જેમાં વિશ્વાસ, દોસ્તી અને વફાદારીની જરૂર છે. જ્યારે આપણે સાંગોપાંગ તેમાં સામેલ થઈએ છીએ, ત્યારે જાણે આનંદનો ખજાનો મળી ગયો ! ઉદાર સખાવત એ ખ્રિસ્તીજનના સ્વાસ્થ્યનું બેરોમીટર છે.●

(સૌજન્ય : ઈન્ટરનેટ અને વડાધર્મગુરુ ફ્રાન્સિસનો સંદેશ.)

## વિશ્વ રોગીજન દિવસ - ૨૦૧૯ નિમિત્તે પ્રાર્થના

હે પ્રભુ, પ્રત્યેક રોગીજન-દિવ્યાંગ અને એકલવાયાને તમારા પ્રેમ અને સાજાપણાના સ્પર્શનો અનુભવ કરાવવા કોલકત્તાનાં સંત મધર થેરેસાને હાકલ કરી હતી. આપની ઉદારતામાંથી અમને વિના મૂલ્યે અઢળક વરદાનની લ્હાણી કરો છો, એટલી જ ઉદારતાથી વિનામૂલ્યે લ્હાણી કરવા અમને કૃપા આપો. વિશ્વના વિકસિત અને અવિકસિત પ્રદેશોમાં, કોઈપણ પંથમાં માનનાર પ્રજા અને ગમે તે પશ્ચાત ભૂમિકામાંથી આવનાર લોકોની માંદગી અને પીડામાં, આપનાં પ્રેમ અને કાળજીનું માધ્યમ બનીએ તે માટે અમારાં હૃદય, આપની મૃદુતા, દયા અને સહિષ્ણુતાથી ભરપૂર કરો.

લુર્ડસનાં માતા મારિયા અને કોલકત્તાનાં સંત મધર થેરેસાની મધ્યસ્થી દ્વારા કોલકત્તામાં આયોજિત વિશ્વ રોગીજન દિવસની તૈયારી - ઉજવણી આપના મહિમાર્થે થાય એવી આશિષ આપો.

પ્રત્યેક રોગીજન, તમારા પ્રેમની અનુભૂતિ કરે, જેઓ કુટુંબમાં તથા સંસ્થામાં રોગીજનની દેખભાળ રાખે છે, તેઓ બધાં તમારા પ્રત્યેના પ્રેમને કારણે બીમારની માવજતમાં વિશેષ સવલત દ્વારા જવાબદારીથી સભાન બને તેવી આશિષ આપો. આમીન.

હે લુર્ડ્સનાં માતા મારિયા - અમારા માટે વિનંતી કરો.
હે કોલકત્તાનાં સંત થેરેસા - અમારા માટે વિનંતી કરો.

---

*ઉપરોક્ત પ્રાર્થના કોલકત્તામાં યોજાનાર ૨૭ મા વિશ્વ રોગીજન દિવસની તૈયારી માટે કોલકત્તા મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ થોમસ ડી'સોઝાની પ્રેરણાથી  ડિસેમ્બર-૨૦૧૮ થી કરવામાં આવે છે. આપણે આ દિવસો દરમ્યાન આ પ્રાર્થના કરીએ તો...*



# લેખન અને પ્રેરણા



✍ અમિત ચૌહાણ

લખવું ક્યારે શરૂ કર્યું તેની કોઈ તારીખ યાદ નથી. પણ હા, શાળાકક્ષાએથી વાચનનો શોખ હતો, તે આજ સુધી બરકરાર રહ્યો છે અને રહેશે એમ દૃઢતાપૂર્વક કહી શકું. જેમ વય વધતી ગઈ તેમ વાંચનની ક્ષિતિજો વિસ્તરતી ગઈ. અખબારમાં પ્રગટ થતું લખાણ, પુસ્તક સ્વરૂપે પ્રગટ થતું લખાણ વગેરે વાંચતો રહ્યો. તેમાંથી મારી કલ્પનાશક્તિ અને વિચારશક્તિ ખીલ્યાં. આ પ્રક્રિયા 'એક ઝટકો અને બે ટુકડા' જેવી નથી. ક્રમશઃ પરિવર્તન પામતી આ પ્રક્રિયામાં બાળસાહિત્ય આવી ગયું, પુખ્તવયનાં લોકો વાંચે એવું સાહિત્ય આવી ગયું. મારા દિવસો પણ એ રીતે વીતતા ગયા.

કોલેજ કાળ દરમિયાન તમામ વર્ગો ભરતો હતો. વ્યાખ્યાન અને શિબિરોમાં પણ ભાગ લેતો હતો. આ બધી મારી મનગમતી પ્રવૃત્તિ હતી અને એમાંથી જન્મ થયો એક સર્જકનો-લેખકનો. હાલમાં, વિવિધ અખબારો અને સામયિકોમાં લખતા લગભગ મોટાભાગના પત્રકારો અને લેખકોને મેં વાંચ્યા છે. કેટલાકનાં પુસ્તકો વાંચ્યા છે. કૌશિક મહેતાએ એક પુસ્તક પ્રગટ કર્યું છે જેનું નામ છે : 'લખવું એટલે.' તેમાં વિવિધ લેખકો અને પત્રકારોએ પોતાની લેખનયાત્રા વિશે લખ્યું છે. નાણાં, સમય અને વાંચવાની અદમ્ય ઈચ્છા હોય તો આ પુસ્તક ખરીદવા જેવું છે.

પીઢ પત્રકાર કાન્તિ ભટ્ટ તો દરરોજ 'દિવ્ય ભાસ્કર'માં કટાર લખે છે. એમનું 'એકાંતની અટારીએથી' પુસ્તક પ્રેરણાત્મક પુસ્તક છે. આ પુસ્તક મેં વાંચ્યું છે. મારો લખવાનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે તેની પાછળ જો કોઈ મહત્ત્વનું કારણ હોય તો તે આગળ આવવાની પ્રબળ ઈચ્છા છે. બસ, આ ઈચ્છા જ સતત લખવાની પ્રેરણા આપે છે. વળી, દરરોજ છાપાં વાંચવા, વિવિધ લેખકો અને પત્રકારોના લેખો વાંચવા - આ બધામાંથી જબરદસ્ત પ્રેરણા મળે છે.

વિશેષ તો મારું લખાણ છપાય ત્યારે ખૂબ ખુશી થાય છે. લેખનક્ષેત્રે ઝંપલાવ્યા બાદ મેં વાંચવાની ટેવમાં વધારો કર્યો. વાંચન અને લેખન, બંને સમાંતરે ચાલવાં જોઈએ તો જ લેખનની ધાર બરાબર નીકળે. વાક્યો હંમેશા ટૂંકાં રાખવાં. ફાધર વાલેસ અને ચંદ્રકાન્ત બક્ષીનું લખાણ વાંચતા આ લાક્ષણિકતા નજરે ચડ્યા વિના રહેતી નથી. અખબારના નિયમિત વાંચનથી પણ સામાન્ય જ્ઞાનમાં વધારો થાય છે. કોઈપણ ભાષાનું સાહિત્ય વાંચવાથી નવા શબ્દો જાણવા મળે. આ શબ્દો યાદ રાખવાનો હું હંમેશા પ્રયત્ન કરતો રહ્યો છું. આપણી માતૃભાષા ગુજરાતી સાથે અન્ય ભાષા (હિન્દી અને અંગ્રેજી) પર પણ પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કરતા રહેવું જોઈએ. આમ કરવાથી પણ ભાષા ઉપર પકડ મેળવી શકાય છે. હાલમાં જેઓ લેખનક્ષેત્રે લોકપ્રિય બન્યાં છે તે બધાએ ખૂબ વાંચ્યું અને વિચાર્યું છે અને પછી તેમણે જે લખ્યું તે લોકોને ગમવા લાગ્યું.

લેખનક્ષેત્રે લેખનશિબિરો અને વ્યાખ્યાનોનું શું મહત્ત્વ ? ઘણું જ મહત્ત્વ છે. મેં એક વખતે સાપુતારા ખાતે યોજાયેલ લેખન શિબિરમાં ભાગ લીધો હતો. તેમાં અન્ય લેખકો આવ્યા હતા. 'વાદે વાદે જાય તે તત્વ બોધઃ'ની જેમ ચર્ચા કરવાથી જ્ઞાન પ્રગટે છે. આમાં પણ એવું જ બને છે. સાહિત્ય અને પત્રકારત્વની ચર્ચાઓ થાય એટલે એમાંથી કશુંક ગ્રહણ કરવાની તૈયારી રાખવી. એવી તૈયારી ન રાખીએ તો આવી શિબિરમાં ભાગ લેવાનો અને સમય વેડફવાનો કોઈ મતલબ નથી.

મારે લેખનક્ષેત્રે આગળ આવવું છે એટલે મેં મારી લેખનશૈલી વિકસાવી છે. આ શૈલી રાતોરાત વિકસાવી શકાતી નથી. લેખનક્ષેત્રના અનુભવો થકી શૈલી ઘડાય છે, પછી વાંધો આવતો નથી. શીખવાની તૈયારી હોય તો કોઈ પણ વસ્તુ શીખી શકાય છે. ઘણા બધા રેસમાં છે અને ઘણા બધા લખે છે. કોઈ વાર્તા લખે છે તો કોઈ નવલકથા લખે છે. કોઈ કવિતા લખે છે તો કોઈ ગઝલ. દરેક સર્જક કંઈક ને કંઈક લખ્યા કરે છે. દરેકના દિલમાં એક જ આશા છે. 'મંઝીલ કો પાના હૈ, કુછ કર દીખાના હૈ.'

લેખક બનવું હોય તો કોઈ એક ભાષા શીખીને એમાં જ લખ્યા કરવું એ મારી દૃષ્ટિએ પૂરતું નથી. અન્ય ભાષા શીખવાની પહેલ પણ કરવી રહી. હવે લેખકો અને લેખિકાઓએ સરસ મજાનું કામ શોધી કાઢ્યું છે. એ કાર્ય છે, વિવિધ શાળા, કોલેજ, સંસ્થાઓમાં જઈને વક્તવ્ય આપવાં. મારી દૃષ્ટિએ આ ઉત્તમ કાર્ય છે. તમામ વર્ગના લોકોને ઉપયોગી એવું વક્તવ્ય આપવું અને બદલામાં આર્થિક વળતર મેળવવું. વ્યક્તિ પાસે જે તે કામનો થોડાઘણો અનુભવ જરૂરી બની ગયો છે. સાહિત્યનો દરિયો પણ વિશાળ છે. લેખક માટે એ જરૂરી છે કે તે લેખનકાર્યની સાથે વાંચન પણ રાખે. બંને કાર્યો થવાં જોઈએ. તો જ લેખનમાં બરકત આવે.

નવોદિતો એમ વિચારીને બેસી રહે કે થોડા વખત પછી લખવાની શરૂઆત કરીશ ! તો તેઓ કિંમતી સમયને વેડફી રહ્યા છે. આજ ક્ષણે નિર્ણય કરી લેવાનો છે કે 'મારે લખવું છે. હું લખીશ અને કોઈપણ સંજોગોમાં લખવાનું છોડીશ નહીં.' એવું ચોક્કસ બનશે કે શરૂઆતમાં તમારી કોઈ કૃતિ અસ્વીકૃત થાય. કૃતિ અંગે તંત્રી દ્વારા કોઈ પ્રતિભાવ ન મળે પરંતુ આ તમામ પરિસ્થિતિમાં પણ સાધના ચાલુ રાખવી રહી. લેખન એ બીજું કંઈ નહીં પણ એક અવિરત સાધના છે.

જેઓ લેખક નથી એવા ઘણા લોકો આપણી આસપાસ જોવા મળે છે. તેઓ જુદા જુદા ઉદ્યોગ-ધંધા, નોકરી કે વ્યવસાય સાથે જોડાયેલા હોય છે. વકીલનું દૃષ્ટાંત લઈએ. વકીલ કોર્ટમાં જઈને વકીલાતનું કામ કરે છે. અહીં તે પોતે જે ભણ્યો છે તેને ધ્યાનમાં રાખીને કામ કરે છે.

શું તે લખી ન શકે ? હા, જરૂર લખી શકે. વકીલ જો તેના ક્ષેત્ર ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં રસ લેવા માંડે, અખબારો, પુસ્તકો, સામયિકો વાંચે તો આપોઆપ શબ્દ ભંડોળ વધે. પછી તો ફક્ત અભિવ્યક્તિ કરવાની રહે. એવા તો કેટલાક સર્જકો છે જેમનો મુખ્ય વ્યવસાય કે કામ અલગ હોય પણ લેખનક્ષેત્રે પણ સારું એવું કામ કરે છે.

લેખક અને પત્રકાર માટે જનસંપર્ક પણ ખૂબ જરૂરી છે. લોકો સાથે વાત કરવાથી સમય વેડફાતો નથી. બલકે અન્ય લોકોની સમસ્યા, તેમની પસંદ-નાપસંદ, તેમની રહેણી કરણી, દુ:ખ સામે ઝઝૂમવાની તેમની શક્તિ, તેમનું મુક્ત હાસ્ય - આ બધી બાબતોથી જે તે લેખક / પત્રકાર માહિતગાર બને છે પછી તેને કશુંક લખવાનું સૂઝે છે. એ નવલકથા, વાર્તા, કવિતા કે ગઝલ પણ હોઈ શકે. જેઓને અખબારી લેખો વાંચવાનો શોખ છે તેવા વાચકોને અમુક લેખકોના લેખો વાંચવા ખૂબ ગમે છે.

આપનો લોકપ્રિય લેખક કે લેખિકા કોણ ? એવો પ્રશ્ન પૂછતાં તેઓ તરત જ કોઈ એક નામ તમને જણાવી દેશે. લેખક કે લેખિકાનું લખાણ ક્યારે કોઈને ગમે ? જ્યારે એમાં સાચી અનુભૂતિનું ભાવવાહી નિરૂપણ હોય. જીવનની કોઈ એક સમસ્યા અંગે ચિંતન હોય અને તેનો કોઈ યોગ્ય ઉપાય હોય. અભિવ્યક્તિ સરળ હોય. ચાની લારીવાળાને પણ સમજાય એવી શૈલી હોય. આ બધી લાક્ષણિકતાઓ લેખનમાં ભળે ત્યારે જે તે લેખક કે લેખિકાનું લખાણ વાચકોને આકર્ષા વિના રહેતું નથી.●


## જીવનસાથી પસંદગી મેળો

**આયોજક :** કેથોલિક સત્સંગ પરિવાર અભિલાષા - સમા વડોદરા
**સ્થળ :** *મહર્ષિ અરવિંદ પ્રા. શાળા નં. ૨૦, નિઝામપુરા અતિથિગૃહ પાછળ - વડોદરા*
**સમય :** તા. ૧૭-૨-૧૯ રવિવારે સવારે ૯:૩૦ થી ૪:૦૦ સુધી
**સંપર્ક : શાંતિલાલ મેકવાન મો. ૯૯૭૪૭ ૦૧૩૩૧**
**વિનુભાઈ મેકવાન મો. ૯૮૨૫ ૯૦૪૮૪૮**

**વિસ્તાર મુજબ નીચેના પ્રતિનિધિઓ**

૧. ત્રિભોવન આર. પરમાર (મકરપુરા, વડોદરા) - મો. ૭૫૬૭૨૪૩૧૬૬
૨. મનોજ સીંગર (ફૂલવાડી, વડોદરા) - મો. ૯૯૨૫૨૭૦૩૩૧
૩. વિલ્યમ એચ. મેકવાન (ગોરવા, વડોદરા) - મો. ૯૮૭૯૩૮૧૪૭૧
૪. મરિયમ એન. મકવાણા (સાવલી) - મો. ૯૯૨૫૯૦૨૨૦૬
૫. તારાબેન એન. મકવાણા (ગોઠડા) - મો.૯૭૨૭૯૩૨૯૯૦
૬. કનુભાઈ આર. મકવાણા (આંકલાવ) - મો. ૯૮૯૮૧૧૬૨૦૧
૭. દિનેશ પાઉલ રાઠોડ (ખંભોળજ) - મો. ૯૭૧૪૪૭૯૦૭૬
૮. કનુભાઈ એફ. પટેલીયા (ઉમરેઠ) - મો. ૭૩૫૯૦૩૧૭૨૬
૯. જ્યોર્જ મેકવાન (ભરૂચ) - મો. ૯૪૨૮૫૧૯૬૬૦
૧૦. ગોરધનભાઈ જે. રાઠોડ (ભરૂચ) - મો. ૯૭૨૬૨૮૪૭૩૭
૧૧. અંબાલાલ એસ. મેકવાન (ભરૂચ) - મો. ૯૫૭૪૧૨૩૯૪૮
૧૨. જેકબભાઈ આલ્ફોન્સ (મણિનગર) - મો. ૯૮૭૯૦૩૮૫૩૮
૧૩. મકનભાઈ (ગામડી, આણંદ) - મો. ૯૩૭૬૬૦૪૮૦૩
૧૪. કનુભાઈ (નડિયાદ) - મો. ૯૯૦૯૪૨૯૩૮૩
૧૫. સતિષભાઈ (ચાવડાપુરા- આણંદ) - મો. ૯૪૨૯૪૭૫૩૩૭
૧૬. જોનભાઈ એસ. પરેરા (મરિયમપુરા - પેટલાદ) - મો. ૯૭૨૪૧૩૭૯૮૦
૧૭. પ્રવિણભાઈ પીટરભાઈ (ખંભાત) - મો. ૯૯૦૯૨૪૦૧૧૩

ઉપર મુજબના પ્રતિનિધિઓ પાસેથી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરી
તા. ૧૦-૦૨-૧૯ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

**પ્રમુખ, કેથોલિક સત્સંગ પરિવાર, અભિલાષા-સમા, વડોદરા**



**એની વિનંતી તેં તો, પ્રભુ, સ્વીકારી એની મન-અભિલાષા પાર ઉતારી. (સ્તોત્રસંહિતા ૨૧:૨)**

## HAPPY 75th BIRTHDAY



**મનુભાઈ એમ. મેકવાન**

**જન્મ તારીખ : ૦૧-૦૨-૧૯૪૪**

સર્વસમર્થ ઈશ્વરપિતાની અનહદ કૃપાથી મારા વહાલા પતિ શ્રી મનુભાઈ એમ. મેકવાન તથા અમારા વહાલા બાળકોના વહાલા પપ્પા તેમજ પૌત્ર-પૌત્રીઓના પ્રેમાળ વહાલા દાદા (ડેડી) તા. ૧-૨-૨૦૧૯ના રોજ જીવનનાં ૭૫ વર્ષ પૂર્ણ કરી ૭૬મા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે અમો પ્રભુપિતાનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અમારાં જીવન સમૃદ્ધ અને સ્થાયી બનાવવા આપે અવિરત પ્રયત્નો કરી ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું, એ માટે અમો અંતઃકરણથી પપ્પાના આભારી છીએ. ઈશ્વરપિતા તેમને આવનાર વર્ષોમાં સાચવે, નિરોગી, તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય બક્ષે તેવી અમારી તથા સમગ્ર મેરીકુંજ પરિવારની હૃદયના ઊંડાણથી પ્રાર્થના.

**શુભેચ્છાઓ સાથે પત્ની : ગીતાબેન એમ. મેકવાન**

| | |
|---|---|
| મિલાપ - જ્યોત્સના (પુત્ર-પુત્રવધુ) | ગ્રાન્ડ ચિલ્ડ્રન |
| રાકેશ - મનીષા (પુત્ર-પુત્રવધુ) | ઝીલ, નીલ, તરંગ |
| જ્યોતિકા - સુરેશ (દીકરી-જમાઈ) | અપૂર્વ, રોમિલ |

**સરનામું :** *૩-અભિલાષા સોસાયટી, ન્યુ સમારોડ, વડોદરા - ૨૪,* **મો. ૯૪૨૭૦૫૪૯૭૭**

# દિવ્યદયાની નવ શુક્રવારની નોવેના ભક્તિ મહોત્સવ અને દિવ્યદયા પર્વની ઉજવણી

દિવ્યદયાના પર્વની ઉજવણીની પૂર્વ તૈયારી અંતર્ગત નવ શુક્રવાર દિવ્યદયાની નોવેના ભક્તિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જે આપણા સૌ માટે દિવ્યદયાની અસીમકૃપાની ભેટ બનશે. નવ શુક્રવાર દિવ્યદયાની નોવેના ભક્તિ મહોત્સવમાં સહભાગી થવા આપ સૌને વિનંતી સહ નિમંત્રણ છે.

**નવ શુક્રવારની દિવ્યદયાની નોવેના ભક્તિ મહોત્સવનો કાર્યક્રમ પ્રથમ શુક્રવારની જેમ જ રહેશે.**

| તારીખ અને વાર | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| તા. ૦૧-૦૩-૨૦૧૯ નોવેનાનો પ્રથમ શુક્રવાર | સવારે ૦૭:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| | બપોરે ૦૧:૪૫ કલાકે | ખ્રિસ્તયજ્ઞ |
| | બપોરે ૦૩:૦૦ કલાકે | આરાધના અને નોવેના |
| | સાંજે ૦૬:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| તા. ૦૮-૦૩-૨૦૧૯ નોવેનાનો બીજો શુક્રવાર | સવારે ૦૬:૩૦ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | સવારે ૦૭:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| | બપોરે ૦૧:૧૫ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | બપોરે ૦૧:૪૫ કલાકે | ખ્રિસ્તયજ્ઞ |
| | બપોરે ૦૩:૦૦ કલાકે | આરાધના અને નોવેના |
| | સાંજે ૦૬:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ, નોવેના અને ક્રૂસના માર્ગની ભક્તિ |
| તા. ૧૫-૦૩-૨૦૧૯ નોવેનાનો ત્રીજો શુક્રવાર | સવારે ૦૬:૦૦ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | સવારે ૦૭:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| | બપોરે ૦૧:૧૫ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | બપોરે ૦૧:૪૫ કલાકે | ખ્રિસ્તયજ્ઞ |
| | બપોરે ૦૩:૦૦ કલાકે | આરાધના અને નોવેના |
| | સાંજે ૦૬:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ, નોવેના અને ક્રૂસના માર્ગની ભક્તિ |
| તા. ૨૨-૦૩-૨૦૧૯ નોવેનાનો ચોથો શુક્રવાર | સવારે ૦૬:૩૦ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | સવારે ૦૭:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| | બપોરે ૦૧:૧૫ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | બપોરે ૦૧:૪૫ કલાકે | ખ્રિસ્તયજ્ઞ |
| | બપોરે ૦૩:૦૦ કલાકે | આરાધના અને નોવેના |
| | સાંજે ૦૬:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ, નોવેના અને ક્રૂસના માર્ગની ભક્તિ |
| તા. ૨૯-૦૩-૨૦૧૯ નોવેનાનો પાંચમો શુક્રવાર | સવારે ૦૬:૩૦ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | સવારે ૦૭:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| | બપોરે ૦૧:૧૫ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | બપોરે ૦૧:૪૫ કલાકે | ખ્રિસ્તયજ્ઞ |
| | બપોરે ૦૩:૦૦ કલાકે | આરાધના અને નોવેના |
| | સાંજે ૦૬:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ, નોવેના અને ક્રૂસના માર્ગની ભક્તિ |
| તા. ૦૫-૦૪-૨૦૧૯ નોવેનાનો છઠ્ઠો શુક્રવાર | સવારે ૦૬:૩૦ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | સવારે ૦૭:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| | બપોરે ૦૧:૧૫ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | બપોરે ૦૧:૪૫ કલાકે | ખ્રિસ્તયજ્ઞ |
| | બપોરે ૦૩:૦૦ કલાકે | આરાધના અને નોવેના |
| | સાંજે ૦૬:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ, નોવેના અને ક્રૂસના માર્ગની ભક્તિ |
| તા. ૧૨-૦૪-૨૦૧૯ નોવેનાનો સાતમો શુક્રવાર | સવારે ૦૬:૩૦ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | સવારે ૦૭:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| | બપોરે ૦૧:૧૫ કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | બપોરે ૦૧:૪૫ કલાકે | ખ્રિસ્તયજ્ઞ |
| | બપોરે ૦૩:૦૦ કલાકે | આરાધના અને નોવેના |
| | સાંજે ૦૬:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ, નોવેના અને ક્રૂસના માર્ગની ભક્તિ |
| તા.૧૯-૦૪-૧૯ નોવેનાનો આઠમો શુક્રવાર (ગુડ ફ્રાઈડે) | બપોરે ૦૧:૧૫: કલાકે | ક્રૂસના માર્ગની ભક્તિ |
| | બપોરે ૦૨:૦૦ કલાકે | પ્રભુ ઈસુની મહાવ્યથાની પવિત્ર વિધિ અને નોવેના |
| તા. ૨૬-૦૪-૨૦૧૯ નોવેનાનો નવમો શુક્રવાર | સવારે ૦૭:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |
| | બપોરે ૦૧:૪૫ કલાકે | ખ્રિસ્તયજ્ઞ |
| | બપોરે ૦૩:૦૦ કલાકે | આરાધના અને નોવેના |
| | સાંજે ૦૬:૦૦ કલાકે | ખ્રિસ્તયજ્ઞ અને નોવેના |

## દિવ્યદયા પર્વની ઉજવણી - ૨૦૧૯

**તારીખ : ૨૮-૦૪-૨૦૧૯ રવિવાર**


પ્રથમ ખિસ્તયજ્ઞ : સવારે ૦૮:૩૦ કલાકે
બીજો ખિસ્તયજ્ઞ : સવારે ૧૦:૩૦ કલાકે
ત્રીજો ખ્રિસ્તયજ્ઞ : બપોરે ૦૧:૪૫ કલાકે
દિવ્યદયાની આરાધના : બપોરે ૦૩:૦૦ કલાકે
ચોથો ખ્રિસ્તયજ્ઞ : સાંજે ૦૬:૦૦ કલાકે

આવો અનુભવીએ દયાસાગર પ્રભુ ઈસુની અસીમ કૃપાઓ.

**HAPPY FEAST**
**JESUS I TRUST IN YOU**




| Sunday | Monday | Tuesday | Wednesday | Thursday | Friday | Saturday |
|---|---|---|---|---|---|---|



February 2019

| Sunday | Monday | Tuesday | Wednesday | Thursday | Friday | Saturday |
|---|---|---|---|---|---|---|
| 27 | 28 | 29 | 30 | 31 | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 1 | 2 |

### વર્ષનો સહુથી નાનો મહિનો

વહાલા કિશોરમિત્રો, આપ સહુ જાણો છો કે ફેબ્રુઆરી એ વર્ષનો સહુથી નાનો મહિનો હોય છે. લગાતાર ત્રણ વર્ષ ૨૮ દિવસ અને ચોથા વર્ષે ૨૯ દિવસનો મહિનો. કદી વિચાર્યુ કે આમ કેમ ?

પૃથ્વીને સૂર્યની પરિક્રમા કરવામાં ૩૬૫ દિવસ અને ૬ કલાક લાગે છે. ત્રણ વર્ષના છ - છ કલાક ભેગા કરી તેને ચોથા વર્ષમાં ફેબ્રુઆરી માસમાં જોડી દેવામાં આવે છે. આમ ચોથા વર્ષે ફેબ્રુઆરીને એક આખો વધારાનો દિવસ મળે છે અને ૨૯ દિવસનો મહિનો થાય છે. આ ૨૯ દિવસના મહિનાના વર્ષને લિપ વર્ષ કહેવામાં આવે છે.

પરંતુ આપણો સવાલ એ છે કે ફેબ્રુઆરીના ૨૮ કે ૨૯ દિવસ જ કેમ? આના માટે અનેક કિંવદંતીઓ પ્રચલિત છે. આપણું પંચાંગ - કેલેન્ડર - રોમન કેલેન્ડર ગણાય છે. પ્રાચીન કાળમાં આ કેલેન્ડર ફક્ત દસ મહિનાનું હતું. માર્ચથી શરુ કરી ડિસેમ્બર સુધીનું. યુરોપમાં અત્યંત ઠંડી પડતી હોવાથી ખેતીનું કામકાજ બે માસ બંધ જ રહેતું. આથી આ બે મહિના રોમનો માટે નક્કામા હોવાથી તેમણે તેને કેલેન્ડરમાં ગણતરીમાં લીધા જ નહોતા.

રોમન સામ્રાજ્યના બીજા શાસક નુમા પોમ્પીલીઓસે ઈસ્વીસન પૂર્વે ૭૧૩માં જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાઓ કેલેન્ડરમાં ઉમેર્યા. નુમાએ ચંદ્રની પરિક્રમા પ્રમાણે કેલેન્ડર બનાવડાવ્યું. એ કાળમાં ચંદ્ર વર્ષ ૩૫૪ દિવસનું હતું. નુમાએ ડિસેમ્બર પછી બે મહિના, જાન્યુઆરી અને ફેબ્રુઆરી જોડી બચેલા ૫૬ દિવસો સરખા ભાગે જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં રાખ્યા. આથી આ બને મહિનાઓ ૨૮ - ૨૮ દિવસના હતા. પુરાતન કાળમાં રોમનો ૨૮ના અંકને અશુભ માનતા હોવાથી નુમાએ જાન્યુઆરીમાં એક વધારાનો દિવસ જોડી ૨૯ દિવસનો કરી નાખ્યો અને વર્ષ બન્યું ૩૫૫ દિવસનું. પરંતુ આનાથી સમસ્યાનો ઉકેલ ન આવ્યો કારણ મોસમનો બદલાવ તો સૂર્યચક્ર આધારિત છે નહિ કે ચંદ્ર આધારિત, જ્યારે નુમાનું કેલેન્ડર તો ચંદ્ર આધારિત હતું.

રોમના પ્રસિદ્ધ શાસક જુલિયસ સિઝરે ઈસ્વીસન પૂર્વે ૪૫માં વિદ્વાનોને પ્રાચીન મિસરના પંચાંગની જેમ નવું કેલેન્ડર સૂર્ય આધારિત બનાવવા આદેશ આપ્યો. નવા પંચાંગમાં જુલિયસ સિઝરે પ્રતિ વર્ષ ૧૦ દિવસો ઉમેર્યા. આમ વર્ષ ૩૬૫ દિવસનું બન્યું; અને દર ચોથા વર્ષે અગિયાર દિવસો જોડ્યા જેથી તે વર્ષ ૩૬૬ દિવસનું બન્યું. અને આમ ત્યારથી ફેબ્રુઆરી ૨૮ કે પછી દર ચોથા વર્ષે ૨૯ દિવસનો મહિનો ગણાય છે.




## ૨૮ ફેબ્રુઆરી : રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

સર સી.વી. રામન ભારતના મહાન વૈજ્ઞાનિક ગણાય છે. ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮ના દિવસે તેમણે પોતાની શોધ 'રામન ઇફેક્ટ' ને દુનિયા સમક્ષ જાહેર કરી હતી. સર સી.વી. રામને બિલોરી કાચમાંથી પ્રકાશનું કિરણ પસાર કરી જોયું. એમણે શોધી કાઢ્યું કે પ્રકાશનું કિરણ સાત રંગનું બનેલું છે. પારદર્શક પ્રવાહીમાંથી પણ પ્રકાશનું કિરણ પસાર કરી જોયું, તો એમને જુદાં જુદાં રંગની રેખાઓ દેખાઇ. આ સંશોધનને એમણે 'રામન ઈફેક્ટ' નામ આપ્યું. આ શોધ માટે તેમને વર્ષ ૧૯૩૦માં નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું. તેમની આ સિદ્ધિ માટે જ ૨૮ ફેબ્રુઆરીનો દિવસ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિન' તરીકે ઉજવવામાં આવે છે.

સર સી. વી. રામન (ડો. ચંદ્રશેખર વેંકટરામન)નો જન્મ ૭ નવેમ્બર ૧૮૮૮ના રોજ તામિલનાડુ રાજ્યના તિરુચીલાપલ્લી ખાતે થયો હતા. રામનના પિતાજી પણ ભૌતિક વિજ્ઞાનમાં સ્નાતક હતાં. આમ રામનને ભૌતિક વિજ્ઞાનનો વારસો બાળપણથી જ મળ્યો હતો એમ કહી શકાય. અગિયાર વર્ષની બાળ ઉંમરે રામને મેટ્રિકની પરીક્ષા સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંકે પાસ કરી હતી ! ઉચ્ચ અભ્યાસ માટે ૧૯૦૨માં ચેન્નઇની જાણીતી પ્રેસિડન્સી કોલેજમાં જોડાયા. આ કોલેજમાં અંગ્રેજી વિષયના પ્રોફેસર ઇલિયટ હતા. કિશોર આયુના આ નાનકડા વિદ્યાર્થીને જોતાં જ તેઓ બોલી ઊઠ્યા, 'બાબા, તારી ઉંમર કેટલી?' રામને જયારે જવાબમાં ૧૩ વર્ષ કહ્યું ત્યારે પ્રોફેસર ઇલિયટના આશ્ચર્યનો પાર ન રહ્યો !

૧૯૦૪માં બી.એસ.સી.ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાનના વિષય સાથે કોલેજમાં રામન પ્રથમ નંબરે પાસ થયા. આ માટે તેમને સુવર્ણચંદ્રક મળ્યો. અહીં જ તેમણે પ્રિય વિષય ભૌતિક વિજ્ઞાન સાથે એમ.એસ.સી.નો અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસની સાથો સાથ તેઓ આપમેળે જ કોલેજમાં પ્રયોગો કરતા હતા. આ પ્રયોગોના પરિણામે એમણે પ્રકાશના વિવર્તન અંગે સંશોધન કર્યું. એમાં એમને સફળતા પણ મળી. રામને આ શોધના આધારે લેખ તૈયાર કર્યો અને લંડનના એક સંશોધન સામિયકમાં છપાવા મોકલ્યો. આ લેખ સ્વીકારાયો અને નવેમ્બર ૧૯૦૬ના અંકમાં છપાયો. ત્યાર પછી રામને ત્રિપાર્શ્વ કાચનો પ્રયોગ હાથમાં લીધો. આ પ્રયોગ કરતાં કરતાં એમણે વિશિષ્ટ પ્રકારના પ્રકાશની શોધ કરી. આ રીતે રામને અનેક સિદ્ધિ હાંસલ કરી. તેમના ઘણા સંશોધન લેખ પ્રગટ થયા. કોલકાતા યુનિવર્સિટીમાં રામનની ભૌતિક વિજ્ઞાનના પ્રોફેસર તરીકે નિમણૂક થઈ. સોળ વર્ષ કોલકાતા યુનિવર્સિટીમાં સેવા આપ્યા બાદ તેઓ બેંગલુરુમાં 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ'માં ભૌતિક વિજ્ઞાનના પ્રોફેસર તરીકે જોડાયા. છેલ્લે તેમણે 'રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'માં સેવા આપી હતી. ઇ.સ.૧૯૬૪ માં એમને 'ભારતરત્ન'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો. પોતાના જીવનકાળ દરમિયાન સર રામને ૪૬૫ જેટલા સંશોધનો રજૂ કર્યાં. ધ્વનિ, પ્રકાશ, રંગ, ખનીજ, ફૂલોના રંગો જેવી બાબતોમાં એમનું અમૂલ્ય યોગદાન છે. ફક્ત ભારતના જ નહિ પરંતુ વિશ્વના મહાન વૈજ્ઞાનિક એવા સર સી.વી. રામનનું ૨૧ નવેમ્બર ૧૯૭૦માં બેંગલુરુ ખાતે નિધન થયું.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો મૂળ હેતુ યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમ જ પ્રોત્સાહિત કરવા અને સામાન્ય જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો છે. આ દિવસે બધી વિજ્ઞાન સંસ્થાઓ, વિજ્ઞાન પ્રયોગશાળાઓ, વિજ્ઞાન અકાદમીઓ, શાળા, કોલેજ અને તાલીમ સંસ્થાઓ ખાતે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ સંબંધિત કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. વૈજ્ઞાનિકોનાં વકતવ્યો, નિબંધ, લેખન, વિજ્ઞાન પ્રશ્નોત્તરી, વિજ્ઞાન પ્રદર્શન, સેમિનાર અને પરિસંવાદ વગેરેનું આયોજન કરવામાં આવે છે. વિજ્ઞાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે રાષ્ટ્રીય અને અન્ય પુરસ્કારો પ્રદાન કરવામાં આવે છે.

**મીણબત્તી અને અગરબત્તી**



એક ઓરડામાં મીણબત્તીનો પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. એ જ ઓરડામાં એક ખૂણામાં અગરબત્તી પણ ચૂપચાપ સળગી રહી હતી.

અગરબત્તીને જોઈને મીણબત્તીને અભિમાન થયું...તેણે તિરસ્કાર પૂર્વક અગરબત્તીને કહ્યું, “જો, હું કેટલી ભાગ્યશાળી છું. ચારે તરફ મારો પ્રકાશ કેવો ઝગમગી રહ્યો છે. બધાની નજર મારી સામે જ મંડાયેલી રહે છે...”

અગરબત્તીએ નમ્રતાથી કહ્યું, ‘બહેન તારી વાત સાચી પણ મુશ્કેલીના સમયે સાહસપૂર્વક ટકી રહેવું પણ જરૂરી છે. સાચી પરીક્ષા મુશ્કેલીમાં જ થતી હોય છે...’

પરંતુ મીણબત્તી પોતાના ચમકતા પ્રકાશની મસ્તીમાં મસ્ત હતી. એણે અગરબત્તીની વાત હસી કાઢી.

એટલામાં પવનનો જોરદાર સપાટો આવ્યો. એક જ ઝપાટામાં મીણબત્તી બુઝાઈ ગઈ. પરંતુ અગરબત્તી હજુ પણ સળગતી હતી. તેણે પોતાની પ્રખરતા વધારી દીધી અને વધુ તીવ્રતાથી તેની સુવાસની ફોરમ ચોતરફ પ્રસરી ગઇ.

હજુ સુધી મૌન રહેલા ઓરડાના અવકાશે હવે કહ્યું, ‘હવાનો સપાટો  જેના અસ્તિત્વને ખતમ કરી દે એવી ચમક શું કામની?’

**સાર : પોતાની પાસે જે શક્તિ હોય તેનો અહંકાર ક્યારેય કરવો નહિ. બીજાને આપણે કેટલા ઉપયોગી બનીએ છીએ તે અત્યંત મહત્ત્વનું છે...**

**અજબ ચમત્કાર : બહેરા-મૂંગાને સાજો કર્યો**

એક વખતે ઈસુ ગાલીલ સરોવર પાસે પહોંચ્યા. લોકોની ભીડ તો હતી જ. ઘણા લોકો ઈસુ પાસે બીમાર, રોગી, અપંગ, વગેરેને લઈને આવતા. ઈસુ પણ પ્રેમપૂર્વક, સહાનુભૂતિથી બધાંને સજા કરતા.

લોકો એક બહેરા - મૂંગા માણસને લઈને ઈસુ પાસે આવ્યા અને તેના માથે હાથ મૂકવા ઈસુને વિનંતી કરી. ઈસુ તે વ્યક્તિને લોકોના ટોળાથી થોડે દૂર લઇ ગયા. તેના બંને કાનમાં પોતાની આંગળીઓ ખોસી અને તેની જીભ પર પોતાની જીભ અડાડી. પછી ઉપર આકાશ તરફ જોઈ ઈસુ બોલ્યા,

‘એફ્ફાથા’. એનો મતલબ - ‘ખુલી જા...’ અને પેલા માણસની જીભ ખુલી ગઈ. તે બોલવા લાગ્યો. તેના કાન પણ ખુલી ગયા અને તેને બધું સંભળાવા લાગ્યું. ઈસુએ લોકોને આ વાત કોઈને ના કહેવા તાકીદ કરી. પરંતુ લોકો તો ચારે કોર આ વાત કહેવા લાગ્યા કારણ તેમના આશ્ચર્યનો પર રહ્યો ન હતો. તેમણે પહેલાં કદી આવો ચમત્કાર જોયો કે સાંભળ્યો ના હતો.

**પ્રવૃત્તિ : (૧) આ પ્રસંગ વાંચો - માર્ક ૯ : ૩૧ -૩૭**



**અહીં આપેલ આ કથાના ચિત્રમાં સુંદર રંગ ભરો.**

## ઇસુસંઘી સંત કથા શ્રેણી : ગોવાના શહીદો

આપણા દેશના ગોવા રાજ્યમાં ખ્રિસ્તી ધર્મનો સારો ફેલાવો જોઈ શકાય છે. મહાન મિશનરી સંત ફ્રાન્સિસ ઝેવિયરે અહીં ખ્રિસ્તી ધર્મનો પાયો નાખ્યો હતો. સાથે સાથે ધર્મગુરુઓએ અનેક મુશ્કેલીઓ વેઠી શુભસંદેશનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. ૧૫૫૦ અને ૧૫૭૮ માં બીજાપુરના સૈન્યે અહીં આતંક ફેલાવી અસંખ્ય દેવળોનો નાશ કર્યો હતો. ૧૫૭૯માં શાંતિ સમજૂતી કરાર થયો. પરંતુ તે પછી પણ ભાંગફોડ ચાલુ રહી. આવા દહેશતભર્યા સમયમાં ઇસુસંઘી ફાધર રુડોલ્ફ ૧૫૮૩માં મુગલ રાજા અકબરના ન્યાયાલય ફતેહપુર સિક્રીથી ગોવા પરત ફર્યા. ૨૫ જુલાઈના રોજ, બીજા ચાર ઇસુસંઘી પુરોહિતોઓ સાથે કુંકોલિમ ખાતે એક નૂતન દેવળની સ્થાપના માટે ક્રૂસની સ્થાપના કરતા હતા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો. ફાધર રુડોલ્ફ, ફાધર એલ્ફોન્સસ પેચીકો, ફાધર એન્થોની ફ્રાન્સિસ્કો અને ફાધર પીટર બરનો - ચારે પુરોહિતોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા. મોતની વેળાએ આ બધા ઈશ્વરની સ્તુતિ કરતા રહ્યા. પાંચમા સાથી ફાધર ફ્રાન્સિસ આરાના પર પણ હુમલો કરવામાં આવ્યો. તેઓ ઘાયલ થઇ ડાંગરના ખેતરમાં ઢળી પડ્યા. બીજે દિવસે તેઓ જીવતા મળી આવ્યા. વિધર્મીઓએ તેમને બીજા ધર્મની મૂર્તિપૂજા કરવા આદેશ આપ્યો. ફાધર આરાનાએ તેમનો આદેશ માનવા નકાર ભણ્યો એટલે તેમને પણ મારી નાખવામાં આવ્યા. પાંચે પાંચ પુરોહિતોનાં મૃતદેહને એક કુવામાં ફેંકી દેવામાં આવ્યા. બે દિવસ પછી તેમના શરીરની ભાળ મળી અને ગોવામાં રાખોલ ખાતેના દેવળમાં વિધિપૂર્વક તેમને દફનાવવામાં આવ્યા.



**અકબરના દરબારમાં પુનિત ફાધર રુડોલ્ફ**



નોંધ : મશહૂર કવિ પ્રદીપ (રામચંદ્ર નારાયણ દ્વિવેદી) જેમણે દેશભક્તિના અનેક ગીતો રચ્યા છે તેમની જન્મ જયંતી ૬ ફેબ્રુઆરીના રોજ તેમને યાદ કરતાં તેમની અત્યંત પ્રસિદ્ધ કૃતિની ચંદ પંક્તિઓ અહીં રજૂ કરીએ છીએ.

## ચિંતન પુષ્પ

ऐ मेरे वतन के लोगों तुम खूब लगा लो नारा
ये शुभ दिन है हम सब का पहरा लो तिरंगा प्यारा
पर मत भूलो सीमा पर वीरों ने है प्राण गँवाए
कुछ याद उन्हें भी कर लो – २ जो लौट के घर न आये – २

ऐ मेरे वतन के लोगों जरा आंख में भर लो पानी
जो शहीद हुए हैं उनकी जरा याद करो कुरबानी

રાજેશ ક્રિશ્ચિયન (ર) ૯૪૨૬૫ ૮૪૦૨૮
Email : rajesh.christian@yahoo.co.in

પધારો... જાહેર આમંત્રણ... પધારો...

'જ્યારે તે સત્યસ્વરૂપ આત્મા આવશે ત્યારે તે તમને સમગ્ર સત્યને માર્ગે દોરી જશે.' *(યોહાન ૧૬:૧૩)*

**નૂતન પવિત્ર આત્મા દેવાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારો...**
**બાળ ઈસુ ધામ-લીમડાપુરા ધર્મવિભાગ આપને આવકારે છે.**



**ઉદ્‌ઘાટક :**

**ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી**

(અમદાવાદ ધર્મપ્રાંત)

**તારીખ :** ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૯, રવિવાર

**સમય :** બપોરે ૩:૦૦ કલાકે

**લિ.**

**લીમડાપુરા ધર્મવિભાગના પુરોહિતગણ, સાધ્વી બહેનો, ધર્મસેવા સમિતિ અને સર્વ શ્રદ્ધાળુઓ**

---

## કરુણામયી માતા
## આધ્યાત્મિક કેન્દ્ર - નગરા





Karunamayi Mata, Spirituality Centre, Nagra - 388 620,
Ta. Khambhat, Dt. Anand, Phone Landline : 02698 223256

**તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૯ આરાધના**
**ફાધર જીમી ડાભી એસ.જે. દ્વારા ચલાવવામાં આવશે.**
**અમૂલ્ય શ્રદ્ધા - આપણો વારસો**

| આરાધના રિટ્રીટ નવલા રૂપમાં | |
|---|---|
| રાત્રિ આરાધના<br>દર મહિનાના ત્રીજા શનિવારે<br>રાત્રે ૧૦:૦૦ થી સવારના ૪:૦૦ સુધી | રિટ્રીટ<br>દર મહિનાના ચોથા અઠવાડિયે<br>શુક્રવાર સાંજથી રવિવાર બપોર સુધી |
| ફેબ્રુઆરી ૨૦૧૯<br>તા. ૧૬ | ફેબ્રુઆરી ૨૦૧૯<br>તા. ૨૨ સાંજથી તા. ૨૪ બપોર સુધી |
| આરાધના માટે દૂરથી આવનાર વ્યક્તિઓ માટે સાંજે જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. સંખ્યા અગાઉથી જણાવવા વિનંતી. | |
| (વિના મૂલ્યે આરાધના - રિટ્રીટ ચલાવવામાં આવશે. સૌ કોઈને ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે. દરેકની ક્ષમતા મુજબ દાન સ્વીકારવામાં આવશે.) | |

**ફાધર ઈગ્નાસ કાનિસ એસ.જે.**

**ફાધર ડેનિયેલ આરોગ્યદાસ એસ.જે.**
**મો. ૮૮૪૯૦૧૦૩૧૭**
**નગરા જેસ્યુટ પરિવાર**

**સિસ્ટર જ્યોતિકા એલ.ડી.**
**મો. ૯૭૧૪૧ ૩૬૪૫૭**
**અને મંગલ જ્યોત કમ્યુનિટી, નગરા**

**કરુણામયી માતા આધ્યાત્મિક કેન્દ્ર,**
**નગરા - ૩૮૮ ૬૨૦ તા. ખંભાત, જિ. આણંદ**



# પ્રેમભરી સેવાર્થે પુરોહિતદીક્ષા

✍ ફાધર એન્થોની પિચ્ચાઈ વેદમ એસ.જે.

*નિયામક ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ અને મેનેજર આણંદ પ્રેસ, આણંદ*

ગુજરાત ઈસુસંઘ માટે આ વર્ષે નાતાલ-સપ્તાહ વિશેષ ઉત્સાહ-ઉજવણીનું રહ્યું, ડીકન યોવાન સેબાસ્તિયન, ડીકન સુધીર બેક અને ડીકન સુધાકર દવામણિની પુરોહિત દીક્ષા સંપન્ન થઈ. ત્રણેય નવોદિત ઈસુસંઘી પુરોહિતને દીક્ષા પ્રદાન કરનાર ધર્માધિકારીએ ધર્મસભામાં તેમની ભૂમિકા અને જવાબદારી અંગે સભાન કર્યા હતા અને પુરોહિતપદ થકી પરમેશ્વર અને તેની પ્રજાની સંપૂર્ણ સમર્પણ સાથે સેવા કરવા અનુરોધ કર્યો હતો. દીક્ષાના અંતે આયોજિત સત્કાર સમારંભ અને સમૂહભોજન થકી સૌ પ્રેમના સંબંધમાં સમૃદ્ધ થયાં હતાં.



ડિકન યોવાનની પુરોહિત દીક્ષા ૨૭ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ સંત જોસફ મહાદેવાલય ડિન્ડિગુલ તમિલનાડુ ખાતે ધર્માધ્યક્ષ થોમસ પોલસામીના હસ્તે થઈ હતી. તેમણે ઉપદેશ આપતાં પ્રભુનાં પ્રેમ, શાંતિ અને બંધુત્વના સાક્ષી બનવા તથા સારાં તેડાં પાકે તે માટે સતત પ્રાર્થના કરવા આગ્રહ કર્યો હતો. ફાધર યોવાને એ જ દિવસે મહાદેવાલયમાં આભારયજ્ઞ અર્પણ કર્યો હતો. ફાધરનાં માબાપ, સ્વજનો અને આમંત્રિતો તમામ માટે પુરોહિતદીક્ષાનો આ અવસર અવિસ્મરણીય અનુભવ રહ્યો હતો.




ડીકન સુધીર બેકની પુરોહિતદીક્ષા, અવર લેડી ઓફ રોસરી મહાદેવાલય - કુનકુરી ખાતે જશપુરના ધર્માધ્યક્ષ ઈમાનુએલ કોરકેન્તાના વરદ હસ્તે ૨૯ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ સંપન્ન થઈ હતી. ફાધર સુધીર, આ ગામના પ્રથમ ઈસુસંઘી પુરોહિત હોવાને કારણે ગ્રામજનો માટે આનંદનો અવસર હતો. અંદાજે ત્રણેક હજાર લોકોએ હાજરી આપી હતી. ફાધર ચાર્લ્સ કિસપોન્તા, ફાધર સંજય હોરો અને ફાધર પત્રાસ મુન્ડુએ ગુજરાત ઈસુસંઘનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો હતો. ફાધરે ૩૦ ડિસેમ્બરે ગામમાં જ પ્રથમ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને ગામજનોને આશીર્વાદ આપ્યા હતા.

ડીકન સુધાકર દવામણીની પુરોહિતદીક્ષા સેન્ટ જોસફ ધર્મવિભાગ માંડલ(દક્ષિણ ગુજરાત)માં ૨૧ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ પૂર્વ મહાધર્માધ્યક્ષ ગાંધીનગર મહાધર્મપ્રાંત અને હાલમાં વડોદરા ધર્મપ્રાંતના પ્રૈષિતિક વહીવટકર્તા પરમ આદરણીય સ્તાનિસલાઉસ ફર્નાન્ડીઝ



એસ.જે.ના વરદ્ હસ્તે થઈ હતી જેમાં ગુજરાત ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ પૂજ્ય ફાધર ફ્રાન્સિસ પરમાર એસ.જે., બહોળી સંખ્યામાં ઈસુસંઘીઓ, અન્ય પુરોહિતગણ, સાધ્વીબેનો તથા સેંકડો ધર્મજનો ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર દીક્ષાવિધિની સમજ ગુજરાતી તથા ગામીત ભાષામાં ફાધર રેમન્ડ ચૌહાણ એસ.જે. એ પૂરી પાડી હતી. ફાધર કિશોર અને માંડલ ઈસુસંઘી સમુદાયે દીક્ષાની ઉજવણીમાં કોઈ કમી રહેવા દીધી ન હતી.



ડીકન વિપુલ પરમારની પુરોહિત દીક્ષા સંત ઉર્સુલા સ્કૂલ પટાંગણ - ડભાણ (નડિયાદ) ખાતે ૧૯ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ પરમ પૂજ્ય રત્નાસ્વામીના હસ્તે થઈ હતી. સ્વ. પીટરભાઈ અને લલિતાબેનના સાત સંતાનોમાં સૌથી નાના પુત્ર વિપુલે માતર હાકલ શિબિરમાં સંત ઈગ્નાસના જીવનમાંથી પ્રેરણા મેળવી ઈસુસંઘમાં જોડાવાનો નિર્ધાર કર્યો. અનુસ્તાનકની પદવી બાદ ઈસુસંઘમાં ઉમેદવાર તરીકે જોડાયા, ધર્મપરાયણ માબાપના સંસ્કાર અને ભાઈબહેનોના શ્રદ્ધામય સંગમાં હાકલ પરિપક્વ બની અને છેવટે દીક્ષામાં પરીણમી. સંગીત અને પર્યાવરણ પ્રેમી ફાધર વિપુલને પ્રેમવંચિત લોકોની સેવામાં જીવન ખર્ચી નાખવાની ઉમ્મીદ છે.

આર.સી. મિશન શાળા પટાંગણ - ડભાણથી ભવ્ય સરઘસથી દીક્ષા વિધિનો આરંભ થયો. ગામની બહેનોના ગરબાની રમઝટે સરઘસને જીવંત બનાવ્યું હતું. સમગ્ર વિધિની ઉદ્‌ઘોષણા નડિયાદના પનોતાપુત્ર અને ‘ગુર્જરવાણી’-અમદાવાદના નિયામક ફાધર અશોક વાઘેલા એસ. જે. એ કરી હતી. આ પ્રસંગે ઈસુસંઘ ગુજરાતના પ્રાન્તાધ્યક્ષ પૂજ્ય ફાધર ફ્રાન્સિસ પરમાર એસ.જે., ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચના સભાપુરોહિત ફાધર કે. ટોની, મોટી સંખ્યામાં ઈસુસંઘી અને ધર્મપ્રાંતીય પુરોહિતગણ, વિશાળ સંખ્યામાં સાધ્વીબેનો અને સંખ્યાબંધ ધર્મજનો ઉપસ્થિત રહ્યાં હતાં અને પુરોહિતદીક્ષા વિધિને દીપાવી હતી.

દીક્ષાવિધિ બાદ નવદિક્ષીત ફાધર વિપુલ અને ધર્માધ્યક્ષશ્રીનું, ફાધરનાં પરિવારજનો, ધર્મવિભાગનાં વિવિધ મંડળો તથા સગાંવ્હાલાંએ સન્માન કર્યું હતું.

*અનુસંધાન પાન નં. ૩૫ પર જુઓ...*



# પંચાયતીરાજ પર્વ

✍ પ્રા. ડૉ. રોમાન ભાટિયા

*મેનેજિંગ ટ્રસ્ટી, સુરચના ટ્રસ્ટ સુરત અને પ્રાધ્યાપક (નિ.) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત*

આપણા દેશમાં ગામડાં, તાલુકા તથા જિલ્લા કક્ષાએ કાર્યરત ત્રિસ્તરી પંચાયત વ્યવસ્થાની પ્રેરણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તરફથી મળી હતી. 'ગ્રામ સ્વરાજ' તરીકે વિશિષ્ટ ઓળખ ધરાવતી વ્યવસ્થાનો વિચાર સૌ પ્રથમ ગાંધીજીએ વહેતો મૂક્યો હતો.

ભારત સરકાર દ્વારા ૧૯૫૨માં સમુદાયિક વિકાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત થયેલી કામગીરીનું મૂલ્યાંકન કરી ભાવિ આયોજન અંગે સૂચનો કરવા માટે જાન્યુઆરી - ૧૯૫૭ માં સંસદસભ્ય બળવંતરાય મહેતાના અધ્યક્ષપદે સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિની ભલામણોના આધારે ૧૯૫૮ માં ભારતભરમાં પંચાયતી વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ગ્રામ્ય સ્વરાજની સંસ્થાઓ તરીકે જાણીતી પંચાયત વ્યવસ્થામાં આપણા દેશમાં હાલ ૨.૫૧ લાખ પંચાયત કાર્યરત છે, જેમાં ગ્રામ્ય કક્ષાએ ૨.૩૯ લાખ પંચાયત, તાલુકા કક્ષાએ ૬૯૦૪ પંચાયત તથા જિલ્લા કક્ષાએ ૫૮૯ પંચાયતનો સમાવેશ કરવામાં આવે છે. આજે ભારતભરમાં ૨૭ લાખ પંચાયત સભ્યો છે. ૧૯૯૨ નું વર્ષ પંચાયત વ્યવસ્થા માટે ઐતિહાસિક વર્ષ બની રહ્યું હતું. આ વર્ષે ભારતીય બંધારણમાં ૭૩ મા બંધારણીય સુધારા દ્વારા ગ્રામ્ય, તાલુકા તથા જિલ્લા કક્ષાની પંચાયત વ્યવસ્થાને સ્વાયત અને સ્વતંત્ર સંસ્થા ગણી બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો હતો. ૨૪ મી એપ્રિલ-૧૯૯૩ ના રોજ વિધિવત રીતે તેનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો. પંચાયતી રાજ વ્યવસ્થા અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની પંચાયતને ગામના સામાન્ય વહીવટ ઉપરાંત જાહેર રસ્તા, પીવાના પાણીની સુવિધા, સ્વાસ્થ્યની સુવિધાઓ ઊભી કરવા અને કૃષિક્ષેત્ર, શિક્ષણ, સમાજ કલ્યાણ તથા પશુપાલનને લગતાં વિવિધ કામ સોંપવામાં આવ્યાં છે, જે અંતર્ગત ગામડામાં પ્રાથમિક શાળા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ કરવો.

- પીવાનું પાણી, ગટર વ્યવસ્થા તથા રોડ-રસ્તા બનાવવા.
- નાના-લઘુ, ગ્રામિણ, કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપી પીઠબળ પૂરું પાડવું.
- સહકારી સંસ્થાઓ શરૂ કરી તેની પ્રવૃત્તિઓને વેગ આપવો.
- ગ્રામ્ય કક્ષાએ ગ્રામીણ યુવક-યુવતીઓ માટે વિવિધ સંસ્થાઓ અને કાર્યક્રમનું આયોજન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

ગામડાના લોકો માટે, તેમના દ્વારા તેમની જ સ્વતંત્ર સ્વાયત સંસ્થા પંચાયત વ્યવસ્થાના ઈતિહાસમાં ૨૭ મી ઓગસ્ટ ૨૦૦૯ ના વર્ષમાં મહિલાઓને ૫૦ ટકા બેઠકો અનામત રાખીને ભારતમાં મહિલા સશક્તિકરણની દિશામાં મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

પંચાયત વ્યવસ્થામાં વિકાસકાર્યો હાથ ધરવા માટે કેન્દ્રીય નાણાપંચ દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. તદ્ઉપરાંત કેન્દ્ર સરકારની વિકાસ યોજનાઓ અંતર્ગત પણ નાણાં આપવામાં આવે છે, અને જે તે રાજ્યના નાણાંપંચની ભલામણો અન્વયે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે.

૧૪ મા નાણાંપંચ દ્વારા પંચાયતને વિકાસ કાર્યો માટે વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ના પાંચ વર્ષના ગાળા માટે ભારત સરકાર દ્વારા રૂા. ૨ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

આપણા દેશમાં રાજસ્થાનના નાગોર જિલ્લામાં ૨ જી ઓક્ટોબર ૧૯૫૯ ગાંધીજયંતીના દિવસે પંચાયતી રાજ વ્યવસ્થાનો વિધિવત પ્રારંભ થયો હતો. ગ્રામ્ય વિકાસક્ષેત્રે પંચાયત દ્વારા અનેકવિધ કામગીરી કરવામાં આવી છે. સાથે સાથે સાઈઠ વર્ષોની આ સફરમાં અનેક ત્રુટિઓ, ખામીઓ તથા મર્યાદાઓ જોવા મળી છે. જેમ કે,

- ત્રિસ્તરીય પંચાયત વ્યવસ્થામાં કરવામાં આવતી કામગીરીની ફાળવણી અવૈજ્ઞાનિક રીતે કરવામાં આવી છે, જેથી કામગીરી અરસપરસ બેવડાય છે. એક જ પ્રકારની કામગીરી ગ્રામ્ય તથા તાલુકા કક્ષાએથી કરવામાં આવતી જોવા મળે છે.

- ગ્રામ્ય, તાલુકા તથા જિલ્લા કક્ષાની પંચાયતોએ એકબીજાને સહયોગી થવાનું છે. તેના બદલે જિલ્લા પંચાયત પોતાને તાલુકા પંચાયતોથી તથા તાલુકા પંચાયત પોતાને ગ્રામ પંચાયતથી ઉપરની વ્યવસ્થા માને છે, જે એકબીજાને આદેશ આપી ને તેમના આદેશ મુજબ કામગીરી કરવાનો આગ્રહ રાખે છે.

- પંચાયતી વ્યવસ્થા મૂળભૂત રીતે સરકારની નાણાકીય સહાય પર નિર્ભર છે. પંચાયત સ્થાનિક મર્યાદિત પ્રમાણમાં નાણાં ઊભા કરી શકે છે. પરંતુ ઘણી પંચાયતના પદાધિકારીઓએ પોતાની લોકપ્રિયતા ગુમાવવાના ભયે બને ત્યાં સુધી ઓછામાં ઓછું ભારણ લોકો પર પડે તેવું ઈચ્છતા હોય છે, તેથી પંચાયતને નાણાકીય સંસાધનોની સતત ખેંચ રહેતી હોય છે.

- પંચાયતી વ્યવસ્થાનું સંચાલન ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા સરકારી અધિકારીઓ દ્વારા થતું હોય છે. ઘણીવાર સરકારી અધિકારીઓ લોકપ્રતિનિધિઓનું સાંભળતા હોતા નથી. તેમનું તુમાખીભર્યું વર્તન તથા વલણને કારણે ઘણી યોજનાઓ ખોરંભે પડે છે.

*અનુસંધાન પાન નં. ૩૫ પર જુઓ...*



# ઈચ્છામૃત્યુ કે જીવન !

**નવલિકા**

✍ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન

*કવિ અને લેખક તેમજ ‘દૂત’ ચંદ્રક વિજેતા*

ફળિયાના રસ્તે જઈ રહેલા નાથાલાલને જોતાં જ ઘરની પરસાળમાં ઓટલી પર બેઠેલા વયોવૃદ્ધ લવજી બોલી ઊઠ્યાં : ‘ઓ નાથા ભૈ ! જરા હાંમુ તો જુઓ ! આમ નીચી મૂંડીએ દોડિયે ચ્યાં હાલ્યા જાવ સો ? આ બપ્પોરિયું તો થવા આયું. અવે તો છેતરમાં જયેલાં લોક પણ લા’યવોયાં થતાં ઘરભણી આવશે. કૈં ખાધું-બાધું ક નૈ ?’

‘તોર ખાવાનું અટાણે ? તું કે’છ એમ ઉનારું બાજરી વાઢવા છેતરમાં જયેલો સોકરો અન્ એની વૌ ઘેર આયીન્ શાક-રોટલા કરશે પસી જ ખવાય. હવારમાં ઘરના ડોબાનું થોડું દૂધ અન્ રાતની વધેલી થોડીક કોદરી ખાધી’તી.’

પરસાળમાં બેઠેલા લવજી સામે જોઈને નાથાએ રસ્તે જતાં અટકી જઈને જવાબ દીધો. પછી લવજી પાસે જઈને બેઠક જમાવતાં બોલ્યાઃ ‘આ જરા પગે ખાલી ચઢી જતાં મનઅ થ્યું કઅ લાય જરાક ફળિયામાં બે-ચાર આંટા મારું તો દુઃખતા પગમાં કળ વળે. ત્યાં તેં બૂમ પાડી. બોલ ! શ્યું કે’તો’તો ?’

‘કૈં નૈં ! જરાક પાંહે બેહવા જ બોલાયો.’

‘અલ્યા લવજી ! તનઅ એક વાત કઉં ?’

જોનઅ ! ગઈકાલે પેલા રામલાનો સોકરો છગનો સાપું વાંસતો’તો. વાંસતાં વાંસતાં એ બોલતો ય હતો... એ મેં હાંભરેલું. એમાં એવું હતું કઅ ઓસ્ટેલિયા દેશમાં પેલો પરવિણ કમાવા જ્યોસન્ ? તાં એક જણ, એનું નામય બૌ અટપટુ સ પણ એ મોટો વિજ્ઞાની હતો. લે ! એનું નામ યાદ આયું. ડેવિડ ગુડાલ ! એ આખી દુનિયામાં હૌથી મોટી ઉંમરનો હતો. એક હો અન્ બે વરહનો. બૌ બીમાર રે’તો’તો. જીવનથી ત્રાસી જ્યો’તો એટલ એણે ત્યાંની સરકાર પાંહે મરી જવાની પરવાનગી માગી’તી પણ સરકારે ના આલી. અવે એવઈલો ડેવિડ સીઝરલેન્ડ જવાનો સ. ચ્યમ કઅ્ તાંની સરકાર જેનઅ્ મરવું હોય એન્ મરી જવાની છૂટ આપસ ! આ દહમીએ એનઅ્ મરી જૈ જીવતરથી મુક્તિ મલશે.’

નાથાની વાત સાંભળી લવજીને થોડીક નવાઈ તો લાગી. મનમાં થયું ય ખરું કઅઃ ‘હાહરીનું એમ તે મોત આયા વના થોડું મરી જવાય ? ભગવાનની યોજનાનું અપમાન ન કે’વાય ? દુઃખ તો હોય ! લાખોમણનું દુઃખ માથે આયી પડ્યું હોય પણ એમ મરી જવાય ? એ તો આપઘાત કર્યા જેવું જ નઅ્ ?’

વિચારોમાં ઘૂંટાતા લવજીના કપાળે પડતી કરચલીઓ જોઈ નાથો બોલી ઊઠ્યો : ‘કયા વિચાર ઝોકે ચઢી જયા લવજી ભૈ ?’

‘કૈં નૈં નાથા ! આપણા તાંય મરવું હોય ઈ મરે જ સેને ? ઈન્ કુણે ના પાડી ? ભણવામાં નાપાસ થ્યાં તો મનમાં લાગી આવતાં જાણે એની આખી દુનિયા લૂંટાઈ જૈ હોય એમ મા-બાપ અન્ ભાઈ-ભાંડુને આંહુડાંની ધાર પડાવતાં અણઘડ-નમાલાં સોકરાં આપઘાત નથી કરતાં ? એમાંય જુવાનિયા ચ્યાં પાસા પડઅ્ એવા સ્ ? નોકરી ના મલી, પરણેતર એન્ રૈ’નૈં કઅ્ ભાગી જૈ એલિયા-તેલિયાન્ પૈણી બેસે, સોકરાં ના થાય, એવાં જાતજાતનાં દુઃખ ન વેઠાતાં પોતાને નથી ખોઈ બેસતાં ? નમાલાં માણહું જ આવું કરઅ્. જગતમાં કોનઅ્ દુઃખ નથી હોતું ? કોઈન્, તનનું, કોયન મનનું કઅ્, ધનનું દુઃખ હોય જ !’

‘દુઃખડાં ખમીન્ જીવે એનું નામ જ ‘બંકો’-‘નરબંકો’ કેવાય. દુઃખ તો હાહરીનું આવ નઅ્ જાય. એમ આરી જવાય ? જોન્ પેલી મીરાં રાજરાણી અતી. એન્ રંડાયા પછી ચેવાં ચેવાં દુઃખ એનાં હગાંએ આલ્યાં ? તોય અસ્ત્રીની જાત હોવા છતાંય ચેવી દુઃખમાંય મોજ માણતી હતી ?’

લવજીની વાતમાં સૂર પૂરાવતાં થોડું, વિચારીને પછી આગળ કોયલના ટહુકા જેવા શબ્દો વેરતાં નાથો તરત જ બોલ્યો : ‘અલ્યા ભૈ ! કઉં તનઅ ? બધે આપણા દેશ જેવું નૈં ! ઐંતો સોકરાઓ અન્ એમનાં બૈરાંઓ એમની અન્ આપણીય આબરૂ રાખીન આપણા જેવાં બુઝર્ગોને પાલવે. દવા-દારૂ કરાવે, ને આપણી દુઆ મેળવે. ધરમ અનઅ્ સંસ્કાર બેઉ સાચવે. ઘરમાં પારકી જણી હોય તેય આપણાં અન્ એના માવતરનાં ખોરડાં વગોવે નૈ !’

નાથો થોડું થંભ્યો. થોડો શ્વાસ ખાઈને ફરી બોલ્યો : ‘પરદેશમાં તો લોક આપણા કરતાંય બૌવજ હવારથી. તાં ઝાઝું કોઈને, કોઈની પડી ના હોય ! બધાં જ પોતપોતાની ધૂનમાં જ જીવે. ભોગ-વિલાસમાં મનમાની કરીને જીવે. કોણ કોનું હગું એ કળવું બૌ અઘરું થય પડે ! જોકે બધે જ નૈ ! માણસાઈ ખરી પણ બૌ ઓછી આપણા જેવી નૈં. મેળે મેળે પૈણી જાય ને છૂટા પડતાંય વાર નૈં. ક્યારેક તો વસ્તર બદલાય એમ ધણી કે ધણિયાણીને બદલાયા કરે. પણ ઐં ધરમની હૌને બીક... આબરૂમાં માને તેથી જ મરતાં લગણ જો ભૂલથી કોય બલા વળગી જૈ હોય તોય પડ્યું પાનું નીભાવે.’

વળી પંખીના ઈંડામાંથી બચ્ચું બની ઉડતાં એ શીખે તાં લગણ પંખી મા-બાપ એને માળામાં પાલવે પછી પાંખથી ઉડતાં શીખે ને માળો છોડી ઊડી જાય. એવું જ પૈણ્યા પછી છોકરો એની બૈરીને લઈ મા-બાપને છોડી બીજે વ’ય જાય. આપણી જેમ બબ્બે દીકરાને તેમની વહુઓ સાથે ઘરડાં મા-બાપ પ્રેમથી, મરતાં લગી પલવાય. આપણી જ વાત લોને ? તારે ચાર દીકરા-વહુઓ ને મારે બે દીકરા-વહુઓ ચેવું હૌને હાચવતાં

જીવીએ છીએ ? ઘર હોય તો વાહણ ખખડે ય ખરાં, એની ના નઈ. પણ તોય એકબીજા પર હેતભાવ રે'શેને ?' બંને વૃદ્ધો વચ્ચે વાતો ચાલતી હતી ત્યાં જ રામલાનો છગનો આજનું છાપું લઈને તેમની પાસે ધસી આવી બોલ્યો : 'દાદા ઉં તમને ચ્યારનોય હોધ્યા કરતો ફરું છું ? જુઓ ! કાલના પેલા મરજીથી મરવા માગતા એકસો બે વર્ષના ડેવિડ દાદાની જેમ જ તમારા જેટલી મોટી ઉંમરના ચીન દેશના પંચાસીની વયના વૃદ્ધ હેન જીચેંગ તો જીવાય ત્યાં સુધી જીવવાની ઈચ્છા રાખે છે. તેમનાં પત્ની તો મૃત્યુ પામ્યાં છે. છોકરાઓ હતા પણ આજે ક્યાં છે તેની ખબર નથી. એકલા જ છે. પણ હજી જાતે તેમની સાઈકલ ઉપર બેસી-ચલાવીને ફરે છે. કોઈ તેમને દત્તક લે એની શોધમાં કહેતા ફરે છે. જુઓ હું પેપર વાંચું છું. તમે સાંભળો. હેન કહે છે : 'હું ૮૫ વર્ષનો એકલો માણસ છું. શરીર સશક્ત છે. શોપિંગ કરી શકું છું. રસોઈ બનાવતાં મને આવડે છે. એક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાંથી હું નિવૃત્ત થયો છું. મને દર મહિને ૯૫૦ ડોલર પેન્શન મળે છે. પણ હું નર્સિંગ હોમ જવા નથી ઈચ્છતો. આશા છે કે કોઈ દયાળુ માણસ મને દત્તક લઈ લેશે. મારી સંભાળ લેશે. મારા નિધન પર કોઈ અંતિમ સંસ્કાર પણ કરશે.'

હજી છગનનું છાપું વાંચન ચાલુ હતું ત્યાં જ લવજી બોલી ઊઠ્યો : 'ખરું કે'વાય મારું બેટું હોં ? આ દુનિયામાં ચેવાં ભાતક ભાતકનાં મનેખ છે ? એકને જીવન આકરું લાગે સે અન્ બીજાન્ જીવવાની તમન્ના છે. વગર મોતે મરવું જ નથી. આવઈલાં જ આપઘાત કરે સે એ આટલું હમજેને તોય ભલાભલા ! એમનો અવતાર એળે ના જાય. ક'યુ છે ને કે 'જીવતો નર ભદ્રા પામે.' ભગવાને આપણને મનખા દેહ આલ્યો, તો સુખમાં કઅ્ દુઃખમાં એને જીવી જાણવો. માનવ અવતાર તો ભગવાને મફતમાં અને પ્રેમથી આપેલી ભેટ છે. એ એની જ અનામત છે.'●

*અનુસંધાન પાન નં. ૩૨ પરથી ચાલુ...*

૨૦ જાન્યુઆરી, રવિવારના રોજ ફાધર વિપુલે પ્રથમ ખ્રિસ્તયજ્ઞ પોતાના વતન રાજનગર(વડતાલ) મુકામે અર્પણ કર્યો હતો જેમાં પરિવારજનો તથા ગ્રામજનો જોડાયા હતાં, જ્યાં ધાર્મિક વિધિનું ઉદ્‌બોધન ફાધર નિલેશ પરમારે અને સત્કાર કાર્યક્રમનું સંચાલન અનિલ રોન્ઝાએ કર્યું હતું. ઈસુસંઘ ગુજરાત નવદિક્ષીત ઈસુસંઘી પુરોહિતગણ યોવાન, સુધીર, સુધાકર અને વિપુલને હાર્દિક અભિનંદન પાઠવે છે. ગુજરાતની ધર્મસભા અને ગુજરાતના ધર્મજનોની સેવામાં તેમનું પુરોહિતપદ સમર્થ સેવા અને બળવત્તર પ્રેમનાં સાક્ષી બને એવી આશિષ પ્રભુ વરસાવે તે માટે પ્રાર્થના. ગુજરાત ઈસુસંઘ-ધર્મસભાને પોતાના પુત્રરત્નની ભેટ આપવા બદલ તેમનાં માબાપ તથા સગાંવ્હાલાંનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.●


## SINGAPORE & KUWAIT

EXCELLENT OPPORTUNITY ● PAYMENT AFTER APPROVAL ● NO IELTS ● ACCOMMODATION & FOOD PROVIDES ● FRSHER CAN APPLY ● HOUSEMAID FOR (SINGAPORE) ● ASST NURSE (GNM/BSC) SINGAPORE ● PHYSIOTHERAPIST (SINGAPORE) ● OCCUPATIONAL THERAPIST ASSISTANT (BOT) (SINGAPORE) ● CAREGIVER (KUWAIT) ● HEALTH CARE ATTEND (SINGAPORE) ● ONE YEAR NURSING COURSE. ● EMPLOYMENT VISA WITH JOB

**MO. 94261 17605**


*અનુસંધાન પાન નં. ૩૩ પરથી ચાલુ...*

- પંચાયત વ્યવસ્થામાં ઘણી જગ્યાએ વ્યાપક ભ્રષ્ટાચાર થતો જોવા મળે છે. ખાસ કરીને રસ્તા, પાણી તથા ગટરની સુવિધાઓ ઊભી કરવાની કામગીરીમાં કોન્ટ્રાક્ટર સાથેના મેળાપીપણામાં ભ્રષ્ટાચાર થતો હોય છે, તેથી ખૂબ જ હલકી તથા નબળી કામગીરી થતી હોય છે.

- પંચાયત વ્યવસ્થા લોકશાહી તથા સ્વાયત પદ્ધતિને આદર્શ માને છે પરંતુ વાસ્તવમાં સમાજમાં કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓનું વર્ચસ્વ જોવા મળે છે. ઘણીવાર તેમની દાદાગીરી તથા ભેદભાવની નીતિને કારણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલાઓએ ઘણું શોષવું પડતું હોય છે.

- પંચાયત વ્યવસ્થામાં ૫૦ ટકા અનામતને કારણે ઘણી મહિલાઓ ચૂંટાઈ આવે છે પરંતુ ઘણી જગ્યાએ તેમના પતિ અથવા તો જે તે પક્ષના વગદાર સભ્યો કે આગેવાનો વહીવટ ચલાવતા હોય છે.

ભારતમાં કાર્યરત પંચાયતી રાજ વ્યવસ્થાની અનેક મર્યાદાઓ હોવા છતાં ગ્રામ્ય, તાલુકા તથા જિલ્લા કક્ષાએ લોકશાહી પદ્ધતિથી ચૂંટાયેલા સભ્ય દ્વારા વિકાસ કાર્યો હાથ ધરવામાં આવે છે તથા વિકાસની જવાબદારીનું વહન સ્થાનિક લોકો અને તેમના આગેવાનો દ્વારા થાય છે તે સૌથી મોટી ઉપલબ્ધી છે. લોકશાહી ચૂંટણી વ્યવસ્થાને કારણે તથા અનામતને કારણે સમાજના ગરીબ, નબળા વર્ગનાં ભાઈ-બહેનો પંચાયતમાં ચૂંટાતાં થયાં છે. મહિલાઓ પણ ગામના વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવતી થઈ છે. જેની નોંધ લેવી રહી. ગુજરાતની ધર્મસભામાં દક્ષિણ ગુજરાતમાં જેરમાબેન વસાવાએ પ્રમુખ તરીકે ખૂબ સારી કામગીરી બજાવી છે, તદુપરાંત ગત ચૂંટણીમાં ચૂંટાઈ આવેલ આણંદ નગરપાલિકાનાં કાઉન્સિલર શ્રીમતી એરિકાબેન વિપુલભાઈ મેકવાન, આણંદ જિલ્લાનાં ઓડનાં શ્રીમતી પીંકીબેન મિથુનભાઈ પરમાર, ઈસરામાનાં જયશ્રીબેન ભૂપેન્દ્રભાઈ પરમાર, ગામડીનાં નિરંજનાબેન રાજેશભાઈ પરમાર પંચાયત વ્યવસ્થામાં તેમની ભૂમિકા સુપેરે અદા કરી રહ્યાં છે.●


## મકાન વેચવાનું છે

**(3 BHK) સ્ટોર રૂમ અલગ સંપૂર્ણ સુવિધાવાળુ ફર્નિચર સાથે હવાઉજાસવાળુ તમામ રૂમોમાં P.O.P. વાળુ ૧.૫૦ (દોઢ લાખનો સોફા તેમજ બે એસી સાથે પાર્કિંગ વ્યવસ્થા સાથેનું મકાન વેચવાનું છે. દલાલ આવકાર્ય છે.**

*નિશાંત બંગ્લોઝ ચાવડાપુરા, આણંદ*

**સંપર્ક : મો. ૯૮૨૫૮ ૩૭૨૮૯, ૭૦૪૬૦ ૬૦૯૦૭**

## ટેનામેન્ટ બે માળનું મકાન વેચવાનું છે

**ગામડી, ખ્રિસ્તી કબ્રસ્તાન પાસે, કૃષ્ણનગર સોસાયટી, ગાડી મૂકવાના પાર્કિંગ સાથે બે માળનું હવાઉજાસવાળું અને સ્કૂલ તથા ચર્ચની નજીક ખ્રિસ્તી વિસ્તારમાં આવેલું છે.**

**સંપર્ક : મો. ૭૩૫૯૮ ૯૦૭૩૫**



# વિજ્ઞાન અને પડકારો

✍ ફાધર લેન્સી ડી'ક્રૂઝ એસ.જે.

પ્રાધ્યાપક સેન્ટ ઝેવિયર્સ કોલેજ - અમદાવાદ

વૈજ્ઞાનિક શ્રેષ્ઠતાના સંદર્ભમાં સિન્ધુ ખીણ અને હડપ્પન સંસ્કૃતિથી આજના ચંદ્રયાન અને મંગળયાન સુધીનો લાંબો ઈતિહાસ ભારત ધરાવે છે. વૈદકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર, ધાતુશોધનવિદ્યા, સ્થાપત્ય અને ઈજનેરીમાં ભારતે અસંખ્ય અવનવી શોધ-વિચાર-સિદ્ધાંત દુનિયાને પ્રદાન કર્યા છે.

આઝાદી પહેલાંના કાળમાં પણ વિજ્ઞાનનાં સંશોધન પાર વિનાનાં જોવા મળે છે. અત્યંત પ્રતિકૂળ સંજોગોમાં પણ સર ચન્દ્રશેખર વેકન્ટ રામને પોતાના પ્રયત્નથી 'સ્પેક્ટોમીટર'ની ખોજ કરી હતી અને ૧૯૩૦ માં પ્રકાશના વિકિરણમાં રમન અસરના આવિષ્કાર બદલ ભૌતિકશાસ્ત્ર વિષયમાં નોબેલ પ્રાઈઝ મેળવ્યું હતું.

સર સી.વી. રામન અત્યાર સુધીમાં નોબલ પ્રાઈઝ મેળવનાર પહેલા અને છેલ્લા ભારતીય વૈજ્ઞાનિક છે. એ સાચું કે મૂળ ભારતીય પણ હાલમાં અમેરિકન નાગરિકતાવાળા અન્ય ત્રણ વૈજ્ઞાનિકો - શ્રી હરગોવિંદ ખુરાના(૧૯૬૮), શ્રી સુબ્રમણ્યમ ચંદ્રશેખર(૧૯૮૩) અને શ્રી વેન્કટરામન રામક્રિષ્ણન(૨૦૦૯) - એ જે તે વર્ષનું નોબેલ પ્રાઈઝ પ્રાપ્ત કર્યું છે.

ભારતમાં વિજ્ઞાન સંશોધનનું ધોરણ અને ગુણવત્તા સુધારણાની અત્યંત આવશ્યકતા છે એમ ઘણા તજજ્ઞો માને છે. નોબેલ પ્રાઈઝ વિજેતા - અમેરિકા જેવા દેશોમાં, યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓમાં સર્વોત્તમ સંશોધન કાર્ય થાય છે, જે મૂળભૂત સંશોધન, સહયોગી કાર્ય, આંતરશિસ્ત, વિચારણા અને નવીનીકરણને પ્રોત્સાહન પૂરું પાડે છે. આ શોધખોળ છેવટે ઈજનેરી ક્ષેત્રમાં પ્રવેશ કરતાં તેના ઉત્પાદનને રક્ષિત જાહેર કરી, કમાણીનાં દ્વાર ખોલી નાખે છે. ભારતમાં પણ સ્વાતંત્ર્ય પૂર્વના કાળમાં યુનિ.માં સંશોધન કાર્યને વેગ મળતો હતો અને પરિણામે મહાન વૈજ્ઞાનિકો - જેવા કે જગદીશચંદ્ર બોઝ, પ્રફૂલ્લા ચંદ્ર રે, શ્રીનિવાસ રામાનુજ, બિરબલ સહાની, એસ.કે. મિત્રા, મેઘનાથ સાહા અને એસ. એન. બોઝ વગેરે-એ યુનિ. અથવા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં સંશોધન કાર્ય કર્યું હતું.

તેમ છતાંયે સ્વાતંત્ર્યોત્તર કાળમાં વિજ્ઞાનનો વિકાસ શ્રેણીબદ્ધ સંસ્થાઓની સ્થાપના અને ઉત્તેજનમાં જોવા મળે છે, જેમાંથી કેટલીક નોંધપાત્ર સંસ્થાઓ - 'ધ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટરિયલ રીસર્ચ'(CSIR), ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO), મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ'સ(MoES) તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ ઓટોમિક અર્નજી(DAE) - સરકારી અનુદાનથી કાર્યરત છે, પરિણામતઃ, યુનિ.ઓ અને શિક્ષણ સંસ્થાઓ જે પાયાના સંશોધન કાર્યનું પારણું ગણાતી અને જેમણે આઝાદી પૂર્વના સમયમાં સંશોધન કાર્યને પ્રોત્સાહન આપવાનું કાર્ય કર્યું હતું તે અપવાદરૂપ કેટલીક સંસ્થાઓને બાદ કરતાં પોતાનો ઉત્સાહ મંદ પડ્યો. આ સાથે સંકળાયેલા કેટલાક પ્રમુખ પડકારો ભારતીય વિજ્ઞાન સામે અચૂક છે. છેલ્લા દાયકાથી, ભારતનો સંશોધન કાર્ય પાછળનો ખર્ચ તેના જી.ડી. પી.ના સંદર્ભમાં માત્ર ૦.૯ % રહ્યો છે, જે અમેરિકા જેવા વિકાસશીલ દેશ કરતા ૨.૬ % અને આર્થિક ક્ષેત્રે હરણફાળ ભરતા ચીન જેવા દેશ કરતાં ૧.૫ % ઓછો છે. વૈજ્ઞાનિક સંશોધનમાં પ્રથમ હરોળના દેશો સાથે કદમ મિલાવતા ભારતે સંશોધન ફંડ વધારવા ગંભીરપણે વિચારવું જોઈએ. અન્ય મહત્ત્વની માહિતી પ્રમાણે આપણા દેશમાં પ્રત્યેક એક લાખ શ્રમિકમાં માત્ર ૪૦ જેટલા જ સંશોધન કાર્યમાં જોતરાયેલા છે જ્યારે અમેરિકામાં આ પ્રમાણ વધારે છે. ત્યાં પ્રત્યેક એક લાખ શ્રમિકોમાં ૭૯૦ શ્રમિક વિજ્ઞાન સંશોધન કાર્યમાં જોડાયેલા છે !

ભારતીય યુનિ.ઓની સમસ્યાઓનો ઉલ્લેખ ઉપર કર્યો છે જ. અમેરિકામાં વિજ્ઞાન સંશોધન આધારિત યુનિ.ઓ જે તે વિભાગને સંશોધન અને શિક્ષણકાર્ય માટે પર્યાપ્ત પ્રોત્સાહન અને અનુદાન પૂરાં પાડે છે. જોકે પરદેશમાં વૈજ્ઞાનિક સંશોધન કાર્ય માટે સરકાર તથા ખાનગી ક્ષેત્રો બંને એટલો જ ઉત્સાહ દાખવે છે અને આર્થિક સહાય પણ કરે છે. પોતાના ભાવિ ઉત્કર્ષ માટે સરકાર અને વિશેષ ઉત્પાદન શોધ માટે અંગત ક્ષેત્રો આર્થિક ટેકો કરે છે. વિશેષમાં યુનિ.ને પોતાની નવીન શોધ કે આવિષ્કાર માટે પરવાનો મેળવવાનો અધિકાર હોય છે જેને પરિણામે નાણાકીય પુરસ્કાર તેમને 'રોયલ્ટી'ના સ્વરૂપમાં મળે છે. પ્રાથમિક કક્ષાએથી જ વિવિધ વિજ્ઞાનના વિકાસ ખોજ માટે ઉત્તેજન મળે તેવી માળખાગત સુવિધા કે અસરકારક સહયોગી કાર્ય હજુ આપણે ત્યાં આકાશકુસુમવત્ રહ્યું છે !

ભારતની શિક્ષણ સંસ્થામાં જોઈએ તેટલું પ્રાયોગિક કાર્યને ઉત્તેજન મળ્યું નથી જેટલો ભાર સૈધાન્તિક શિક્ષણ પર મૂકવામાં આવે છે, એ પણ એક નોંધપાત્ર હકીકત છે. સ્વહસ્તે શીખવાની પ્રક્રિયાથી તેને અલિપ્ત રાખે છે. શાળા અને મહાશાળાઓમાં પ્રયોગશાળા વિના સ્વ પ્રયત્ને અધ્યયન કરવાની પ્રવિધિ અશક્ય છે. વિદ્યાર્થીઓમાં પ્રશ્ન પૂછવાની ઉત્સુકતા જાગે, પ્રશ્ન કરે અને ગુરુજનો અનુભવ અને સ્વ અભ્યાસ આધારિત સંવર્ધિત જવાબ આપે એવું વાતાવરણ સર્જવું અનિવાર્ય છે. 'ઈકો સીસ્ટમ'માં નવીનીકરણ થાય અને પ્રશ્નોત્તરી વલણ વિકાસ પામે તે એક પડકાર છે. માત્ર પ્રશ્નનો ઉત્તર શોધવાને બદલે, કોયડાનું સર્જન કરે એવી તાલીમ શું આપણા વિદ્યાર્થીઓને આપી શકીએ ?

અનુસંધાન પાન નં. ૩૯ પર જુઓ...

# હાર્દિક શ્રદ્ધાંજલિ

## સ્વ. ફાધર બેન્ટો એસ.જે.



૧૯૬૫ માં માઉન્ટ આબુ ખાતે 'સાધના ભવન'માં ફાધર બેન્ટોના નોવિશિયેટમાં પ્રવેશ વેળાએ હું તેમને પ્રથમ વખત મળ્યો હતો. ત્યાં હું જુનિયેરેટના બીજા વર્ષમાં હતો અને ગુજરાતી ભાષા શીખતો હતો. ઈસુસંઘમાં પ્રવેશ પહેલાં તેઓ કામ કરતા હોવાથી, પ્રવેશ વખતે તેઓ એક પરિપક્વ ૨૪ વર્ષીય નવયુવાન હતા. તેમની વિધવા માતાનો એકમાત્ર દીકરો અને કમાણીનો આધાર હોવાથી ઈસુસંઘમાં પ્રવેશ કરવાની નિર્ણાયક પળ તેમના માટે કઠિન હતી. બાદમાં તાલીમ દરમિયાન તેમને 'મોડેથી હાકલ ?' એવો પ્રશ્ન કર્યો હતો ત્યારે તેમનો જવાબ હતો 'ના મારું તેડું વિલંબિત છે.'

તેમનું જીવન ખળખળ વહેતા ઝરણા જેવું જીવંત હતું, પૂછવામાં આવતા પ્રત્યેક પ્રશ્નનો ઝડપી અને ધારદાર જવાબ તેઓ વાળતા. સુખદ સ્મરણ સમાન ફાધર અંતોન ડી'સોઝા જાણે તેમના રક્ષકદૂત હતા. કેટલોક વખત કામ કર્યા બાદ બંને ઈસુસંઘમાં જોડાયા હોવાથી અન્ય ઉમેદવારોથી પ્રમાણમાં મોટા હતા તેમ છતાં તેઓ તાલીમની તમામ પ્રવૃત્તિઓમાં સાંગોપાંગ ભાગ લેતા અને પોતાના સાથીદારો માટે આનંદનું કારણ બનતા હતા. ફાધર અંતોનની પ્રકૃતિ ગંભીર હતી, વળી તેઓ સંઘમાં વડીલ પણ હતા એટલે ફાધર બેન્ટોને પોતાના માનસ પ્રમાણે ઘડવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ અલગ પ્રકારના વ્યક્તિ હતા એટલે તાલીમ દરમિયાન હંમેશા ઘણી બાબતોની સ્પષ્ટતા માંગતા કે પ્રશ્ન કરતા હતા. સંન્યસ્ત જીવન માટેની પ્રેરણા તેમને 'લીજિયન ઓફ મેરી'ના સક્રિય સભ્યપદમાંથી સાંપડી હતી એવો એકરાર તેમણે અનેક જગ્યાએ સંખ્યાબંધ વાર કર્યો હતો.

દેવવિદ્યાના અભ્યાસ કાળમાં હું અને બેન્ટો સારા મિત્ર બન્યા. તેઓ બીજા વર્ષમાં અને હું પહેલા વર્ષમાં હતો. એ સમય દ્વિતીય વેટિકન વિશ્વ પરિષદનો હતો અને ધર્મસભામાં પરિવર્તનનો આરંભ થયો હતો, વિશેષમાં ઈસુસંઘ પણ તેમાંથી બાકાત ન હતો ! ૩૨મી જનરલ કાઉન્સિલ અને તેનું ચોથું ફરમાન 'ગરીબ માટે વિકલ્પ'ની અસર અમારામાંના ઘણા પર થઈ અને પડકારરૂપ પણ બની. સાધુ જીવનની સાદગી અને સંન્યસ્તજીવનનું પયગંબરી પાસું અમને સ્પર્શી ગયું. 'જીવન એ જ શુભસંદેશ'ની હાકલ અમે ઘણાંએ અપનાવી. ફાધર બેન્ટો અને અન્ય બે સાથીદારોએ રામવાડી પૂનાના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગરીબો મધ્યે રહેવાનું નક્કી કર્યું. ડી નોબિલિ કોલેજ-પૂનામાં દેવવિદ્યાનો અભ્યાસ ચાલુ રાખી ત્યાં પોતાના નિર્ધાર અનુસાર અત્યંત સાદગીપૂર્ણ જીવન તેઓ જીવવા લાગ્યા. તેમનું જીવન ઉદાહરણરૂપ અને પડકારરૂપ હતું. ત્યાંના જીવન દરમિયાન તેમણે દેવવિદ્યાને યર્થાથ અને ઈસુસંઘી પ્રતિબદ્ધતાને સાર્થક કરી. સાદગી અને કઠિન જીવનની આસક્તિને કારણે, પુરોહિત દીક્ષા વખતે કોઈપણ જાતનો ખર્ચ ન કરવાનો મક્કમ નિશ્ચય તેમણે કર્યો હતો. પુરોહિત દીક્ષાની પ્રતીક્ષા કરતી વિધવા માની અપેક્ષાને બાજુ પર રાખી દીક્ષાની ભવ્ય ઉજવણીનો તેમણે ધરાર ઈન્કાર કર્યો હતો, જેઓએ દીક્ષા ટાણે કામગીરી કરી હતી તેમને એક પ્યાલો રસના આપીને આભાર માન્યો હતો. આમ કરવું તેમનાં માતાજી, સાથીદારો અને સ્વયં તેમના માટે કેટલું પીડાજનક હતું, એ તો ખુદ જ જાણે ! ઈસુના શિષ્ય તરીકે આ દેશના ગરીબ લોકોના હામી બનવા માટે ફાધર બેન્ટોએ આવો કઠોર અને વિરલ નિર્ણય કર્યો હતો. આવી તદ્દન સાદી ઉજવણીથી અમારામાંના ઘણા પ્રભાવિત થયા હતા અને પોતાની પુરોહિત દીક્ષા વખતે એ જ પ્રમાણે કરવા પ્રેરિત બન્યા હતા.

જ્યારે હું તત્વજ્ઞાનનો અભ્યાસ કરતો હતો ત્યારે ફાધર વર્ગીસ સાથે યુવા શિબિરની શરૂઆત કરી હતી અને જતે દિવસે 'તરુણોદય મંડળ' નામે યુવા સંગઠન પણ ઊભું કર્યું હતું. ફાધર બેન્ટોએ તેની કદર કરી હતી અને યુવા પ્રવૃત્તિમાં જોડાવાની ઈચ્છા દર્શાવી, પણ તેમના મૂલ્યાંકનકાર અને પડકારનાર સ્વભાવને કારણે સાથે કામ કરવામાં અડચણ થશે એ મેં માન્યું હતું, તેમ છતાંયે એક આહ્‌વાન તરીકે અમે તેમને આમંત્રણ આપ્યું. અમારા આશ્ચર્યની અવધિ ન રહી, તેમનું કામ યુવાપ્રવૃત્તિને વેગ આપનારું રહ્યું. આ કામ વધારે આકર્ષક અને અસરકારક રીતે કરવા ફાધર બેન્ટોએ અમને મદદ કરી હતી.

વ્યક્તિગત રીતે ફાધર બેન્ટો મારા માટે એક વિશેષ મદદકર્તા અને સમર્થક હતા. તેમણે અમારા સંપર્કસૂત્ર અને કાર્યપદ્ધતિને પડકાર્યા હતાં. અવારનવાર અમારી પ્રવૃત્તિઓ અને બેઠકોની ઉપયોગિતા અને અસરકારકતા વિશે પ્રશ્ન કરતા હતા. 'ગુર્જરવાણી'ને આપેલી એક મુલાકાતમાં તેમણે એકરાર કર્યો હતો કે, 'ગુજરાત પ્રાંતમાં અવારનવાર આવવા મળે એટલા માટે તે 'તરુણોદય મંડળ'માં જોડાયા હતા.' તેમ છતાંયે એક યુથ શિબિરમાં તેમણે ઓતપ્રોત બની પ્રસંશનીય કામગીરી કરી હતી. અમારી સર્જનાત્મકતાનો પૂરેપૂરો ઉપયોગ કરી, શિબિરને યુવાનોમાં વધારે લોકપ્રિય બનાવવા તેમણે ખાસ મદદ કરી હતી, જેનું અપેક્ષા કરતાં બહેત્તર પરિણામ આવ્યું હતું.

ફાધર બેન્ટો એક સારા સલાહકાર, યુવા વર્ગના જાની મિત્ર અને સાથીદારો માટે નમૂનારૂપ અને મદદકર્તા હતા. યુવા શિબિર અને દેવવિદ્યાના અભ્યાસ દરમિયાન અમારો અનુભવ રહ્યો છે કે તેઓ સારા શ્રોતા અને અસરકારક માર્ગદર્શક હતા. વાસ્તવિકતાનો સામનો કરવાની તેમની કેફિયતે ઘણાંને આંતરિક મુક્તિનો અનુભવ કરવા મદદ કરી હતી. ઉપરી અધિકારીઓએ ફાધર બેન્ટોને તાલીમકાર તરીકે તૈયાર કરવા વિચારણા કરી, જોકે તેમણે 'સાધના' અને ટોની ડી મેલોની તાલીમ લીધી પણ 'તેમનો આકરો રાહ ઈસુસંઘીના ઘડતરમાં નડતરરૂપ બનશે' જણાવી તેમને અન્ય ક્ષેત્ર સ્વીકારવા જણાવ્યું. ફાધર બેન્ટો માટે આ ઘટના ભારે નિરાશાજનક હતી. તેમ છતાં ફાધર બેન્ટોએ પોતાનાં જ્ઞાન અને આવડતનો ઉપયોગ ઘણા લોકોને માર્ગદર્શન આપવા, ધર્મજનો અને સંન્યસ્તોને રીટ્રીટ આપવા તેમજ અંગત સલાહ આપવામાં કર્યો હતો. તેમણે આ પ્રૈષિતિક સેવા મૃત્યુપર્યંત પૂરી પાડી હતી.

પ્રભુ પોતાનું આયોજન પાર પાડવા. તેના પોતાના રાહે કાર્ય કરે છે એટલે આપણા જીવનમાં જે કંઈ બને છે તે બધું પ્રભુની રાહબરી હેઠળ જ બનતું હોય છે એમ હું માનું છું. જો ફાધર બેન્ટોને ઈસુસંઘમાં તાલીમ ઘડતરની જવાબદારી સોંપવામાં આવી હોત તો જે કંઈ પયગંબરી કાર્ય સોંપવામાં આવે તેને પાર પાડનાર એક સુદૃઢ ટૂકડી તૈયાર કરી હોત, એમ વ્યક્તિગત રીતે હું વિચારું છું. જોકે તેમની જોરાવર અને સ્પષ્ટ વાત ઘણાને માટે આઘાતજનક હોત એવો એક ડર હતો, પણ અમે સમજીએ છીએ કે આજે એવા સુદૃઢ વ્યક્તિઓની જરૂર છે જેઓ અશાંત વાસ્તવિકતાનો મુકાબલો કરી શકે ! ફાધર બેન્ટોના પડકાર અને સામર્થ્યએ વ્યક્તિગત રીતે મને અને બીજા અનેકને અમારી તાલીમ વખતે મદદ કરી છે. 'એક જ પ્રકારની ઘરેડ' કરતાં 'જરા હટકે' વિચારવું તે ફાધર બેન્ટોની લાક્ષણિકતા હતી, પછી પરિણામ ગમે તે આવે, તેનો મક્કમ મુકાબલો કરવાની પણ તૈયારી હતી. જુદી રીતે જ વિચારવાને કારણે નવા વિચાર પ્રાપ્ત થાય છે એમ તેઓ મને જણાવતા હતા. આ વિચારોને અમલમાં મૂકવા તેમને કોઈકની તો જરૂર હતી.

તેઓ ખૂબ જ બુદ્ધિશાળી અને સમજદાર વ્યક્તિ હતા. મધુપ્રમેહને કારણે મીઠાઈ અને સ્વાદિષ્ટ ભોજન લેવાની અધીરાઈ ક્યારેક તેમને કનડતી હતી, કદાચ આ જ કારણથી તેમના આયુષ્યમાં ઘટાડો થયો હશે ! યુવાનો પર તેમનો પ્રભાવ ઘણો તેજ હતો. ઘણા વર્ષો પછી પણ તેઓ તેમની પાસે સલાહ અને માર્ગદર્શન માટે આવતા હતા. તેમની દફનવિધિમાં હાજર ઘણાએ આ વાતની પુષ્ટિ કરી હતી. સ્વ. ફાધર બેન્ટો ફર્નાન્ડીઝ એસ.જે. એ ૨૭ નવેમ્બર, ૨૦૧૮ના રોજ જીવન દર્શન વડોદરા ખાતે છેલ્લાં શ્વાસ લીધા. ૨૯ નવેમ્બરના રોજ અંતિમ વિદાયના ખ્રિસ્તયજ્ઞમાં ધર્માધ્યક્ષ રત્નાસ્વામી અને ધર્માધ્યક્ષ ગોડફ્રી ડી રોઝારીયો તથા પ્રાન્તાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસ પરમારે હાજરી આપી હતી.

મારા અને અનેકના જીવનમાં વિશેષ પ્રદાન કરવા બદલ હાર્દિક આભાર અને શ્રદ્ધાંજલિ. ખરે જ ફાધર બેન્ટો એક સારા સાથીદાર, મૂલ્યવાન મિત્ર અને અસરકારક સલાહકાર હતા. પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના.

*- ફાધર ઝેવિયર મન્જુરન એસ.જે.*

## સ્વ. સિસ્ટર અંજુ

'દુનિયામાં જે જન્મે છે તે મૃત્યુને પણ આધીન છે એટલે કે આ દુનિયામાં જે જન્મ લે છે તેનું મરણ પણ નક્કી જ છે.' સિસ્ટર આન્જેલિના અલ્મેડા સી.એમ.નો જન્મ ૨૭ જુલાઈ ૧૯૫૬ માં કોલાબા, મુંબઈ ખાતે એક ભક્તિશાળી ખ્રિસ્તી કુટુંબમાં થયો હતો. જેના મોભી હતા જોનભાઈ અલ્મેડા અને જુલિયાના અલ્મેડા, જેઓ મેંગ્લોરના રહેવાસી હતાં. તેઓ ચુસ્ત ખ્રિસ્તી હતાં. તેથી બાળપણથી જ ઈશ્વર અને ખ્રિસ્તી ધર્મના પાઠ કુટુંબમાંથી જ તેમને મળ્યા હતા. આઠ ભાઈ બહેનોમાં સિસ્ટર અંજુ ચોથું સંતાન હતાં. અભ્યાસ પૂર્ણ કરી સિસ્ટર અંજુ મુંબઈ કસ્ટમ હાઉસમાં સેક્રેટરી તરીકે નોકરી કરતાં હતાં ત્યાં તેમને પ્રભુની હાકલ સંભળાઈ અને શુભસંદેશના સંત માથ્થી જકાતદારની જેમ બધું જ ત્યાંગી દઈને ઈસુની પાછળ ચાલી નીકળ્યાં, કાર્મેલાઈટ મિશનરી



સંઘમાં જોડાયાં અને સંન્યસ્ત જીવનની પ્રારંભિક તાલીમ પૂર્ણ કરી ૧૭ ઓક્ટોબર ૧૯૮૨ માં પ્રથમ વ્રત ગ્રહણ કર્યા. ૬૨ વર્ષની નાની ઉંમર અને ૩૬ વર્ષ પ્રભુની સેવામાં સમર્પિત એવાં સિસ્ટર અંજુને કાર્મેલ સંઘ પ્રેમ અને આભારની લાગણીથી યાદ કરે છે. જુદી જુદી કમ્યુનિટીમાં વિવિધ ક્ષેત્રે તેમણે સેવાઓ આપી છે. કાર્મેલ નિવાસ, બંગ્લોરમાં ૬ વર્ષ અને ડોંગરી - મુંબઈ ખાતે ૩ વર્ષ સુપીરિઅર, કેટેકિસ્ટ અને શિક્ષિકા તરીકે, આંધ્રપ્રદેશ, જૂનાગઢ, ડેડિયાપાડા, અમદાવાદ, પૂના, કેરાલા અને માલવાણી (મુંબઈ)માં શિક્ષણક્ષેત્રે, યુવાનો - યુવતીઓ અને કૌટુંબિક ક્ષેત્રે ઉત્તમ સેવાઓ આપી જેને આજે પણ ત્યાંના લોકો યાદ કરે છે.

જ્યારે તે પ્રભુની સેવામાં ઉત્સાહી હતાં ત્યારે જ તેઓ ભયંકર બીમારી (ક્રોનીક લ્યુકેમીયા)ના ભોગ બન્યાં. જેનો શ્રદ્ધા અને હિંમતપૂર્વક તેમણે તેનો સ્વીકાર કર્યો અને તેમની બીમારી સામે લડતાં રહ્યાં. તેમની આ બીમારીમાં કમ્યુનિટીનાં સિસ્ટર્સ અને મિશનના ફાધરોએ તેમને હિંમત અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં છેવટે સંત ફ્રાન્સિસ ઝેવિયરના તહેવારના દિવસે માંદાઓનો સંસ્કાર ગ્રહણ કરી પ્રભુને પ્યારાં થઈ ગયાં.

સિસ્ટર અંજુના જીવનની ઝાંખી ખૂબ ઊંડી છે. તેમના તેડાનો આનંદ અને વફાદારી તેમના કાર્યોમાં જોવા મળ્યાં. ઘણાં કુટુંબોમાં તે શ્રદ્ધા અને આશાનાં બીજ સમાન હતાં. ઘણા યુવાનો અને યુવતીઓને તેમણે સાચા માર્ગે પાછા લાવ્યા હતા. કમ્યુનિટીમાં તે ખૂબ ઉત્સાહી, સર્જનાત્મક અને જવાબદાર સિસ્ટર હતાં. ઈસુના પૂજ્ય હૃદય અને મા મરિયમમાં અડગ શ્રદ્ધા ધરાવનાર હતાં. કાર્મેલાઈટ મિશનરી સંઘ તેમની કળા, ડાન્સ, હ્યુમર અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ બદલ હંમેશા સિ. અંજુને યાદ કરતાં રહેશે. તેઓ સારા ગાયિકા હતાં, તેથી હંમેશા કંઈક નવું શીખવવા તત્પર રહેતાં. ધર્મસભા અને કામેલાઈટ સંતો પ્રત્યે એમને જે ધગશ હતી તે તેમની બીમારી દરમ્યાન આશીર્વાદરૂપ નીવડ્યા. કાર્મેલાઈટ મિશનરી સંઘ સિ. અંજુના આભારી છે અને પ્રાર્થીએ છીએ કે ઈસુનું પૂજ્ય હૃદય હંમેશા તેમની દયાથી ભરપૂર એવા હૃદયમાં તેમને સંભાળી રાખે. સદ્‌ગતના આત્માને પ્રભુ અનંત સુખ અને શાંતિ આપે તે જ પ્રાર્થના.

*- સિ. ફુલકેરિયા સી.એમ.*

## સ્વ. સિસ્ટર સવિતા

'જેણે હળ પર હાથ મૂકીને પાછળ નથી જોયું એવાં પ્રભુનાં સેવિકા સ્વ. સિસ્ટર સવિતા રામજી Sch SA ને પ્રેમભરી શ્રદ્ધાંજલિ'. 'ઝળહળતો દીવડો જેને ઈશ્વરે પોતાના રાજ્ય માટે પેટાવ્યો.આ અવની પર સદંતર સમર્પિત થઈને તેના સાંનિધ્યમાં અંતિમ બિન્દુ સુધી પ્રકાશ ફેલાવતો રહ્યો અને તેની વાટે વાટ લીધી સ્વર્ગની, હવે ત્યાં સિદ્ધ થયો...'

સિસ્ટર સવિતાનો જન્મ જુલાઈની ૨૦ મી તારીખે ૧૯૪૯ માં અમદાવાદ ખાતે થયો હતો. તેમનાં માતાપિતાની સાદી જીવનશૈલી હતી, તેઓ પરિશ્રમી અને ધર્મસભાને વફાદાર હતાં. તેમણે દીકરીને યોગ્ય શિક્ષણ આપીને ઈશ્વરની હાકલ માટે તૈયાર કરી. સિસ્ટર સવિતાએ



૧૯૬૮ માં પ્રભુની હાકલ સ્વીકારી અને નડિયાદ ખાતે સંત આન્ના મંડળ - 'સિસ્ટર્સ ઓફ ચેરીટી ઓફ સેન્ટ આન્ના'-માં જોડાયાં. શરૂઆતની બધી તાલીમ નડિયાદમાં લીધી. તે સમયે 'નડિયાદ' સંત આન્ના મંડળ માટે હાકલ માટેનું ભારતનું 'પારણું' કહેવાતુ, ત્યાં તેઓ સ્પેનીશ સિસ્ટર્સને મળ્યાં કે જેઓ ભારતનાં પ્રથમ મિશનરી તરીકે આવેલાં અને તેમની સાથે તે સમયે પ્રથમ આપણા ગુજરાતનાં જે ઉમેદવાર હતાં તેમની સાથે તેમણે તાલીમ લીધી.

૧૫ ડિસેમ્બર ૧૯૬૮ માં તેમણે નોવિશિએટ શરૂ કર્યું. ૧૯૭૦, ૧૫ ડિસેમ્બરે તેમણે પ્રથમ વ્રત લીધાં અને જૂન ૧૯,૧૯૭૭ માં આજીવન વ્રત લઈને હંમેશા માટે પ્રભુને 'હા' પાડી દીધી અને પ્રભુને પોતાનું સમગ્ર અર્પણ કરી દીધું.

શરૂઆતમાં તેમણે મોખાસણ, વડોદરા, કલોલ અને નડિયાદમાં પોતાની સેવા આપી. સ્કૂલ, દવાખાનાં અને ગામડાંઓની મુલાકાત જેવાં તમામ કામ તેમણે પૂરી ધગશથી, વફાદારીથી અને પૂર્ણ સંતોષ અને આનંદથી કર્યા. ત્યાર પછી તેઓને નર્સિંગના અભ્યાસ માટે મોકલવામાં આવ્યાં અને ત્યાં તેમણે લોકોનાં દુઃખ દર્દ નજીકથી જોયાં અને અનુભવ્યાં અને ઈસુની એક શિષ્યા તરીકે બધાની તેમણે પ્રેમથી સારવાર કરી. દરેકનું ધ્યાન ખૂબ ઝીણવટથી અને હંમેશા હકારાત્મક વલણથી રાખ્યું. તેમની સાથે રહી ચૂકેલાં સિસ્ટર્સ વર્ણવે છે કે તેઓ શરૂઆતથી જ પોતાના તેડામાં તટસ્થ હતા, કારણ તેમનું જીવન પ્રાર્થનામય હતું. તેઓ સ્વભાવે સૌમ્ય, ઉદ્યમી, તપસ્વી, પવિત્ર અને નમ્ર હતાં અને હંમેશા દરેક કામ માટે તૈયાર રહેતાં અને દરેક વસ્તુમાં ઈશ્વરની ઈચ્છા જોતાં.

૧૯૮૦ માં તેમને મિશનરી તરીકે સ્પેન મોકલવામાં આવ્યાં, ત્યાંથી તેમને ૧૯૮૧ માં ઘાના(પશ્ચિમ આફ્રિકા) મોકલ્યાં હતાં. ત્યાં બીમાર અને દરિદ્રોની સેવામાં ૨૫ વર્ષ ગાળ્યાં. કોઈ પણ ફરિયાદ વગર ખુશીથી ત્યાંથી તેઓ આસીકુમા અને કોફોરીદુઆ ગયાં. ત્યાર પછી ૨૦૦૬ માં તેઓ સ્પેન પાછાં આવ્યાં. બરબાગુએનામાં ૧૧ વર્ષ તેમણે બીમાર અને વૃદ્ધોની સેવા કરી જાણે કે 'પીડા હરનારી ઔષધિ ન હોય !' તેઓ ૨૦૧૭ માં બીમાર પડ્યાં, ત્યાં જનરલ હાઉસ સ્પેનમાં આવ્યાં ત્યાં પણ બીમાર હોવા છતાં નાની મોટી સેવા આપતાં અને લાંબો સમય પ્રીત સંસ્કાર આગળ બેસીને પ્રાર્થના કરતાં અને પ્રભુને પોતાની શારીરિક નબળાઈઓ સોંપી દેતાં. તેવી તેમની મજબૂત ઈશ્વર પર શ્રદ્ધા હતી.

દિવસે દિવસે નબળાં પડતાં ગયાં, પ્રભુની ઈચ્છા સ્વીકારતા ગયાં અને નમ્રતાથી બીજાની મદદ માંગતાં અને તેમાં કશી નાનમ અનુભવતા નહોતાં. ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ તેઓએ સંન્યસ્ત જીવનનાં ૫૦ વર્ષ સાદગીથી ઉજવ્યાં, કારણ તેઓ એકદમ સાદગીમાં માનતાં હતાં. ૨૪ નવેમ્બર ૨૦૧૮, ૬૯ વર્ષની ઉંમરે તેઓ પ્રભુમાં પોઢી ગયાં. આ સાથે તેઓ પવિત્રતાના અને સખત પરિશ્રમના પાઠ ભણાવતાં ગયાં. દેશ, કુટુંબ અને મિત્રોથી દૂર રહેલાં સિસ્ટર સવિતા એક સાચા પ્રેષિત અને મિશનરી સાબિત થયાં. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના. ●

*-સિસ્ટર મનીષા મેકવાન Sch SA*

*અનુસંધાન પાન નં. ૩૬ પરથી ચાલુ...*

જો નવોદિત વૈજ્ઞાનિકો પેદા કરવા હોય તો આ અત્યંત મહત્ત્વનું છે. અન્ય એક બીજો પડકાર છે, માબાપની અરુચિ. માબાપની રસરુચિની તાકીદની જરૂરિયાત છે. રાષ્ટ્રીય વિકાસના હેતુસર, જે માબાપ ગરીબ અને અભણ હોય તેમનાં બાળકોને વિજ્ઞાન અને પ્રાવૈધિક વિજ્ઞાનમાં શ્રેષ્ઠ દેખાવ કરે તે માટે તેમને પૂરતી મદદ અને સિદ્ધિ પ્રેરણા મળવાં જોઈએ.

જોકે સાંપ્રત પ્રવાહમાં સરકાર અને વૈજ્ઞાનિક સમુદાયનું વલણ હવે યુવા ભારતીય વૈજ્ઞાનિકોને તૈયાર કરવા તરફનો અભિગમ આશાપ્રદ છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, એજ્યુકેશન એન્ડ રીસર્ચ જેવી નવી સંસ્થાઓના નિર્માણ દ્વારા વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન મળશે એમાં શંકા ન હોય. લાખો યુવા તેજસ્વી બાળકોને વિજ્ઞાન તરફ આકર્ષિત કરવા અને જકડી રાખવા 'ઈનોવેશન ઈન સાયન્સ પર્સુઈટ ફોર ઈન્સ્પાયર્ડ રીસર્ચ'(INSPIRE) જેવી યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે. અત્યારે દિલ દિમાગનો મહત્તમ ઉપયોગ થાય એવા પરિવર્તનનાં સંકેત જોવા મળે છે. જુદા જુદા વૈજ્ઞાનિક ક્ષેત્રમાં સંશોધનને પુરસ્કૃત કરવા અડધા કરોડ જેટલી માતબર રકમવાળું 'મીની ઈન્ડિયન નોબેલ પ્રાઈઝ' જાહેર કરીને 'ઈન્ફોસીસ'એ એક વિરાટ કદમ ભર્યું છે. શક્તિશાળી રામન અને રામાનુજ ભારતની ધરા પર આજે પણ હયાત છે, આપણે શક્ય હોય તેટલા જલદી તેમની ખોજ કરી તેમને સમૃદ્ધ કરવાના છે. આપણી શાળા-મહાશાળાઓમાં નવોદિત વૈજ્ઞાનિક તૈયાર થાય, ભારતીય સમાજનો અભિગમ વૈજ્ઞાનિક બને એ જ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીની ફલઃશ્રુતિ હશે.●


## મેથોડિસ્ટ હોસ્પિટલ, નડિયાદ

મેથોડિસ્ટ હોસ્પિટલ, નડિયાદમાં દાંતનો વિભાગ કાર્યરત છે. જેમાં દાંતને લગતી તમામ સારવાર રાહત દરે કરવામાં આવે છે. તો અચૂકથી તેનો લાભ લેવો.

**ઉપલબ્ધ સારવાર :**

● દાંતની સંપૂર્ણ તપાસ ● વિવિધ પ્રકારના ચોકઠાની સારવાર ● દાંતના મૂળિયાંની સારવાર (RCT) ● ફિક્સ દાંત બેસાડવાની સારવાર ● ડહાપણની દાઢની સર્જરી ● દાંતની સફાઈ (Scaling) ● દાંત કાઢવાની સારવાર ● દાંતમાં સિમેન્ટનું પૂરણ

**સ્થળ** : *મેથોડિસ્ટ હોસ્પિટલ, મિશન રોડ, નડિયાદ*

ડૉ. પ્રતિક ક્રિશ્ચિયન (B.D.S.)
(સંપર્ક : ૯૫૧૨૩ ૯૨૨૨૪ / ૯૮૭૯૧ ૪૪૧૨૩)

**ઓપીડી સમય :**

(સોમવાર થી શનિવાર) સવારે ૯ થી ૧૧ અને બપોરે ૪ થી ૫.

રવિવાર અને અન્ય સમયે ડૉક્ટર એપોઈન્ટમેન્ટથી મળશે.



# માજિસ-૨૦૧૯

ડાભી વૈભવ વી. અને પરમાર રાહુલ એચ.

માજિસનો અર્થ - More - વધારે એવો થાય છે. આધ્યાત્મિક યાત્રા દ્વારા પ્રભુના પંથે પ્રયાણ કરવું એટલે માજિસ. દરેક યુવા યાત્રી જીવનમાં આધ્યાત્મિકતાનું મૂલ્ય સમજે, આનંદ તથા શાંતિના અનુભવ સાથે ઈશ્વરની અનુભૂતિ કરે, પોતાનો અને બીજાનો વિચાર કરે, સમાજના ઉત્થાન માટે યોગદાન કરે એ માજિસનો મુખ્ય હેતુ છે. ૧. સવારની નિત્ય પ્રાર્થના, ૨. ખ્રિસ્તયજ્ઞમાં હાજરી, ૩. અખતરાનો પ્રયોગ, ૪. માજિસ વર્તુળ અને ૫. આત્મનિરીક્ષણ જેવા પાંચ સ્તંભ પર માજિસ કાર્યરત છે.

માજિસ-સાઉથ એશિયા ચળવળને કયું રૂપક આપવું વાજબી હશે, જે સમાજ-રાષ્ટ્ર-ધર્મસભા-વિશ્વના નવનિર્માણમાં કોણશિલા પ્રતીત થશે. મારા મતે સુંદર પતંગિયાનું રૂપક ઉચિત હશે. પ્રારંભમાં ઈયળ, કોશેટો અને અંતે મોહક પાંખોવાળું પતંગિયું, તેમ છતાંયે ક્યારેક પતંગિયાને ક્ષણભંગુર સૌંદર્યનું પ્રતીક પણ માનવામાં આવે છે, વિશેષમાં તે પરિવર્તન તથા પુનરુત્થાન, પુરાણી પ્રકૃતિમાંથી નવા જીવનના ઉદ્‌ગમના પ્રતીક તરીકે પણ સ્વીકારવામાં આવે છે, બંનેમાં જીવનના વિકાસની સંખ્યાબંધ શક્યતાઓ સંગૃહીત છે. બરડ અને નાશવંત જીવનને, આપણા વ્યક્તિગત પ્રદાન દ્વારા આપણે સુંદરતમ્ અને સુખદ જીવવા યોગ્ય બનાવી શકીએ છીએ, તેનો નિર્દેશ 'માજિસ' કરે છે. 'માણસ હોવું અને માનવ બનવું' એ બંનેમાં જમીન આસમાનથી વધારે અંતર છે. યુવા એલચીઓ માણસને માનવતાની કેળવણી આપે છે અને એ રીતે સમાજ નવરચનાનું કાર્ય કરે છે, જેના મૂળમાં પણ માજિસ છે.

લગભગ સાતેક વર્ષ પહેલાં જેસુઈટ યુથ મુવમેન્ટ ઓફ સાઉથ એશિયાના સેક્રેટરી ફાધર બ્રાયન પરેરાના નેતૃત્વ-પહેલમાં માજિસ-સાઉથ એશિયાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર પછી દર વર્ષે દક્ષિણ એશિયાના ઈસુસંઘી પ્રાંતમાંથી 'માજિસ'ના બેનર હેઠળ યુવાનો એકત્ર મળે છે અને પરમેશ્વર, ઈશ્વર પરાયણતા અને સદ્‌ભાવનાની ઉજવણી કરે છે. જીવનના જટિલ ચક્રવ્યૂહમાં ગૂંગળામણ અનુભવતા સ્વકેન્દ્રી યુવાનોને આ સંમેલન પડકારે છે અને સમાજ પ્રત્યે સંવેદનશીલ બનાવે છે, મહત્ત્વાકાંક્ષી બનાવે છે. જીવનના વિરાટ યથાર્થદર્શન દ્વારા 'જાગ્યા ત્યાંથી સવાર' ગણી પોતાના જીવનધ્યેય અંગે પુર્નવિચારણા કરવા યુવાવર્ગને કાબેલ કરવો એ પણ માજિસનો એક ઉદ્દેશ છે. જેવી તમારી ઈચ્છા-ચાલકબળ તેવું તમારું જીવન-તમે પોતે. ગાંધીજીના શબ્દોમાં 'જેવી જેની ભાવના, તેનું તેવું થાય !' તમારી ઈચ્છા, તમારા કર્મને, તમારું કાર્ય, તમારા ભાગ્યનું નિર્માણ કરે છે. મહામૂલી ધરતી - આપણા ઘરની સારસંભાળ રાખવાની ઉન્નત ભાવનાવાળા સુંદરત્તમ માનવસમાજનું નવ સંસ્કરણ કરવાનો પણ માજિસનો હેતુ છે.

બેંગ્લોરમાં આયોજિત આગામી માજિસ યુવા કાર્યક્રમની પૂર્વ તૈયારી માટે ગુજરાત જેસુઈટ મિનિસ્ટ્રી દ્વારા તા. ૨૯, ૩૦ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ 'જીવનદર્શન' - વડોદરા ખાતે શિબિરાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ - Orientation programme - યોજાયો હતો જેમાં ગુજરાતના વિવિધ ધર્મવિભાગના ૭૩ માંથી ૬૨ યુવાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ફાધર અન્તોની માઈકલ રાજ અને સિ. નિર્મલા પરમાર MSCJ પણ ઉપસ્થિત રહ્યા હતા. માજિસના વિષયવસ્તુ 'લોકશાહીની ઉજવણી, બંધારણનું સમર્થન' પર શ્રી સચિન મેકવાને વિશદ સમજણ આપી હતી. માજિસના પાંચ સ્તંભમાંના એક 'આત્મ પરીક્ષણ' અંગે કેટલાક વ્યવહારિક નુસખા સાથે ફાધર વિન્સેન્ટ સલ્દાનાએ સરસ સમજૂતી આપી હતી. પવિત્ર કુટુંબના પર્વ નિમિત્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરતાં તેમણે માબાપનો આદર અને સંભાળ કરવા યુવાવર્ગને સંદેશ આપ્યો હતો. કાર્યક્રમના અંતે આગામી કાર્યક્રમ માટે જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

માજિસ સાઉથ એશિયા ૨૦૧૯ નું આયોજન ૧૧ થી ૧૪ જાન્યુઆરી - ૨૦૧૯ સુધી સેન્ટ જોસફ કોલેજ બેંગ્લોર ખાતે કરવામાં આવ્યું હતું, જેના મુખ્ય સંચાલક ફાધર બ્રાયન પરેરા હતા. માજિસ-૨૦૧૯ નો વિષય પણ એ જ હતો. લોકશાહીની ઉજવણી, બંધારણનું સમર્થન; ભારતના અલગ અલગ રાજયના લગભગ ૮૦૦ યુવાન-યુવતીઓમાં ૭૩ જેટલા ગુજરાતી હતા. માજિસ-૨૦૧૯ નું ઉદ્‌ઘાટન ૧૧ જાન્યુ. ૨૦૧૯ ના રોજ પ્રસિદ્ધ અભિનેતા પ્રકાશ રાય દ્વારા કરવામાં આવ્યું હતું. પોતાની ઉજ્જવળ કારકિર્દીમાં સેન્ટ જોસફ કોલેજની મહત્વપૂર્ણ ભૂમિકાને યાદ કરી, સત્યના પક્ષે ઊભા રહી અન્યાયનો

સામનો કરવા તેમણે યુવાવર્ગને આગ્રહ કર્યો હતો. માજિસ ક્રોસના સ્થાપન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને આત્મનિરીક્ષણ થકી પ્રથમ દિવસ પૂર્ણ થયો હતો.

પ્રભુ પ્રાર્થના, ખ્રિસ્તયજ્ઞની ઉજવણી અને બંધારણના રક્ષણના સ્પષ્ટ સંદેશ સાથે બીજા દિવસનો આરંભ કર્યો. ‘લઘુમતીના અધિકારો અને બંધારણ સલામતી માટે ખ્રિસ્તી યુવાનોની ભૂમિકા’ અંગે ફાધર સેડ્રિક પ્રકાશ એસ.જે. એ પ્રથમ બેઠકનું સંચાલન કર્યું હતું. ભારતમાં લઘુમતીઓ પર થતા હુમલા, લઘુમત્તીઓ અંગેની વિચારધારા, ખ્રિસ્તી સમાજની વાસ્તવિકતા વગેરે બાબતોથી તેમણે યુવાનોને વાકેફ કર્યા હતા. સાપ્રંત સ્થિતિથી અવગત બની, દેશના નાગરિક તરીકે સજાગ બનવા તેમણે નીચેના મુદ્દાઓ સૂચવ્યા હતા. ૧. આજે દેશમાં શું થઈ રહ્યું છે તેનાથી પરિચિત/સાવધાન રહેવું., ૨. બંધારણનો (આપણા અધિકારોનો) અભ્યાસ કરવો. ૩. ગરીબ, ખેડૂત, લઘુમતી અને હાંસિયાની બહાર ફેંકાઈ ગયેલા લોકોની પડખે રહેવું. ૪. સમાન વિચારસરણીવાળા લોકોનું જૂથ બનાવવું. ૫. ઈસુસંઘ, ભારતીય કેથોલિક ધર્માધ્યક્ષ પરિષદ (CBCI) નાં નિવેદન, વડાધર્મગુરુ ફ્રાન્સિસનો સંદેશ તથા ધર્મસભાના ઉપદેશનો અભ્યાસ તથા પ્રચાર-પ્રસાર કરવો. ૬. માનવ અધિકાર અને બંધારણીય મૂલ્યો આધારિત શિબિર, ચર્ચા વિચારણા અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવું. અંતમાં મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરના ગીત -

‘यदि तोर डाक शुने कोउ न आसे,
तबे अकेला चल रे ! अकेला चल रे !’

- ની રજૂઆત દ્વારા તમામ પ્રકારના ભય ફગાવી, ફરજપાલન માટે એકલા પણ આગળ વધવા પ્રેરણા આપી હતી.

‘સ્વતંત્રતાની સફર’ વિષય પર સેંટ જોસફ કોલેજના વિદ્યાર્થીઓની નાટક સ્વરૂપે રજૂઆત બાદ ‘બંધારણીય હક્કો અને યુવાશક્તિ’ વિષય પર પ્રાધ્યાપક જેરોમે સંબોધન કર્યું હતું. અંતે યુવાવર્ગના એકમેકના પરિચયના હેતુસર, વિવિધ જૂથમાં વિભાજીત કરી પોતાના વિચારોની આપ-લે કરવા માટે તક આપવામાં આવી. ‘ખ્રિસ્તના પ્રભાવમાં, આશાના પ્રેષિત બનવા હાકલ’ વિષય પર ડૉ. બેની પ્રસાદે પ્રવચન આપ્યું હતું, જેમાં જીવનની મુશ્કેલીઓમાં નાસીપાસ થવાને બદલે શ્રદ્ધાના જોરે વિજયી બનવા અનુરોધ કર્યો હતો. પ્રાયશ્ચિત સંસ્કાર અંગીકાર, વિવિધ રાજ્ય પ્રમાણે સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત અને આત્મનિરીક્ષણના અંતે સૌએ વિરામ લીધો.

૧૩ જાન્યુઆરીના રોજ ખ્રિસ્તયજ્ઞ બાદ અલગ અલગ ટૂકડીમાં અનુભવ-અખતરા-પ્રયોગ માટે શહેરનાં બસ સ્ટેન્ડ, બ્રીજ રોડ, ચર્ચ, મેટ્રો સ્ટેશન જેવા જાહેર સ્થળોએ યુવાનોને મોકલવામાં આવ્યા હતા. જ્યાં બેનર અને ‘પ્લેકાર્ડ’ દ્વારા લોકોને બંધારણ બચાવવા જાગૃત તેમણે કરવા કોશિશ કરી હતી તથા બંધારણની પુસ્તિકાનું વેચાણ પણ કર્યું હતું. છેવટે કુબોન પાર્કમાં અનુભવોની ચર્ચા કરવા સૌ એકત્ર મળ્યાં. વિશેષમાં બંધારણ અંગે લોકોમાં જાગૃતિ લાવવા પોતાના રાજ્યમાં પરત જઈ ‘શું કરશે ?’ તેનું ભાવિ આયોજન કરી, ચાર્ટ પર દર્શાવવામાં આવ્યું.

‘તેજે પ્રેયર’ બાદ કર્ણાટકના સિંઘમ્ આઈ.પી.એસ. અન્ના મલાઈના વ્યાખ્યાને યુવાવર્ગને અભિભૂત કર્યા હતા. તેમણે રાજનૈતિક, આર્થિક, સામાજિક, લોકશાહીનો પરિચય આપી, રાજકીય પક્ષો અને નેતાઓના ‘હાથીના દાંત ચાવવાના અને બતાવવાના જુદા’નો વાસ્તવિક ખ્યાલ અને તેમના દ્વારા લોકશાહી અને બંધારણ પર મારવામાં આવતી તરાપની સમજ આપી હતી. આ ઉપરાંત આપણા મૂળભૂત અધિકારો, ન્યાય પ્રક્રિયા, વિવિધ કાનૂન, લઘુમતીઓ પ્રત્યેનો આદરભાવ, સહકાર - રાષ્ટ્ર ગૌરવ જેવા વિષયને પણ તેમણે આવરી લીધા હતા. ડાન્સ કમ્પીટેશન અને આત્મનિરીક્ષણ બાદ દિવસ પૂર્ણ થયો હતો.

‘સ્વાતંત્ર્યના સ્વર્ગમાં, હે પિતા, મારા દેશને જાગૃત કરો.’ (‘In to the Heaven of Freedom my Father, Let my country Awake.’) ની હૃદયસ્પર્શી પંક્તિઓ સાથે ખ્રિસ્તયજ્ઞની ઉજવણી અને છેલ્લા દિવસનો શુભારંભ થયો. જવાહરલાલ નહેરુ યુનિ.ના વિદ્યાર્થી યુવા કાર્યકર્તા ઉપર ખાલિદે જોશભેર વ્યાખ્યાન આપ્યું હતું. દેશની સાંપ્રત ઘટનાઓ - નોટબંધી, જી.એસ.ટી.,ગૌરી લંકેશની હત્યા, દલિતો પર થતા અત્યાચાર, ટોળાઓ દ્વારા થતી નિર્દોષની હત્યા, લાચાર ખેડૂત અને વાયદાની ભરમાર - અંગે ગંભીરતાથી વિચારવા પ્રસ્તાવ મૂક્યો. તેમણે ‘Anti National’ અને ‘Anti Rational’ નો અર્થ સમજાવી, યુવાનોને સંગઠિત બની ભારતની લોકશાહી અને બંધારણના રક્ષણ માટે આહ્વાન કર્યું. રંગોળી સ્પર્ધા, માજિસ- ૨૦૧૯ ના દસ્તાવેજી ચિત્રપટની રજૂઆત, જેસુઈટ યુથ મિનિસ્ટ્રી ઓફ સાઉથ એશિયા(JYMSA) ના નવા નિયામક ફાધર બ્રાયન દ સૌજાના નામની જાહેરાત, આભારદર્શન અને પ્રભુના પંથે આગળ વધવાના ઉત્સાહ સાથે માજિસ-૨૦૧૯નું સમાપન થયું.

હવે માજિસનો આપણી વચ્ચે વાસ છે, કારણ આવતીકાલની ધર્મસભાની ધુરા યુવાનોના હાથમાં હશે, એ પ્રત્યેક શ્રદ્ધાળુએ - ધર્માધિકારીએ જાણવું જરૂરી છે.●


## ગુલશન સ્ટીલ ફર્નિચર

**દરેક પ્રકારના દીવાલના ગોખલા, સ્ટીલ તેમજ વુડન, અભરાઈ, માળીયા, ડ્રેસીંગ તિજોરી, કબાટ, પેટી પલંગ, દિવાન પલંગ, ટી.વી. શોકેસ, સોફા, ટીપોઈ બનાવનાર તેમજ વેચનાર.**

*પાવરી કુંભારવાડા, ભગવતી એસ્ટેટ, પ્રતાપનગર, ઈદગાહ હોડ, વડોદરા*

**સંપર્ક : મો. ૯૭૨૨૭ ૩૬૭૮૬**

## લોયોલા ફેબ્રિકેશન & વેલ્ડિંગ - નડિયાદ

**આપણી સંસ્થાઓમાં વપરાતી K.G.થી લઈને હાઈસ્કૂલ - કોલેજ સુધીની તમામ પ્રકારની ક્લાસરૂમ બેન્ચિસ, ક્લાસરૂમ ખુરશી, ટેબલ, પાટલી, બાંકડા, હોસ્ટેલ માટે પલંગ, ડબલ ડેકર, કોન્ફ. ચેર, જાળી, ઝાંપા, શેડ વિગેરેને લગતું ફેબ્રિકેશન અને વેલ્ડિંગનું કામ-કાજ ઓર્ડર મુજબ ગુણવત્તા મુજબ કરી આપવામાં આવશે.**

**(છેલ્લાં ૩૦ વર્ષના આપની સેવાના અનુભવી)**

**સંપર્ક : રૂપસિંગ, મો. 92287 10931, 98259 53178**

# મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**(૧) સિમલા - કુલુ - મનાલી - કૂફ્રી - ડેલહાઉસી - ખજીયાર - અમૃતસર - વાઘા બોર્ડર - જોધપુર - જયપુર**

**પ્રવાસ તા.** ૧૯/૦૫/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૦૧/૦૬/૧૯ **ટિકિટ દર :** રૂા. ૧૫૯૯૦ (એ.સી. બસ)

**(૨) માઉન્ટ આબુ**

**(બસ ૧) પ્રવાસ** તા. ૧૫/૦૨/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૧૮/૦૨/૧૯ સવારે

**(બસ ૨) પ્રવાસ** તા. ૦૨/૦૩/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૦૫/૦૩/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૨૦૦૦ (એ.સી. બસ)

**(૩) દિવ - સોમનાથ - દેવળીયા પાર્ક**

**(બસ ૧) પ્રવાસ** તા. ૨૨/૦૨/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૨૫/૦૨/૧૯ સવારે

**(બસ ૨) પ્રવાસ** તા. ૧૫/૦૩/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૧૮/૦૩/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૨૨૦૦ (એ.સી. બસ)

**(૪) મુંબઈ - એલિફન્ટા કેવ**

**પ્રવાસ તા.** ૨૨/૦૩/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૨૫/૦૩/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૨૭૦૦ (એ.સી. બસ)

**(૫) ઉદેયપુર - હલ્દીઘાટી - ચિત્તોડગઢ - અજમેર - પુષ્કર - જયપુર**

**પ્રવાસ તા.** ૨૭/૦૩/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૦૨/૦૪/૧૯

**ટિકિટ દર :** રૂા. ૫૪૦૦ (એસી બસ)

- ગોવા ટુર એપ્રિલ તથા મે મહિનાનું બુકિંગ ચાલુ છે.
- દરેક પ્રવાસમાં સવારે ચ્હા–નાસ્તો, બે ટાઈમ જમવાનું તથા હોટલમાં ફેમીલી સાથે.
- દરેક ટુરની બસ અમદાવાદ–નડિયાદ–આણંદ તથા વડોદરા થઈને જશે અને સીટ બુક પણ થશે.
- રૂા. ૧૦૦૦/– આપી સીટ બુક કરાવો.

**બસ ઉપડવાનું સ્થળ :** (૧) સી.ટી.એમ. અમદાવાદ
(૨) છાણી જકાતનાકા, વડોદરા

**: આયોજક :**
**મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)**
**મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧ / ૮૩૨૦૧ ૫૦૭૩૮**

---

'પ્રભુ ઈસુ સાથે ચાલો'

## પુણ્યભૂમિ ઈઝરાયેલની પવિત્ર યાત્રામાં જોડાવો

**સ્થળો:**

જોર્ડન, પેટ્રા, ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, ઈજિપ્ત, દુબઈ

**તારીખ:**

મે ૨૦૧૯

**સંપર્ક**

**અશિત ક્રિસ્ટી :** મો. ૯૮૭૯૨ ૮૭૫૯૧

**રેવ. ફાધર આમબ્રોસ ડાભી**

મો. ૯૬૦૧૭ ૭૩૩૪૬ (સલુણ)

## 'રોઝરી ટ્રાવેલ્સ'

*B-FF-29, રાધે શોપીંગ મૉલ*

*ખોખરા સર્કલ, મણીનગર(ઈસ્ટ), અમદાવાદ*

---

✝ ઈસુ ગોવાળ છે મારો ✝

## આશીર્વાદ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

૩+૨ લક્ઝરી બસ દ્વારા પ્રવાસ

**પ્રવાસ નં. ૧ :** તપઋતુમાં ૧૪ સ્થાનની ભક્તિનો લ્હાવો લો.
ભોપાલ-ઈન્દોર-ઉજ્જૈન

| | |
|---|---|
| પ્રયાણ તા. ૨૨-૦૩-૨૦૧૯ | રાત્રે ૯:૦૦ કલાકે |
| પરત તા. ૨૫-૦૩-૨૦૧૯ | સવારે ૭:૦૦ કલાકે |
| દિવસ : ૨ | ટિકિટનો દર : રૂા. ૨૫૦૦/- |

**પ્રવાસ નં. ૨ :** કુલુ-મનાલી-સિમલા-અમૃતસર-ધરમશાલા-ડેલ હાઉસી-વાઘા બોર્ડર
પ્રયાણ : એપ્રિલ માસના અંતમાં

| | |
|---|---|
| દિવસ : ૧૩ | ટિકિટનો દર : રૂા. ૧૫,૦૦૦/- |

**પ્રવાસ નં. ૩ :** પવિત્ર ભૂમિના દર્શને આવો
ઈઝરાયેલ-જોર્ડન-પેલેસ્ટાઈન-ઈજિપ્ત (મિસર)
પ્રયાણ : મે માસની શરૂઆતમાં

| | |
|---|---|
| દિવસ : ૧૦ | ટિકિટનો દર : રૂા. ૧,૦૦,૦૦૦/- |

- દરેક પ્રવાસ અમદાવાદ-નડિયાદ-આણંદ-વડોદરાથી પીકઅપ અને ડ્રોપ કરવામાં આવશે.
- પ્રવાસમાં સવારમાં ચા-નાસ્તો, બે ટાઈમ ભોજન, રહેવાની વ્યવસ્થા હોટલમાં.
- રૂા. ૧૦૦૦/- આપી આપની સીટ બુક કરાવો.

**બસ ઉપડવાનું સ્થળ :** *(૧) ટી.પી. ૧૩, છાણી જકાતનાકા , વડોદરા*
*(૨) ખોખરા સર્કલ, મણિનગર-અમદાવાદ*

**સંપર્ક કરો :** આશીર્વાદભાઈ : મો. ૭૩૮૩૫ ૧૪૨૩૮
સંજયભાઈ : મો. ૯૭૨૩૮ ૨૨૩૧૧

# HOLY LAND TOUR

May 2019

Jordan / Israel / Palestine / Egypt

**11 Days**

“feel the experience with Gujarati Guide”

**Rs. 1,00,000/- only**



**Pk Enterprise**

S-7, 2nd Floor, Triveni Arcade,
Anand-Vidhya Nagar Road,
Anand-388001, Gujarat
Email : pkenterprise06@yahoo.com
Ph : +91 9727703403 /9825146833
8460859006 /7574925929

ENTERPRISE



# પુષ્પક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ઉનાળુ વેકેશન પ્રવાસ**

**ગોવા - મહાબળેશ્વર - લોનાવાલા - મુંબઈ** (લક્ઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે)

| દિવસ | આખીટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|
| ૯ | રૂા. ૬૧૦૦/- | ૧૧-૫-૨૦૧૯ | હોટલ તથા ગેસ્ટ હાઉસ |

**કેરાલા સાથે તામીલનાડુ પ્રવાસ રેલ્વે તેમજ ૨X૨ લક્ઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે**

વેલાંકની, સંતઆલફોન્સા, પોંડીચેરી, કન્યાકુમારી, કોવાલમ, એલ્લપી, થેકકડી, મુનાર, કોચીન

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ |
|---|---|---|---|
| ૧૫ | રૂા. ૨૧૦૦૦/- | રૂા. ૧૫૦૦૦/- | ૧૧-૫-૨૦૧૯ |

**કાશ્મીર પ્રવાસ રેલ્વે તેમજ બસ દ્વારા લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે**

શ્રીનગર-ગુલમર્ગ, સોનમર્ગ, પહેલગાંવ-દાલ સરોવર-ચશ્મેશાહી ગાર્ડન-નિશાંત ગાર્ડન-શાલીમાર ગાર્ડન

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ |
|---|---|---|---|
| ૧૦ | રૂા. ૧૨૦૦૦/- | રૂા. ૯૦૦૦/- | ૨૫-૫-૨૦૧૯ |

-: નિયમો :-

★ રેલ્વે રીઝર્વેશન સમય મર્યાદામાં કરાવવાનું હોવાથી પૂરૂનામ સરનામુ - ઉંમરનો દાખલો, ફોન નંબર - મોડામાં મોડુ રેલ્વે પ્રવાસની તારીખના ૧૩૦ દિવસ (ચાર મહિના) પહેલા અમોને મોકલી આપવાનું રહેશે. બસ અથવા રેલ્વે પ્રવાસ કરનારે રૂા. ૫૦૦૦/- ડીપોઝીટ આપવાની રહેશે.
★ બસ જ્યાં સુધી જશે, ત્યાં સુધી લઈ જવામાં આવશે, અને આગળનો પ્રવાસ પ્રવાસીએ પોતાના ખર્ચે જવાનું રહેશે.
★ કુદરતી હોનારત, માંદગી કે ચોરી લૂંટફાટ માટે સંચાલકની જવાબદારી રહેશે નહી.
**પ્રવાસમાં આવનાર પ્રવાસીએ અમારા નિયમોનું ફોર્મ અવશ્ય ભરવાનું રહેશે.**

**ફ્રાન્સીસ સાયમન**
M. 9825303840, 9426615840

**પુષ્પા ડીકોસ્ટા** 9879581840

**પ્રિમુસ મેકવાન** ઈન્કમટેક્ષ પ્રેક્ટીશનર 98244 29883

**કાન્તિભાઈ ચૌહાણ** 98790 59036

ઘર : ડી-૧૦, માનસરોવર ડુપ્લેક્ષ, ઈડલી ચાર રસ્તા પાસે, માતૃધામ હોસ્પીટલ સામે, મણીનગર (પૂર્વ), અમદાવાદ-૮.

ઓફિસ : ૭, મારૂતીનંદન કોમ્લેક્ષ, ખોખરા, મણીનગર (પૂર્વ), અમદાવાદ-૮.
સમય :સવારે ૯-૦૦ થી ૧-૦૦ , સાંજે ૫-૦૦ થી ૮-૦૦ કલાક



પવિત્ર ભૂમિ ઈઝરાયેલની ચોથી ધાર્મિક યાત્રા

## પવિત્ર ભૂમિ ઈઝરાયેલ યાત્રા પ્રવાસ મે ૨૦૧૯

(અમદાવાદ થી અમદાવાદ)

**પ્રવાસના દેશ : જોર્ડન, ઈઝરાયેલ, (પેલેસ્ટાઈન), (નાઝરેથ), (બેથલેહેમ), ઈજિપ્ત અને દુબઈ**

- **પ્રવાસના દિવસ :** ૧૩
- **પ્રવાસનો અંદાજિત ખર્ચ :** રૂા. ૧,૨૮,૦૦૦/-
- **પ્રવાસનો સમય :** મે-૨૦૧૯ (પ્રથમ પખવાડિયું)

(ફેરફારને આધીન)

**દુબઈ આકર્ષણ**

**(બુર્જ ખલીફા એન્ટ્રી / દુબઈ સીટી - ટુર, ડેઝર્ટ સફારી + ડીનર)**

**નોંધ :** પાસપોટની ૨ કલર ઝેરોક્ષ તથા પાસપોટ સાઈઝના બે ફોટા સાથે નામ નોંધણી કરાવશો.

**:: સંપર્ક ::**

**પ્રવીણભાઈ ડે. મેક્વાન - મો. ૯૩૨૭૫ ૧૪૨૧૪**
*શ્રદ્ધા સોસાયટી, મરિયમપુરા, પેટલાદ*

**તરૂલત્તા આર. ક્રિસ્ટી**
**ફોન નં. ૦૨૬૯૨-૨૬૧૪૨૨ / મો. ૭૪૦૫૨ ૦૯૨૭૩**
*૩૪, આલેખ ટેનામેન્ટ, ચાવડાપુરા, જીટોડિયા - આણંદ*

**મીતલકુમાર પી. મેક્વાન - મો. ૯૮૭૯૨ ૦૫૨૫૭**
*એફ-૧૦૪, ૧ સિદ્ધાર્થ સમન્વય, જૂના છાવણી રોડ, વડોદરા*



## પ્રભુ ઈસુની પુણ્યભૂમિની ૨૧મી યાત્રા

| | દેશો | સમય | દિવસ | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | ઈજીપ્ત, ઈઝરાયેલ જોર્ડન, દુબઈ | એપ્રિલ ૨૦૧૯ | ૧૪ | રૂા. ૧,૩૦,૦૦૦ |
| ૨. | ઈજીપ્ત, ઈઝરાયેલ, જોર્ડન (દુબઈ વિના) | એપ્રિલ ૨૦૧૯ | ૧૦ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૩. | યુરોપ, ઈટાલી, વેટીકન, સ્વીત્ઝરલેન્ડ, જર્મની, ઓસ્ટ્રીયા, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ | મે ૨૦૧૯ | ૧૬ | રૂા. ૨,૧૬,૦૦૦ |



**: સંપર્ક :**

**કોકિલાબેન આલ્ફોન્સ પરમાર**
મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪

**શિલ્પાબેન સંદિપકુમાર મેકવાન**
મો. ૯૪૦૯૧ ૫૪૨૬૨
મો. ૯૪૨૭૬ ૪૨૧૬૨

**રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે.**
મો. ૯૪૦૮૬ ૬૭૧૭૮

# ધર્મવસુધા

## યુવા કેળવણીકારોને તાલીમ

**ખટમંડુ (નેપાળ):** તાજેતરમાં ગોદાવરી આશ્રમ ખાતે યુવા ઈસુસંઘી કેળવણીકારોને 'વિશ્વ નાગરિકતા માટે વૈશ્વિક દૃષ્ટિકોણ' વિષયે તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં ૧૫ પ્રાંત અને બે રીજિયનના ૨૨ જેટલા ઈસુસંઘીઓએ ભાગ લીધો હતો. 'આપણે ઈસુસંઘીઓ અન્ય માટે છીએ, માટે જ સમગ્ર માનવજાત માટે આપણને સોંપવામાં આવેલ નિશ્ચિત કાર્ય આપણે પાર પાડીએ છીએ.' એવો સંદેશ નેપાલના રીજિયોનલ સુપીરિયર ફાધર અમૃત રાજે શરૂઆતમાં આપ્યો હતો. ઈસુસંઘી શિક્ષણ સંસ્થાઓને જીવંત પરંપરા અનુરૂપ આદર્શ બનાવવા યુવા ઈસુસંઘી કેળવણીકારોને સતત પુનઃ મૂલ્યાંકન, આયોજન, નવીનીકરણ અને પુનરોધ્ધાર દ્વારા વૈશ્વિક તરફદારી કરવા રોમન કુરિયાના શિક્ષણ સચિવ ફાધર જોસ મેસાએ અનુરોધ કર્યો હતો.

'POSA' ના સોશ્યશ ફાધર કીથે દક્ષિણ એશિયાનું યર્થાથ ચિત્ર રજૂ કરી તેના પડકારો-સમસ્યાઓના ઉકેલ માટે ઈસુસંઘનાં મૂળ સુધી પહોંચવા આગ્રહ કર્યો હતો. ફાધર જોન રવિએ ઈસુસંઘી કેળવણીકારોને ઉદાહરણરૂપ પ્રોત્સાહક, સાધક અને શિક્ષણ સેવામાં અસરકારક બનવા કેટલાક ઉપાય દર્શાવ્યા હતા. ફાધર વેનૉન ડી. કુન્હાએ સાત કદમ- કર્મયોગી, પારસમણિ, પ્રેરક, સહયોગી, સુગ્રથનકર્તા, હમસફર અને પ્રાર્થનારત બનવા-શિખામણરૂપે રજૂ કર્યા હતાં. સાઉથ એશિયાના સેક્રેટરી ફાધર સન્નીએ સંસ્થામાં અને બહારની દુનિયામાં 'સહુનો સાથ' મેળવવા શીખ આપી હતી. તાલીમના અંતે મૂલ્યાંકન, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંપર્ક, સંત ઈગ્નાસના વારસાની જાણવણી અને એકબીજાના સતત સંપર્કમાં રહેવા નિર્ધાર કર્યો અને તાલીમ કાર્યક્રમ ઐતિહાસિક બની રહે તે દિશામાં પ્રયાણ આદર્યું.

— *આનંદ એન્થોની એસ.જે.*

## વડાધર્મગુરુનો નાતાલ સંદેશ

**વેટિકનઃ** નાતાલની પૂર્વ સંધ્યાએ, વડાધર્મગુરુ ફ્રાન્સિસે સંદેશમાં પ્રત્યેક વ્યક્તિને સાદગીપૂર્ણ જીવન જીવવા સખત પ્રયત્ન કરવા આગ્રહ કર્યો હતો. આજના સમાજમાં હયાત અતિશય ભૌતિકવાદને આંબી જવા તેમણે ખ્રિસ્ત ચીંધ્યા રાહે વધવા ચિંતન રજૂ કર્યું હતું. 'બેથલેહેમનો આ નાનકડો બાળક આપણા જીવન માટે એક નવો રાહ ચીંધે છે, ધાક જમાવીને કે જોરશોરથી જાહેરાત કરીને નહિ પણ સહભાગી બની, સ્વાર્પણ કરી. આપણા સ્વામીની આગળ ઊભાં રહેતાં સમજણ પડે છે કે, જીવનદાયી રોટી એ સ્વાદિષ્ટ ખોરાક નહીં પ્રેમ છે, અકરાંતિયું નહિ પણ પરોપકાર છે, આડંબર નહિ પણ સાદગી છે.'

વડાધર્મગુરુએ ઉમેર્યું હતું કે, 'પ્રમાદી વ્યક્તિ ખ્રિસ્તનો અનુભવ કરી શકે નહિ. ભરવાડોની જેમ તાબડતોડ નીકળી જવું પડે, જોખમ ઉઠાવવું જોઈએ.' ઈસુની જેમ માફી આપવી જોઈએ પણ એ સદૈવ સહેલું નથી. ક્ષમાવૃત્તિ હૃદયને વિશાળતા અર્પે છે, ભાગીદારી કરવા પ્રેરણા આપે છે, તનમનની સ્વસ્થતા અને શાંતિ પ્રદાન કરે છે. તેમણે જણાવ્યું હતું કે, ક્ષમાભાવના પ્રાર્થના દ્વારા કેળવાયેલી હોવી જોઈએ. એટલા જ કારણથી સંત સ્તેફાન પોતાના હત્યારાઓને માફી આપી શક્યા હતા કારણ તેઓ પવિત્ર આત્માથી સભર અને તેમની નજર સ્વર્ગ ભણી મંડાયેલી હતી.

— *ROMEREPORTS*

## ઈયર ઓફ ડાયલોગ

**લાહોર (પાકિસ્તાન):** 'આજનો માણસ સંદેશા વ્યવહાર માટે અદ્યતન ટેકનોલોજીના ઉપકરણોનો ઉપયોગ કરે છે પણ વિરોધભાસ જોવા મળે છે કે, એકબીજા સાથે સંવાદ કરવા ભાગ્યે જ સમય હોય છે. લોકોને અરસપરસ સંગાથમાં વાતચીત કરવા પ્રેરણા આપવી જરૂરી છે. વાર્તાલાપ જીવન અને શાંતિનાં રખોયાં કરે છે.' ઉપરોક્ત સંદેશ દ્વારા મહાધર્મપ્રાંત લાહોરના, મહાધર્માધ્યક્ષ સેબાસ્તિયને સમુદાયના વડા તરીકે ૨૦૧૯ના વર્ષને 'ઈયર ઓફ ડાયલોગ' જાહેર કર્યું હતું. 'બે વ્યક્તિ, પ્રેમી, પરિવાર, સમાજ, અન્ય ધર્મના લોકો વચ્ચેનો સંવાદ નવી આશા, મદદ, ગેરસમજને દૂર કરનાર, સંબંધને સુદૃઢ અને સઘન બનાવશે.' એમ તેમણે ઉમેર્યું હતું. 'જ્યારે આપણે બાઈબલનું પઠન કરીએ છીએ ત્યારે પરમેશ્વર અને માનવ વચ્ચેનો વાર્તાલાપ જાણ કરી શકીએ છીએ. પાપને કારણે પ્રભુથી દૂર ગયેલા આદમને પ્રભુ હાંક મારી બોલાવે છે, સંવાદ કરે છે.' સંવાદ મારફતે પ્રભુ પોતાની પ્રજા સાથે પુનઃ સંબંધ સ્થાપિત કરવા ઈચ્છે છે. પ્રભુ માનવજાત સાથે વાતચીતની પહેલ કરે છે અને આપણે તેના સર્જનને, તમામ સ્તરે અને તમામ સંદર્ભમાં સંવાદને પ્રોત્સાહન આપવું જોઈએ. પતિ-પત્ની વચ્ચે સંવાદ, માબાપ-સંતાન વચ્ચેનો સંવાદ પરિવારને એકસૂત્રે બાંધે છે, સભાયાજ્ઞિક અને ધર્મજનો - ધર્મ સેવા સમિતિના સભ્ય વચ્ચેનો સંવાદ, અન્ય ધર્મના લોકો સાથેનો વાર્તાલાપ માનવજાતને સુખ શાંતિ પ્રદાન કરે છે. વર્ષ દરમિયાન પુરોહિતગણ, ધર્મજનો, યુવાનો વગેરે સાથે મળી આંતરધર્મ વચ્ચે, ખાસ કરીને ખ્રિસ્તી અને ઈસ્લામ વચ્ચે સંવાદની અનિવાર્યતા પારખી, શાંતિ-ભાઈચારાનું વાતાવરણ ઊભું કરવા કોશિશ કરશે એમ મહાધર્માધ્યક્ષે જણાવ્યું હતું. વિશેષમાં રાજકીય અને ધાર્મિક નેતાઓ વચ્ચે સંવાદની ભૂમિકા દ્વારા સમાજમાં શાંતિ સ્થાપનાના પ્રવાસને વેગ આપવામાં આવશે. એવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

— *AGENZIA FIDES*

# ધર્મભારતી

## ધર્મજનો, દેવવિદ્યા અને ધર્મસભા

**દિલ્હીઃ** 'વિદ્યા જ્યોતિ' સંચાલિત દેવવિદ્યાના પત્રોચ્ચાર અભ્યાસક્રમ (Distance education programme in Theology-DEPTh) નો વાર્ષિક શિબિર અને સન્માન સમારંભ તાજેતરમાં યોજાયો, જેના મુખ્ય મહેમાનપદે દિલ્હીના આર્ચબિશપ અનિલ કુન્હો ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ દેવવિદ્યાને સીમા બહાર ધર્મજનો મધ્યે લઈ જવાની વાતને સાંપ્રત સમયની તાતી જરૂરિયાત ગણાવી હતી. આ અભ્યાસક્રમના નિયામક ફાધર ડૉ. રાજકુમાર જોસફ એસ.જે. એ અથાક પરિશ્રમ કરી તેને વેગવંતો બનાવ્યો હતો અને આ સમારંભમાં મહાધર્મપ્રાંતના ધર્મવિભાગમાંથી સેંકડો ધર્મજનોને એકત્ર કર્યા હતા. 'ધર્મજનો, ધર્મસભાની બહાર નથી' એવા વડાધર્મગુરુ પીયૂષ બારમાના તથા દ્વિતીય વિશ્વ પરિષદના 'એક ખ્રિસ્તી શ્રદ્ધાળુ તરીકે ધર્મજનોની હાજરીથી ધર્મસભા અને પ્રેષિતિક કાર્યનો

વિકાસ શક્ય છે.' વિધાનનું તેમણે સ્મરણ કર્યું હતું. સારાનરસાની પરખ, ચર્ચાવિચારણા દ્વારા ધર્મજનોના સતત શ્રદ્ધા ઘડતરથી તેઓ સંસ્કાર સંપન્ન અને સંનિષ્ઠ બને, સર્વાંગી વિકાસ થાય તે તત્કાળ સમયની દેન છે.

ધર્મજનોના સશક્તિકરણને ધ્યાનમાં રાખીને જ 'ડેપ્થ' દ્વારા 'દેવવિદ્યા ધર્મજનોને અને ધર્મજનો ધર્મસભામાં' મથાળા હેઠળ આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવવિદ્યામાં સ્નાતકની પદવી મેળવનાર પાંચ વિદ્યાર્થીઓનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. આર્ચબિશપ અનિલ અને ફાધર કીથ અબ્રાન્ચે તેમને પ્રમાણપત્ર એનાયત કર્યા હતાં. આ સમારંભનું આભૂષણ હતું મુખ્ય વક્તા રેવ. ડૉ. ફેલિક્ષ વિલફ્રેડનું વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન. 'ધર્મજન એટલે કોણ ?' પ્રશ્ન દ્વારા તેમણે વ્યાખ્યાન શરૂ કરી ખ્રિસ્તી શ્રદ્ધાળુઓનો અર્થ અનોખા અંદાજમાં રજૂ કર્યો. 'સુંદરમ્, સાક્ષી અને સત્ય'ના પરિપાકરૂપે શ્રદ્ધાનો આવિષ્કાર થાય ત્યારે જ શ્રદ્ધા પરિપક્વ બને છે, જે આપખુદીપણામાંથી સ્વાતંત્ર્ય અને નિખાલસતાની યાત્રા માટે પ્રેરણા આપે છે. પ્રસંગોચિત પ્રશ્નો દ્વારા ખ્રિસ્તી શ્રદ્ધાળુઓએ જ્ઞાનપિપાસા વ્યક્ત કરી હતી, જેનો પ્રત્યુત્તર દેવવિદ્યાના નિષ્ણાંતોએ આપ્યા હતા. અરસપરસ અસર કરનાર સંવાદ-પ્રતિભાવને પરિણામે આ બેઠક ખૂબ જ ફળદાયી રહી, જ્યાં શ્રદ્ધાળુઓ ખુલ્લા મને પોતાની વાત-વિચાર રજૂ કરી શકે,ચિંતન મનન કરી શકે અને ધર્મસભાનું નવસર્જન થઈ શકે, એ દિવસ હવે દૂર નથી.

*– બ્રધર ફ્રેન્કલિન રેક્ષ એસ.જે.*

## ભારતીય મૂલ્યો સંગ નાતાલ ઉજવણી

**ગોઆઃ** 'નાતાલની ઉજવણીમાં ભારતીય પ્રતિષ્ઠિત મૂલ્યો સંવેદના અને કરુણાનો પડઘો પડવો જોઈએ.' એવો સંદેશ ગોઆના મહાધર્માધ્યક્ષ ફિલિપ્પ નેરિ ફેરોએ ૨૪ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ બિશપ હાઉસ-પણજી ખાતે વાર્ષિક નાગરિક સ્નેહ સંમેલનમાં આપ્યો હતો. જેમાં રાજ્યના રાજ્યપાલ મહામાહિમ મૃદુલા સિંહા, અન્ય મંત્રી મહોદય, મહાનગર પાલિકાના હોદ્દેદારો તથા વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

મહાધર્માધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, ગોઆ રાજ્યની કુલ વસ્તીના ચોથા ભાગ કરતાં વધારે આબાદીને ધાર્મિક અને આધ્યાત્મિક માર્ગદર્શન પૂરું પાડતાં, ૨૦૧૮નું વર્ષ 'ગરીબ અને વંચિત વર્ગ'ને ધ્યાનમાં રાખી ઉજવવામાં આવ્યું હતું અને નાતાલની ઉજવણીમાં પણ ગરીબ લોકોને સામેલ કરીને જ ઉજવવામાં આવે એવો અનુરોધ કેથોલિક શ્રદ્ધાળુઓને કરવામાં આવ્યો હતો. ગભાણમાં જન્મેલ એ દિવ્ય બાળ, ગરીબમાં ગરીબ તથા નિરાધાર લોકો તરફ ઈશારો કરે છે, એટલે નાતાલઋતુ સ્વયંભૂ આપણને સમવેદના અને કરુણાનો પદાર્થ પાઠ શીખવે છે.

*– BUSINESS STANDARO*

## હત્યાકાંડમાં જીવિત - સંન્યસ્ત માર્ગે

**કંધમાલ(ઑડિશા):** ખ્રિસ્તીવિરોધીહત્યાકાંડમાં નિરાધાર બનેલામાંથી ચારેક જણે સંન્યસ્ત જીવન અપનાવ્યું છે. 'મોશેની જેમ, પ્રજાને મુક્તિમાર્ગે દોરવા તમારી પસંદગી કરી છે માટે પ્રભુ અને પ્રજાને વફાદાર અને જવાબદાર રહેજો' એવો સંદેશ બહેરામપુરના ધર્માધ્યક્ષ શરતચંદ્ર નાયકે દીક્ષાવિધિ સમયે આપ્યો હતો. મેરી માતા ધર્મવિભાગ, સિમોનવાડી - કંધમાલ જિલ્લામાં આયોજિત દીક્ષાવિધિ સમારોહમાં ૧૫૦૦ જેટલા ધર્મજનો, ૪૭ પુરોહિતગણ અને ૨૦ સાધ્વીબહેનોએ હાજરી આપી હતી. અરૂણોદય કપુચિન આશ્રમ માઈનોર સેમિનરી બારોખોમાથી બાર કિ.મી. દૂર આ દીક્ષાવિધિ યોજાઈ હતી, જ્યાં ૨૦૦૭-૨૦૦૮ દરમિયાન ખ્રિસ્તી વિરોધ તત્વોએ બે વખત ઘેરી લઈ ક્રૂર હત્યાકાંડને અંજામ આપ્યો હતો. 'અબ્રાહમ પછી હજારો વર્ષ બાદ યહુદી પ્રજા મિસરમાં ગુલામી અવસ્થામાં હતી ત્યારે પ્રભુએ આ પ્રજાને મુક્ત કરવા અને પવિત્ર ભૂમિમાં નિવાસ કરવા દોરી-જવા મોશેની પસંદગી કરી હતી, જે તેના માટે પડકારજનક હતું પણ મોશેએ આજ્ઞાનું પાલન કર્યું હતું. એનું સ્મરણ પુરોહિત દીક્ષાર્થી રાહુલ બસ્તરે, જ્યોર્જ પત્માજિહિ, આનંદ પ્રધાન અને અમરકુમાર સિંહને ધર્માધ્યક્ષશ્રીએ કરાવ્યું હતું. કોમી હત્યાકાંડ કંધમાલના ખ્રિસ્તીઓનું સર્વસ્વ પાયમાલ કર્યું હતું, સિવાય ઈસુ ખ્રિસ્તપરની શ્રદ્ધા.' માણસ મુક્ત હોય તો જ સંપૂર્ણ માનવ બની શકે છે. ભારતીય બંધારણે ભારતના નાગરિકોને કોઈપણ ધર્મ અપનાવવા અને પાળવા સ્વતંત્રતા આપી છે પણ ભારતનાં કેટલાંક રાજ્યમાં ધર્મ સ્વાતંત્ર્ય વિરોધી કાનૂન ઘડવામાં આવ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું. નવદીક્ષાર્થીમાંના એક ફાધર પ્રધાને પ્રતિભાવ આપ્યો હતો કે 'કોમી હત્યાકાંડ આ દસ વર્ષ દરમિયાન તેમના તાલીમ - ઘડતરમાં અડચણ ઊભી કરી શક્યો ન હતો. હત્યાકાંડ વખતે અમે જંગલમાં આશરો લીધો હતો. અમારા અભ્યાસમાં આરોહ-અવરોહ આવ્યો હતો પણ પ્રભુએ પોતાના રાજ્યની ઘોષણા માટે તમામ જોખમમાંથી અમને ઉગારી લીધા હતા !'

*– MATTERS INDIA*

## ટ્રાન્સજેન્ડર સાથે નાતાલ પર્વ

**મુંબઈઃ** ૨૦ ડિસે., ૨૦૧૮ આશાદીપ કમ્યુનિટી સેન્ટર-માહિમ માટે એક ઐતિહાસિક દિવસ હતો, કારણ પ્રથમ વખત આ કેન્દ્ર દ્વારા ટ્રાન્સજેન્ડર સાથે સફળતાપૂર્વક નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્રના સામાજિક કાર્યકરોએ ગયા વર્ષથી ટ્રાન્સજેન્ડરની મુલાકાત લેવાનું શરૂ કર્યું હતું અને તેઓ પણ આઠ-દસની ટોળીમાં સેન્ટરમાં આવતા-જતા થયા હતા. વારંવાર મુલાકાત કરતાં નાતાલપર્વની ઉજવણીનો પ્રસ્તાવ તેમણે સ્વીકાર્યો અને ત્યારપછી આયોજન થયું, જેના પરિણામે ૧૫ જેટલા ટ્રાન્સજેન્ડર ઉજવણીમાં પધાર્યાં. પ્રાર્થના, સ્વાગત, સંદેશ, રમતગમત, અલ્પાહાર અને નાતાલ ભેટ થકી ઉજવણી માણવા યોગ્ય બની. સેન્ટ માયકલ ચર્ચના સભાપુરોહિત ફાધર લેન્સી પિન્ટોએ સંદેશ આપ્યો હતો. હાજર ટ્રાન્સજેન્ડરમાંથી પાંચેક જણે આગળ આવી મનગમતાં ગીત પર ડાન્સ કર્યો હતો. તેઓના એક નયા નગરના-ઝોયાએ પોતાની આપવીતી જણાવી હતી. સાથે કેન્દ્ર તરફથી મળેલો સત્કાર અત્યાર સુધીનું મોટું સન્માન હતું, એમ પણ સ્વીકાર્યું હતું. સિ. ક્રિસ્ટેલના હૃદયમાં જાગેલ ટ્રાન્સજેન્ડર પ્રત્યેની સહિષ્ણુતાએ આ કાર્યક્રમને સાકાર કર્યો હતો. હવે પછી દર મહિને તેમની મુલાકાત, વ્યક્તિત્વ તાલીમ, હકારાત્મક અભિગમ, જેવા ભાવિ કાર્યક્રમ કેન્દ્ર દ્વારા કરવામાં આવશે, એવી જાહેરાત કરવામાં આવી હતી.

*– સૌજન્ય : EXAMINER VOL : 170/03*

# ધર્મગુર્જરી

## 'દૂત' સ્વયંસેવક સંમેલન

**આણંદઃ** કમ્યુનિટી હોલ ખાતે ૨જી ડિસે., ૨૦૧૮ ના રોજ 'દૂત'ના સ્વયંસેવકોનું વાર્ષિક સંમેલન યોજાયું જેમાં ૫૬ સ્વયંસેવકોએ હાજરી આપી હતી. શ્રી મનુ દાવલાના સ્વરે પ્રાર્થના ભજન રજૂ થયું. શાસ્ત્રપાઠ પઠન બ્રધર અલ્પેશ ચૌહાણે કર્યું. સ્વાગત પ્રવચન ઓફિસ સુપ્રિ. શ્રી માર્ટિન મેકવાને કર્યું. ત્યારબાદ સ્વયંસેવકો સાથે સીધો સંવાદ કર્યા. જેમાં 'દૂત' વિતરણ સંબંધી પ્રશ્ન-નિરાકરણની વાતો બહાર આવી. 'દૂત'ના પ્રકાશક અને તંત્રીશ્રીએ 'દૂત' સ્વયંસેવકોને સંપૂર્ણ સહકાર આપવા ખાતરી આપી હતી.

આ સંમેલનમાં આજીવન વ્રત અંગીકાર કરનાર બ્રધર અલ્પેશ ચૌહાણ તથા સંમેલનમાં પ્રથમ વખત હાજરી આપનાર 'દૂત'ના નવા પ્રકાશક ફાધર એન્થોની પિચ્ચાઈનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સંવાદને અંતે ફાધર પીયુષ પરમારે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો, જેમાં સ્વયંસેવકોને પ્રૈષિતિક કાર્ય માટે આહ્‌વાન કર્યું હતું. સ્નેહભોજન અને પ્રેમભેટ બાદ સૌએ વિદાય લીધી હતી. સંમેલનનું સંચાલન 'દૂત'ના સહતંત્રી શૈલેષ ક્રિસ્ટીએ કર્યું હતું.

*— મંજુ મેકવાન*

## સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ

**વડોદરાઃ** સેન્ટ જોસફ ચર્ચ ખાતે, સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ સેંટ જોસફ કોન્ફરન્સનો પ્રથમ સ્થાપનાદિન ઉજવાયો, જેમાં ફાધર વિક્રમ મહિડાએ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. તેમણે છટાદાર શૈલીમાં સ્નાનસંસ્કાર દીક્ષાની સમજ આપી. આ પ્રસંગે આમંત્રિત મહેમાનો સાથે લાભાર્થી પરિવારોનું સ્વાગત, મંડળની પ્રવૃત્તિઓનો અહેવાલ તથા જરૂરિયાતમંદને શૈક્ષણિક અને તબીબી સહાય અર્પણ કરવામાં આવી. મંડળના ઉપપ્રમુખ સચિનભાઈએ સેન્ટ વિન્સેન્ટના જીવન કવનની ઝાંખી કરાવી તથા દાતાઓની ઉદારતાને બિરદાવી હતી.

*— રવિ મેકવાન*

**ઠાસરાઃ** એરિયા કાઉન્સિલ ઓફ ખેડાનો એક દિવસીય શિબિર અને સભા ૧૩ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ સચ્ચિદાનંદ કોન્ફરન્સના યજમાન પદે યોજાયો, જેમાં કાઉન્સિલ તથા સ્થાનિક કોન્ફરન્સના કુલ ૨૩ સભ્યગણે ભાગ લીધો હતો. સચ્ચિદાનંદ હાઈસ્કૂલના આચાર્ય ફાધર જસ્ટિને ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને તેમણે સ્નાનસંસ્કાર થકી મુક્તિયાત્રાનો સંદેશ આપ્યો હતો. ચા-પાણી બાદ, ઉમરેઠ ડીનરના ડીન ફાધર સિરિલ ડાયસે 'સેવા સમર્પણમાં અવરોધ અને ઉપાય' વિષય પર પ્રવચન આપ્યું હતું. શુભસંદેશનાં વચનોને આધારે સેવા અને સમર્પણનો અર્થ તેમણે સમજાવ્યો હતો.

બીજી બેઠકનું સંચાલન કાઉન્સિલના પ્રમુખશ્રી જસવંત મેકવાને કર્યું હતું, જેમાં સભ્યગણ ટૂકડીમાં વહેંચાઈને પોતાની કોન્ફરન્સને સેવાકાર્યમાં નડતા અવરોધ અને તેના ઉપાય વિશે ચર્ચા કરી હતી. અંતમાં પ્રત્યેક ટૂકડીના પ્રતિનિધિએ ચર્ચાનો નિત્કર્ષ જાહેરમાં રજૂ કર્યો હતો. તેમાં સ્વયંસેવકોની તાલીમને સઘન બનાવવા તથા શ્રદ્ધા ઘડતરના કાર્યક્રમનું આયોજન કરવા સર્વ સામાન્ય સૂચન મળ્યાં હતાં. ભોજન બાદ કાઉન્સિલની માસિક સભા મળી હતી. નજીકના ભવિષ્યમાં કાઉન્સિલના તમામ સભ્યગણ માટે તાલીમ શિબિર રાખવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

*— મગનભાઈ પટેલિયા*

**કરમસદઃ** ૯ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ એરિયા કાઉન્સિલ ઓફ આણંદના સભ્યગણ માટે એક દિવસીય શિબિર યોજાયો, જેમાં સભ્યગણે ભાગ લીધો હતો. આવકાર, પ્રાર્થના, શાસ્ત્રપાઠ પઠન બાદ આણંદ ડીનરીના ડીન ફાધર જસ્ટિને મંડળના સભ્યગણ તથા દાતાશ્રીઓને નિઃસ્વાર્થ સેવા માટે અભિનંદન પાઠવ્યાં હતાં. આ પ્રસંગે શ્રી જયંતીભાઈ પરમાર તથા શ્રી સમીરભાઈ પરમાર મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. અતિથિવિશેષમાં 'રાહેલ બા વૃદ્ધાશ્રમ' મગોડી (ગાંધીનગર)નાં સંચાલિકા સુજ્ઞશ્રી નિર્મળાબેન તથા શ્રી ઝાલા સાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં. મહેમાનશ્રીઓએ સેવાકાર્યમાં સહકાર આપવા ખાતરી આપી હતી. અમદાવાદ ધર્મપ્રાંતના યુવા સંયોજક ફાધર વિક્રમ મહીડાએ આ પ્રસંગે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને સેવક બનવા સંદેશ આપ્યો હતો. ભોજન બાદ અગામી વર્ષની પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. સુજ્ઞશ્રી મંજૂલાબેન તરફથી કરમસદ ધર્મવિભાગની વિધવા બહેનોને નાતાલ ભેટ આપવામાં આવી હતી. ઓઝાનામ સેવાશ્રમના અધ્યક્ષશ્રી ઈસુદાસ વાઘેલાએ સેવાશ્રમની માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન, કાઉન્સિલનાં પ્રમુખ શ્રીમતી ઉર્મિલાબેન પરમારે કર્યું હતું.

*— મરિયમબેન, મંત્રીશ્રી*

**નડિયાદઃ** ક્રાઈસ્ટ ધ કિંગ કોન્ફરન્સ મિશન રોડ દ્વારા ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ નવ જેટલી જરૂરિયાતમંદ બહેનોને સિવવાના સંચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સ અને એરિયા કાઉન્સિલ ખેડાના આધ્યાત્મિક સલાહકાર ફાધર કે.ટોની, વિન્સેન્શિયન સ્વયંસેવકોને અનુદાન પર આધાર રાખવાને બદલે જાતે જ નાણાં ઊભાં કરવા અવારનવાર પ્રેરણા આપતા હતા, જે સ્થાનિક કોન્ફરન્સે સિદ્ધ કરી બતાવ્યું. નવ સંચાના દાતા ઊભા કર્યા અને તેમની ઉપસ્થિતિમાં જ તેનું વિતરણ કરી એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ પ્રસંગે સેન્ટ્રલ કાઉન્સિલ અમદાવાદના પ્રમુખશ્રી દાનિયેલ ક્રિસ્ટી, એરિયા કાઉન્સિલ ખેડાના પ્રમુખશ્રી જસવંત મેકવાન તથા સ્થાનિક કોન્ફરન્સના પ્રમુખશ્રી માઈકલ મેકવાન, અન્ય હોદ્દેદારો, દાતાઓ, લાભાર્થી બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. વિશેષમાં 'મૈત્રી' સ્વૈચ્છિક સંસ્થા, નડિયાદ તરફથી આ બહેનોને એક મહિનાની તાલીમ પણ આપી હતી અને સંસ્થાના નિયામક મેહૂલ પરમારે અન્ય કોન્ફરન્સના આ પ્રકારના આયોજનમાં સહકાર આપવાની ખાતરી આપી હતી. સંચા વિતરણની સ્વનિર્ભર યોજના (Self Project) થી સૌ પ્રભાવિત થયા હતા અને આયોજકોને અભિનંદન પાઠવ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી અનિલ રોન્ઝાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે પ્રાર્થના અને અલ્પાહાર બાદ સૌ વિખૂટ પડ્યા હતા.

*— કમુબેન વાઘેલા*

## 'હેપ્પી ક્રિસમસ'નો પ્રીમિયમ શો

**નડિયાદઃ** સેંટ જોસફ સેમિનરી, ખાતે સિનેમેટિક લઘુફિલ્મ 'હેપી ક્રિસમસ'નો પ્રીમિયમ શો ૨૬ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ યોજાયો હતો, જેમાં અમદાવાદ ધર્મપ્રાંતના વિકર જનરલ રેવ. ફાધર પરેશ પરમાર તથા

'દૂત'ના માનદ્‌તંત્રી ફાધર ડૉ. વિનાયક જાદવ એસ. જે. અને બી.બી.એન. ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. લઘુફિલ્મના નિર્માતા વિજય મેકવાને ફિલ્મ નિર્માણના ઉદ્દેશ અંગે જણાવ્યું હતું : 'ખ્રિસ્તજયંતીના પર્વ ટાણે, ખ્રિસ્તી પરિવારોમાં અને ખાસ કરીને પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ ઉત્કટ બને, સઘળી કડવાશ વિસારે પાડે અને અર્થપૂર્ણ રીતે પર્વની ઉજવણી કરે તે અંગે આંગળી ચીંધવાનો છે.' લઘુ ફિલ્મની પટકથાનું લેખન શ્રી જસવંત મેકવાને કર્યું છે જ્યારે અભિનય શ્રી તરલ પરમાર અને કુ. જેસિકા પરમારે કર્યો છે. સાંસારિક ઘટનાઓને ઉર્ધ્વગામી બનાવવાના આ નમ્ર પ્રયાસને દર્શકો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો છે. *– મિત્તલ ગોહિલ*

## નાતાલ-નૂતનવર્ષની ઉજવણી

**નડિયાદઃ** મિલ રોડ વિસ્તારના સ્ટારગ્રૂપ દ્વારા પર્વ નિમિત્તે વિવિધ કાર્યક્રમ - બાલદિન, મહિલાદિન, ટેલેન્ટ ડે તથા પ્રવૃત્તિઓ - બાઈબલ આધારિત ચિત્ર સ્પર્ધા, રંગપૂરણી, બાઈબલ ક્વિઝ, વેશભૂષાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે સેન્ટ જોસફ ચર્ચના સભાપુરોહિત ફાધર તુલસી ડાભી, શ્રી ગૌતમભાઈ બ્રહ્મભટ્ટ તથા સરોજબેન હાજર રહ્યાં હતાં, જેમણે વિજેતાઓને ઈનામ આપી સન્માનીત કર્યા હતાં. *– વિરલ પરમાર*

**સંદેશર (કરમસદ):** નાતાલ પર્વ નિમિત્તે ફાતિમા યુથ દ્વારા કેક કટિંગ, ગરબા અને શાન્તાક્લોઝ દ્વારા ઘરે ઘરે શુભેચ્છા અને ભેટનો કાર્યક્રમ યોજાયો હતો. સપ્તાહ દરમ્યાન વિવિધ રમતગમત-રસ્સાખેંચ, બેન્સિંગ, બોમ્બિંગ ધ સીટી, સંગીત ખુરશી તથા અંતાક્ષરીનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી અનિલભાઈ સોલંકી તરફથી વિજેતાઓને ઈનામ અને સ્મિથ રાજેશ મેકવાન તરફથી ૨૫ ખુરશીની ભેટ આપવામાં આવ્યાં હતાં. સમૂહભોજનમાં કરમસદ ધર્મવિભાગના પુરોહિતગણ તથા સાધ્વીબહેનોએ હાજરી આપી હતી. વિશેષમાં કરમસદ પેરિશ અને આણંદ ડીનરી આયોજિત ગભાણ સ્પર્ધામાં ફાતિમા યુથનો પ્રથમ નંબર આવ્યો હતો. સર્વનો આભાર અને અભિનંદન.

*– સ્ટીવન મેકવાન*

## સાતમો સમૂહલગ્નોત્સવ

**સલુણઃ** દિવ્ય દયાધામ ખાતે ગુજરાત કેથોલિક સમાજ આયોજિત સાતમો લગ્નોત્સવ ૨૯ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ સંપન્ન થયો, જેમાં આઠ નવયુગલ લગ્નસંસ્કારથી જોડાયાં હતાં. અમદાવાદ ધર્મપ્રાંતના માનનીય ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામીએ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને કેથોલિક વિધિ પ્રમાણે નવપંદતીને લગ્નસંસ્કારથી જોડવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ગુજરાત કેથોલિક સમાજ તરફથી પ્રત્યેક યુગલને પાંચ ઘરેણાં અને ઘરવખરી ભેટરૂપે આપવામાં આવ્યાં હતાં. દાતાઓશ્રીએ ઉપસ્થિત રહી ભેટસોગાદ અને શુભેચ્છા પાઠવી હતી. સેન્ટ જોન મેરી વિયાની - પાલૈયા ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર આમ્રોસ ડાભી તથા નડિયાદ ડીનરીના ડીન ફાધર રમેશ મેકવાન, સાધ્વી બહેનો, સમાજના હોદ્દેદારો પ્રમુખશ્રી જયંતીભાઈ મેકવાન, મંત્રીશ્રી રમેશભાઈ પરમાર, કન્વીનરશ્રી વિજયભાઈ કે. મેકવાન અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી લગ્નોત્સવને સફળ બનાવ્યો હતો. *– અનિલ ક્રિસ્ટી*

## જેલમાં ખ્રિસ્તજયંતીનો સંદેશ

**અમદાવાદઃ** ૩૦ મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ 'પોલાઈન પરિવાર' ડોટર્સ ઓફ સેન્ટ પૉલ અને પોલાઈન કો-ઓપરેટર્સના સહયોગથી સાબરમતી જેલ ખાતે બાઈબલ આધારિત નાટિકાના અભિનય તથા 'ઈસુના જન્મ'ના દશ્યની રજૂઆત દ્વારા ભગવાન ઈસુનાં પ્રેમ, આનંદ, શાંતિ, ક્ષમા અને કરુણાનો સંદેશ આપ્યો હતો.

સાચા દિલથી પશ્ચાતાપ કરનારને પ્રભુ અવશ્ય ક્ષમા કરે છે, સંદેશ આપતી નાટિકા 'જેણે પાપ ન કર્યું એકે, પથ્થર પહેલો ફેંકે' એ અસરકારક રીતે ઈસુની કરુણા અને ક્ષમા ભાવના વ્યક્ત કર્યા હતાં. સિ. અનુકંપા એક્કાએ પાપી સ્ત્રી અને કરુણાસાગર ઈસુનું પાત્ર સિ. સ્તેફિયા થોમાસે અભિનય કર્યું હતું.

ઈસુ જન્મના દશ્યમાં માતા મારિયાને દેવદૂત વધામણી આપે છે થી શરૂ કરી, ઈસુનો જન્મ, ભરવાડોને એંધાણી અને દર્શન, પૂર્વના પંડિતોનું આગમન અને ભેટ સોગાદ અર્પણ વગેરે આબેહૂબ રીતે રજૂ કર્યા હતાં. વિશેષમાં પ્રત્યેક વ્યક્તિએ અસરકારક અભિનય કરી ઈસુ જન્મના દશ્યો આબેહૂબ-જીવંત રીતે રજૂ કર્યા હતાં. ઢોલી-એલેકક્ષ લોબોનું સંગીત અને સાન્તાક્લોઝ - સિ. અનુકંપા એક્કાના ચોકલેટ વિતરણે જેલના કેદીઓ વચ્ચે ગજબનું આકર્ષણ ઊભું કર્યું હતું. સમગ્ર ઉજવણીના પ્રવક્તા તરીકેની ઉમદા જવાબદારી શ્રીમતી ઈન્દુ રાવે કરી હતી. આ પ્રકારના હૃદયસ્પર્શી કાર્યક્રમનું આયોજન અવારનવાર કરવા જેલના અધિકારીઓએ વિનંતી કરી હતી, જેને પોલાઈન પરિવારે સ્વીકારી હતી.

*– રીટા જોસફ*

## ૩૩ મો વાર્ષિક મહોત્સવ

**કલોલઃ** સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલનો ૩૩ મો વાર્ષિક મહોત્સવ ૨૨ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ યોજાયો, જેમાં વડાધર્મગુરુ ફ્રાન્સિસના 'લાઉદાતો સી' - 'પ્રભુ, તમારી સ્તુતિ હો...' પર્યાવરણ વિષયક વિચારોને સમગ્ર શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમ દ્વારા વાચા આપી હતી, ફલઃ સ્વરૂપ ઉપસ્થિત વાલીગણ-મહેમાનો પ્રકૃતિમય બની ગયા હતા. કાર્યક્રમની ઝળહળતી સફળતા માટે ફાધર નિક્સન મેકવાન એસ.જે.-આચાર્યશ્રીએ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં.

*– રૂચિર પી.ક્લાર્ક*

## કરાંટે સ્પર્ધામાં વિજેતા

**નડિયાદઃ** તારીખ ૨૮,૨૯ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ લખનઉ(ઉત્તર પ્રદેશ)માં ૯ મી આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધા યોજાઈ હતી, જેમાં નેપાળ, તિબેટ, પાકિસ્તાન, ચીન, ઉઝબેકિસ્તાન, શ્રીલંકા અને ભારતની કરાટે ટૂકડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નડિયાદની ટૂકડીએ ગુજરાત-ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું, અને તૃતીય સ્થાન મેળવ્યું હતું. ગુજરાતની આ ટૂકડીમાં, ક્રાઈસ્ટ ધ કિંગ ધર્મવિભાગ - નડિયાદના રીશી રીતેશકુમાર મેકવાન આ ગૌરવના હકદાર બન્યા છે, તે સમગ્ર ગુજરાત તથા ખ્રિસ્તી સમાજ માટે આનંદનું કારણ છે. ચિ. રીશીને હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા.

*– સંજય વાઘેલા*

## અભિનંદન અને શુભેચ્છા

**આણંદઃ** કુ. અવની અને કુ. અમી - શ્રીમાન જીતેન્દ્રકુમાર દોમિનિક મેકવાનની જોડિયા દીકરીઓએ ઉચ્ચશિક્ષણમાં અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યું છે. આણંદ એગ્રિકલ્ચર યુનિ.-આણંદમાં ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજીમાં માસ્ટર્સ ઓફ ટેક્નોલોજીમાં ફાઈનલ એક્ઝામમાં ૭.૯૮ ઓ.પી.જી.એ. સાથે યુનિ.માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં, તાજેતરમાં આયોજિત પદવીદાન સમારંભમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામાહિમ ઓ.પી. કોહલીજીના હસ્તે અને ગુજરાત સરકારના કૃષિમંત્રી માનનીય શ્રી આર.સી. ફળદુની ઉપસ્થિતિમાં કુ. અવનીએ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. કુ. અમી એ પણ એ જ વિદ્યાશાખા-અભ્યાસમાં ૭.૮૧ ઓ. પી.જી.એ. સાથે બીજું સ્થાન મેળવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ-૨૦૧૭ માં ડેન્માર્કની રાજધાની કોપનહેગનમાં યોજાયેલ ધી વર્લ્ડ ફૂડ સમિટના ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં બંને બહેનોએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને કુ. અવની રનર અપ બન્યાં હતાં. ઈન્ટરનેશનલ જર્નલ ઓફ કેમેસ્ટ્રીમાં બંનેનાં રીસર્ચ પેપર પણ પ્રસિદ્ધ થયાં છે. આ અજોડ સિદ્ધિ માટે અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા.

*— માર્ટિન મેકવાન*

## સિદ્ધિપ્રેરણા શિબિર

**કઠલાલઃ** ૧૯૮૬ માં જેની સ્થાપના કરવામાં આવી હતી, દેશની બીજા નંબરની અને ગુજરાતની પ્રથમ નંબરની ગણાતી જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬ થી ૧૨નાં ભાઈ બહેનો માટે, અમદાવાદની જાણીતી સંસ્થા 'રિશ્તા' દ્વારા તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ એક દિવસની સિદ્ધિ પ્રેરણા શિબિર યોજાઈ હતી, જેમાં ૫૦૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિબિરમાં ભણતર અને ઘડતર, જીવન મૂલ્યો, પ્રગતિની પ્રક્રિયા, સતત વિચારવાની પ્રક્રિયા, ધ્યેયનું મહત્ત્વ અને વિદ્યાર્થી કાળમાં ધ્યાનમાં રાખવા જેવી બાબતોની છણાવટ કરનાર શિબિરનું સંચાલન શ્રી હસમુખ ક્રિશ્ચિયન અને રતિલાલ જાદવે કર્યું હતું. સમગ્ર શિબિરમાં વિદ્યાલયના આચાર્યશ્રી તથા ગુરુજનો પણ હાજર રહ્યાં હતાં.

*— શૈલેષ રાઠોડ*

## વાલીદિનની ઉજવણી

**ડાંગ (આહવા):** કાર્મેલાઈટ સિસ્ટર્સ ઓફ ચેરિટી સંચાલિત દીપ દર્શન હાઈસ્કૂલમાં ૪ થી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ રંગેચંગે વાલીદિનની ઉજવણી કરવામાં આવી. આદિવાસી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ શાળાએ પરંપરા પ્રમાણે વાલીદિનની ઉજવણીનું વિષયવસ્તુ 'ઉડાન' રાખ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે કલેક્ટરશ્રી બી.કે. કુમાર, અતિથિવિશેષપદે ધારાસભ્યશ્રી મંગળભાઈ ગાવિત, વનસંરક્ષકશ્રી અગ્નિશ્વર વ્યાસ, શિક્ષણાધિકારી શ્રી એમ.સી. ભુસારા તથા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી બાબુરાવ ચૌર્યા તેમજ સમગ્ર જિલ્લાના પુરોહિતગણ તથા સાધ્વીબહેનો, શાળાના વાલીગણ ઉપસ્થિત રહ્યાં હતાં. 'ઉડાન' વિષયવસ્તુ સાથે એક પછી એક વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ થકી વાર્ષિકોત્સવ સાચે જ ઉડાન ભરી રહ્યો હતો.

'ઉડવું છે, અમારે ઉડવું છે, સાહસ અને હિંમત સંગે ચારેય દિશાએ, દુનિયામાં બસ અમારે ઉડવું છે.' શાળાની પ્રગતિ અને સંસ્કૃતિથી પ્રભાવિત ધારાસભ્યશ્રીએ શાળાને કોમ્પ્યુટર વર્ગ માટે પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી, જેને સૌએ વધાવી હતી. વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓને વિકસાવવા તનતોડ મહેનત કરનાર શાળા પરિવારને કલેક્ટરશ્રીએ અભિનંદન પાઠવ્યાં હતાં અને મોબાઈલ-ઈન્ટરનેટ જેવાં માધ્યમોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી, ઊંચી ઉડાન ભરવા આહ્‌વાન કર્યું હતું. શાળાનાં આચાર્યા સિસ્ટર સુહાસિનીએ મહાનુભાવો, વાલીગણ, વિદ્યાર્થી સમુદાય તથા શાળાના ખંતીલા ગુરુજનોનો આભાર માન્યો હતો. 'અમે દીપ દર્શનનાં વ્હાલાં...' શાળાગીતના મધુરગાન સાથે વાલીદિન સંપન્ન થયો હતો.

*— જોનભાઈ એસ. ગામીત*

## યુવા નેતૃત્વ તાલીમ શિબિર

**બરડીપાડાઃ** દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના બરડીપાડા ધર્મવિભાગમાં યુવા નેતૃત્વ તાલીમ શિબિરનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સફળ સંચાલન સુરતના ડૉ. રોમન ભાટિયાએ કર્યું હતું. આ શિબિરમાં હરિપુરા, બરડીપાડા, તકતીઆંબા, આમનિયા, કેવડી, પીપલપાડા તથા ધાંધર ગામના ચાલીસ યુવક-યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'હું કોણ છું ?' પ્રશ્નની ચર્ચાથી આરંભ કરી, તેમને સ્વ ઓળખ, સ્વગૌરવ, આત્મસ્વીકાર જેવી બાબતોની વિવિધ રમત તથા જૂથ ચર્ચા દ્વારા સમજણ પૂરી પાડવામાં આવી હતી.

આદિવાસી યુવતીની દૃષ્ટિએ 'આજનો આદિવાસી યુવાન' અને આદિવાસી યુવાનની દૃષ્ટિએ 'આજની આદિવાસી યુવતી'ની જૂથ ચર્ચા અને પોસ્ટર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી, જેમાં આદિવાસી યુવક-યુવતીઓ દ્વારા અલગ અલગ દૃષ્ટિબિંદુથી આજના આદિવાસી યુવક-યુવતીઓની છાપ કેવી છે, તેની રસપ્રદ રજૂઆત કરવામાં આવી હતી.

શિબિરના બીજા ભાગમાં 'મારો સમાજ - મારું ગામ, મારું યોગદાન' વિષય પર પ્રત્યેક ગામના યુવક-યુવતીઓએ સાથે મળી ગામની સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક અને ધાર્મિક પરિસ્થિતિની ચર્ચા કરી હતી તેમજ ગામના વિકાસ માટે કોઈ પણ એક તાતી જરૂરિયાતવાળી પ્રવૃત્તિનું નક્કર આયોજન કર્યું હતું. આદિવાસી ગીતો-ભજનો, રમતગમત-નૃત્ય દ્વારા શિબિર વધારે જીવંત બની હતી. શિબિરનું આયોજન ધર્મવિભાગમાં યુવા ઉત્કર્ષની જવાબદારી સંભાળતા ફાધર સિપ્રિયાન એસ.જે. તથા સિસ્ટર જોહાન્નાએ, સભાયાજ્ઞિક ફાધર સુનિલ એસ.જે.ના માર્ગદર્શનમાં કર્યું હતું.

*— ફાધર વિપુલ પરમાર એસ.જે.*

## 'દૂત' અને ખ્રિસ્તી એકતા સભા

**અમદાવાદઃ** છઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ પ્રભુ પ્રકાશના પર્વ દિને પાવન હૃદય 'દૂત'ના તંત્રીમંડળની સભા ઉપરાંત અન્ય ગુજરાતી ખ્રિસ્તી સામયિકોના તંત્રીઓનો મિલન કાર્યક્રમ 'જીવન' કાર્યાલય, પ્રેમલ જ્યોતિ - નવરંગપુરા ખાતે યોજાયો. પ્રાર્થના, શાસ્ત્રપાઠ વાંચન, સ્વાગત બાદ સભાનો આરંભ થયો. ગુજરાત સાહિત્ય પ્રકાશના નિયામક તરીકે વર્ષો સુધી સેવારત પૂજ્ય ફાધર જેરી સિક્વેરા અને તંત્રીશ્રીની માંદગી દરમ્યાન કાર્યકારી તંત્રીશ્રી તરીકે કાર્યભાર વહન કરનાર 'દૂત'ના પૂર્વતંત્રી ડૉ. થોમસ પરમારનો આભાર માન્યો

હતો અને ભેટ અર્પણ કરી હતી. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય પ્રકાશના નવા નિયામક તથા 'દૂત'ના પ્રકાશક ફાધર એન્થોની પિચ્ચાઈ વેદમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મૂલ્યાંકન-આયોજન સાથે સભાની કાર્યવાહી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ.

બપોરે ૩:૦૦ કલાકે આજ સ્થળે ખ્રિસ્તી સામયિકોના તંત્રીશ્રીઓ/પ્રતિનિધિઓ સાથે નૂતનવર્ષ મિલન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ગુજરાત-ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ પૂજ્ય ફાધર ફ્રાન્સિસ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ખ્રિસ્તી સામયિકોના તંત્રી/તંત્રીમંડળના સભ્યગણને શબ્દના ઉપાસક તરીકે તેઓશ્રીએ સંબોધન કરી, ઈશ્વરદત્ત જવાબદારીને સુપેરે પાર પાડવા અનુરોધ કર્યો હતો. 'પ્રભુ પ્રકાશના પર્વ' નિમિત્તે જોગાનુજોગ આ કાર્યક્રમ ખરેખર પ્રભુના પ્રકાશના પ્રચાર-પ્રસાર માટે પ્રેરક બને એવી શુભેચ્છા તેઓશ્રીએ પાઠવી હતી.

*— શૈલેષ ક્રિસ્ટી*

## આદિવાસી યુવા સંમેલન

**નારુકોટઃ** ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ છોટાઉદેપુર, કવાંટ, નારુકોટ - ૨થ વિસ્તારમાં આદિવાસી યુવાનો માટે એક દિવસનો યુવા ઉત્કર્ષ કાર્યક્રમ, ડૉન બોસ્કોના સલેશિયન સંઘે યોજાયો હતો, જેમાં ૯૬ યુવાનોએ ભાગ લીધો હતો. 'આદિવાસી યુવાનોએ પોતાના વડીલોના અનુભવમાંથી પ્રેરણા મેળવી સમાજ પરિવર્તન માટે આગળ આવવું જોઈએ.' એવો અનુરોધ કાર્યક્રમના મુખ્ય વક્તા ફાધર પ્રવીણ મકવાણા એસ.ડી.બી.એ હાજર યુવાનોને કર્યો હતો. 'આદિવાસી જાતિનાં મૂલ્યો-આત્મગૌરવ, શૌર્ય અને નિષ્ઠાને પુર્નજાગૃત કરવાનો સમય છે. અદ્યતન વિકાસ સાથે, આદિવાસી ઓળખને જીવંત રાખવાની તાતી જરૂર છે. એકતા અને નિષ્ઠા દ્વારા આદિવાસી વિકાસ તમારા હાથમાં જ છે એ યાદ રાખશો' એવી શીખ ફાધર સ્ટેનીએ આપી હતી.

ડૉન બોસ્કો નારુકોટના રેક્ટર ફાધર અજિત મુનિસે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને શુભસંદેશનાં મૂલ્ય જીવનમાં સાકાર કરવા સંદેશ આપ્યો હતો. ગંભીર વિષય પર ચર્ચા વિચારણા, જૂથ પ્રતિક્રિયા, ભાવિ આયોજન ઉપરાંત રંગોળી, ચિત્ર સજાવટ, આદિવાસી નાચ વગેરેએ દિવસને આનંદપ્રદ અને યાદગાર બનાવ્યો હતો.

'અનેક અંતરાયો સાથે આ એક કઠિન પડકાર પણ પાર પાડ્યો છે. સલેશિયન સંઘના સંગમાં આ યુવાનો ઉજ્જવળ ભવિષ્ય માટે સમર્થ બનશે જ એવી મને આશા છે.' એવી અપેક્ષા ઉજવણીના કન્વીનર ફાધર શાન ડી'લિમાએ વ્યક્ત કરી હતી.

*— ફાધર ઈવેન્જિલો ડી'સોઝા એસ.ડી.બી.*

## 'સૃષ્ટિગાન મંદિર' ઉનાઈ રજત જયંતી

**ઉનાઈઃ** સૃષ્ટિગાન મંદિર એટલે ઈશ્વરપિતાની લીલાના સૌંદર્યથી તરબતર થતું અને આદિવાસી સંસ્કૃતિનું સીમાચિહ્ન સ્થાન. એવું સ્થાન જ્યાં પ્રવેશતાં જ ઈશ્વરના સાંનિધ્યની સહજ આનંદાનુભૂતિ થાય. આદિવાસી સંસ્કૃતિના આદર્શોથી માઢાયેલું ઈશ્વરપિતાના દિવ્ય દોરવણી હેઠળ ફાધર ગાલ્દોસના નેતૃત્વમાં આકાર પામેલું ઉનાઈ કેથોલિક ધર્મમંડળીનું અદ્ભુત નજરાણું. નવસારી જિલ્લાના ધાર્મિક સ્થળ તરીકે પંકાયેલા ઉનાઈનાં પરમપવિત્ર ચોગાનમાં ખ્રિસ્તના માર્ગે પ્રેરનાર આ મંદિરનાં તા. ૨૦-૦૧-૧૯ના રોજ પચ્ચીસ વર્ષ પૂર્ણ થયાં અને એના આનંદોત્સવમાં રજતજયંતીની ભવ્ય ઉજવણી થઈ. આ ઉજવણી આદિવાસી ભક્તો માટે શ્રદ્ધાનો ઉત્સવ બની રહ્યો.

સૃષ્ટિગાન મંદિરના રજતજયંતી મહોત્સવમાં સેંકડો ભક્તો ઉમટી પડ્યા હતા. શિયાળાની ગુલાબી ઠંડીમાં ભક્તિની લ્હાણી કરતાં આ ઉત્સવનો પ્રારંભ જ ગુલાબમાળા, સ્તુતિ આરાધના સાથે કરવામાં આવ્યો હતો. શિયાળાની કડકડતી ઠંડીમાં મા મરિયમની મધ્યસ્થીની પ્રાર્થના અને સ્તુતિ આરાધના રજતજયંતી મહોત્સવની સફળતા અને ભક્તોની ભક્તિ માટે હૂંફવર્ધક બની રહી હતી, જેમાં ઉનાઈ પેરિશના પુરોહિત ફાધર અનિલ સેવરીને પોતાની આત્મિક વાણી દ્વારા સ્તુતિ આરાધનામાં પ્રાણ પૂરવાનું કામ કર્યું હતું. મહાધર્માધ્યક્ષના આશીર્વાદો થકી ભવ્ય સરઘસનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ ભક્તિ સરઘસ અનોખી રીતે કાઢવામાં આવ્યો હતો. પ્રભુ ઈસુના ક્રોસના નેતૃત્વમાં મીણબત્તી ધારણ કરેલી બાળાઓ, નૃત્ય કરતી યુવતીઓ, શ્રદ્ધાની ધજાઓને ધારણ કરેલા ભક્તો, પનિહારીઓ, સંગીતના સૂરોને આલપતી બહેનો, પવિત્ર કુટુંબની સવારી, ફૂલપરીઓના રૂપમાં બાળકીઓ, પરમપ્રસાદરૂપે સાક્ષાત હાજર પ્રભુ ઈસુ અને એમને અનુસરનારા પુરોહિતગણ, સાધ્વીબેનો અને સેંકડો ભક્તોથી સરઘસની ભવ્યતા ધ્યાનાકર્ષણ બની રહી હતી. સરઘસની ભક્તિસભર યાત્રા સૃષ્ટિગાન મંદિરના રજતજયંતી મહોત્સવના ફળની સાક્ષી આપતી હતી.

ભવ્ય સરઘસ મિસ પ્રાર્થનામાં ફેરવાયું હતું. ઈસુસંઘ - ગુજરાતના પ્રાન્તાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસ પરમાર, પૂર્વ મહાધર્માધ્યક્ષ ગાંધીનગર, મહાધર્મપ્રાંત તથા પ્રૈષિતિક વહીવટકર્તા-વડોદરા ધર્મપ્રાંત પરમ વંદનીય સ્તાનિસલાઉસ ફર્નાડીસ એસ.જે., ઉનાઈ, બરડીપાડા, સુબીર, પીંપરી, વ્યારા, માંડળ, ફૂલવાડી, ઝરોલીના પુરોહિતગણ ઉપસ્થિતિથી મિશપ્રાર્થનાની ભવ્યતામાં વધારો થયો હતો. આદિવાસી સાંસ્કૃતિક નાચની સંગતિમાં પુષ્પોની ફોરમથી મહેંકતી વેદી પર સર્વ પુરોહિતગણને દોરી જવામાં આવ્યા, જ્યાં તેમને સાંસ્કૃતિક પરંપરા પ્રમાણે સન્માન કરી વેદી પર આરૂઢ કરવામાં આવ્યા હતા. સ્વર્ગાધિપતિ પ્રભુ ઈસુની સંપૂર્ણ હાજરીમાં થઈ રહેલ પૂજા અર્ચનામાં બાઈબલ વંદન, સ્તુતિ નાચ, બેડાબેડી(પાપની ક્ષમા), અર્પણવિધિ, આરતી વગેરે આદિવાસી સંસ્કૃતિમાં રજૂ કરતાં અનેરો નજારો જોવા મળ્યો હતો. રેવ. ફાધર ફ્રાન્સિસ પરમારે દક્ષિણ ગુજરાતમાં મિશનરી કાર્યો માટે સમર્પિત ફાધર ઝુબેલિયા, ફાધર આલ્બર્ટ, ફાધર ગબારે, ફાધર નવારો તેમજ સૃષ્ટિગાન મંદિરના શિલ્પી એવા ફાધર ગાલ્દોસના ત્યાગપૂર્ણ અને સમર્પિત જીવનની ગાથાને વણી લઈ ખ્રિસ્તીયજીવનની સાર્થકતાનો શુભસંદેશ પાઠવ્યો હતો. વાજતે ગાજતે આદિવાસી નૃત્યના તાલે વિદાયગીરી કરી, સમગ્ર મિસપ્રાર્થના દિવ્ય ભક્તિના પર્યાવરણમાં પૂર્ણ થઈ હતી.

*— ગામીત જોનભાઈ એસ.*




## યુવા એકતા મહોત્સવ

**ડાકોરઃ** ઈન્ડિયન કેથોલિક યુથ મુવમેન્ટ (ICYM)-અમદાવાદ ધર્મપ્રાંત, ઑલ ગુજરાત સ્ટુડન્ટ્સ ડેવલપમેન્ટ મૂવમેન્ટ(AGSDM)-ઈસુસંઘ ગુજરાત અને સલેશિયન યુથ મૂવમેન્ટ(SYM)-ડૉન બોસ્કો સંઘના સંયુક્ત ઉપક્રમે ડોન બોસ્કો શિક્ષણ સંકુલ-ડાકોર ખાતે તા. ૧૯, ૨૦ જાન્યુ. ૨૦૧૯ ના રોજ 'યુવા એકતા મહોત્સવ'નું સફળ આયોજન થયું હતું, જેમાં ૧૯૫ જેટલી સંખ્યામાં યુવક-યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહોત્સવના સંચાલનમાં ફાધર મયંક પરમાર એસ.ડી.બી. (યુવા સંયોજક - ઉમરેઠ ડીનરી) અને અન્ય સલેશિયન પુરોહિતગણ, ફાધર વિક્રમ મહિડા(યુવા સંયોજક-અમદાવાદ ધર્મપ્રાંત), ફાધર એર્વિન એસ.જે.(આશાદીપ-વિદ્યાનગર), સાધ્વીબહેનો, શ્રી કિરીટ મહિડા અને શ્રી શશીકાંત પરમાર (એડવોકેટશ્રીઓ આશાદીપ, વિદ્યાનગર) અને 'રિશ્તા'ના શ્રી હસમુખ ક્રિશ્ચિયન તથા શ્રી રતિલાલ જાદવ વગેરેએ સક્રિય ભાગીદારી નોંધાવી હતી. 'પંચાયતથી પાર્લામેન્ટ'ના સૂત્ર વિધાનને સાકાર કરવા 'પવિત્રતા અર્થાત્... પોતાની જાત અને પડોશીને પ્રેમ કરવો' સંદેશનો સમન્વય મહોત્સવમાં કર્યો હતો.

૧૯ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ મહોત્સવનો આરંભ રજિસ્ટ્રેશન પ્રાર્થના, બલૂન રોસરીની ઉડાન તથા 'આઈસ બ્રેકર્સ' જેવી મનોરંજક રમત દ્વારા થયો. ત્યારબાદ કાર્યકર્તાઓ, માનવ અધિકાર ક્ષેત્રે કાર્યરત મહાનુભાવો તથા સંવેદનશીલ વિચારકોએ વિવિધ વિષય પર અસરકારક રજૂઆત કરી કેટલાક ગંભીર મુદ્દા પર યુવાનોને આત્મમંથન માટે પ્રોત્સાહન આપ્યું હતું, જેમાંના કેટલાક મુદ્દા નીચે પ્રમાણે હતા.

○ ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા અંગે મારી જાણકારી / સમજ / માન્યતાઓ/અનુભવ ○ ચૂંટણી, પ્રલોભન, મારો મત, મારી પ્રતિક્રિયા ○ ચૂંટાયેલા પ્રતિનિધિઓની માહિતી અને તેમની કામગીરી અંગે જાણકારી ○ રાજકારણમાં ખ્રિસ્તી નેતાઓની ભૂમિકા - પ્રભાવ. ○ જાગૃત નાગરિક તરીકે સુશાસનમાં મારી ભાગીદારી.

હાજર યુવક-યુવતીઓને ચાર ટૂંકડીમાં વહેંચીને, પ્રત્યેકમાં બે બે પ્રોત્સાહકની નિમણૂંક કરી ઉપરોક્ત મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું. ભારતમાં વર્તમાન સામાજિક-રાજકીય પરિસ્થિતિ, ધ્રુવીકરણને વેગ આપતું વાતાવરણ અને નિશ્ચિત હેતુ તથા સ્પષ્ટ દૃષ્ટિ સાથે રાજકારણ પ્રવેશ કરવા ઉત્સુક યુવાનોની કમી જેવી બાબતો પર યુવાનોએ ચર્ચા વિચારણા કરી. ચર્ચાના અંતે યુવાનોને પોતાના સર્વાંગી વિકાસ સાથે સમાજ, દેશ તથા ધર્મસભાના રૂપાંતર માટે નેતાગીરી સ્વીકારવા આહ્વાન કર્યું હતું. વિશેષમાં ખ્રિસ્તી યુવાવર્ગ અને રાજકારણ, રાજકારણમાં પ્રવેશ કરવાની જરૂરિયાત તથા સંભાવનાઓ અને સમસ્યાઓ, રાજકારણમાં માનવમૂલ્યોની ઓળખ ઊભી કરવી, જેવી બાબતો પર પણ તેમનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

સ્થાનિક પંચાયતથી લોકસભા સુધીના પ્રજાના પ્રતિનિધિઓની માન્યતાઓ, અનુભવો, ભૂમિકા, ફરજપાલન વગેરેની ઝીણવટભરી ચર્ચા કરી, આ સંજોગોમાં સમાજ-દેશને બહેતર બનાવવા જાતે જ પહેલ કરી પંચાયત દ્વારા રાજકારણમાં પ્રવેશ કરવા પ્રતિપોષણ મેળવ્યું હતું. નામાંકિત વ્યક્તિઓએ તેમની સાથે વાર્તાલાપ કરી પ્રોત્સાહન આપ્યું હતું. ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. 'સર્વજન હિતાય, ભેદભાવ ભૂલી સંગઠિત બનો, ભરપૂર ઉત્સાહથી બહેત્તર સમાજના નવનિર્માણ માટે આગળ આવો, જ્યાં પોતાની જાત પર અને પડોશી પર પ્રેમ રાખવામાં આવતો હોય.' નો સંદેશ તેઓશ્રીએ યુવાનોને આપ્યો હતો. વિદ્વતાપૂર્ણ તથા દૂરંદેશી દૃષ્ટિથી યુવાવર્ગને પ્રોત્સાહન આપવા યુવાવર્ગને એકમંચ પર એકત્ર કરવા બદલ તેમણે આયોજકોને અભિનંદન આપ્યાં હતાં. મહોત્સવમાં ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. જેમાંના કેટલાક નીચે પ્રમાણે છે.

○ 'યોગ્ય સમયે, ચોક્કસ હેતુસર, પોતાને કાર્ય કરવા આ મંચ-મહોત્સવ, તેમને તક પૂરી પાડે છે.' - ફાધર મયંક પરમાર

○ 'સહેતુક પ્રશ્ન-પ્રોત્સાહન દ્વારા યુવાવર્ગને આગળ વધવા માટે સ્વપ્રેરણા આપવા માટેનો આ એક અદ્‌ભુત પ્રયાસ છે.' - ફાધર એર્વિન

○ 'પરસ્પરની શ્રદ્ધાને પ્રોત્સાહન આપી, સ્વ પ્રયત્ને બાહોશ બનવા અને સિદ્ધિ પ્રેરણા પ્રાપ્ત કરવાનો આ ત્રિવેણી સંગમ છે, જેને પરિણામે સારા નાગરિક બની, સુશાસનમાં સક્રિય થઈ, સમાજ-ધર્મ સમાજની નવરચના શક્ય બને.' - ફાધર વિક્રમ મહિડા

○ 'આપણાં પ્રોત્સાહન અને સંગાથ દ્વારા યુવાવર્ગ જ્ઞાન અને પવિત્રતામાં વૃદ્ધિ પામશે, એમ હું દૃઢપણે માનું છું.' - ફાધર બાસિલ, રેક્ટર-ડાકોર

○ 'સુંદરત્તમ સમાજની રચના માટે, કર્તવ્યનિષ્ઠ યુવાનોને એક સાથે જોવા કેટલું મહાન છે.' - સિ. હિલ્દા, સુપીરિયર, પુષ્પાંજલિ - ડાકોર

○ 'યુવાયાત્રાનો શુભારંભ થયો છે, જે અવિરત પ્રગતિ કરશે જ, એવો મારો વિશ્વાસ છે.' - કુ.રીપલ ડાભી, તંત્રી 'જ્યોત'

○ 'આપણે સાથે મળીને અત્રેથી આગળ વધી શકીએ છીએ.'

- શ્રી વિજય પરમાર - સલેશિયન યુથ મુવમેન્ટ

બે દિવસીય યુવા એકતા મહોત્સવમાં રમતગમત, ગરબા, એક્શન સોન્ગ, સર્જનાત્મક અભિવ્યક્તિથી મઢેલાં ચિત્રનું પ્રદર્શન, રંગોળી પૂરણી વગેરે પ્રવૃત્તિઓએ ગંભીર વિષયોની સાથે રસપૂરણીનું આહ્લાદક કામ કર્યું હતું. અમદાવાદ ધર્મપ્રાંતમાં કાર્યરત ત્રણ પુરોહિત સંઘ - ધર્મપ્રાંતીય પુરોહિતગણ, ઈસુસંઘ તથા સલેશિયન સંઘે સાથે મળી યુવા ઉત્કર્ષની પ્રવૃત્તિનું સફળતા પૂર્વક આયોજન કર્યું હતું. ધન્યવાદ.

*— ફાધર અશ્વિન મેકવાન, એસ.ડી.બી., કપડવંજ*

*શું આપે 'દૂત'નું લવાજમ ભર્યું છે ? પાવન હૃદય 'દૂત'ની પધરામણી આપને આંગણે ઓચિંતી બંધ થાય તે પહેલાં આપના વિસ્તારના 'દૂત' સ્વયંસેવકને અથવા 'દૂત' કાર્યાલયને લવાજમ ભરી 'દૂત'ને પ્રતિ માસે આવકારો. 'દૂત'ના પ્રચાર પ્રસારનું કામ એક ઉમદા પ્રૈષિતિક કાર્ય છે.*

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન. આભાર.

| | | |
|---|---|---|
| સ્વ. પાઉલભાઈ પટેલિયા | મણિનગર | ૧૦૦ |
| અંજનાબેન જેમ્સભાઈ મેકવાન | મણિનગર | ૧૦૦ |
| ઉષાબેન અંતોનભાઈ પરેરા | અમદાવાદ | ૨૫૦ |
| ઈન્દીરાબેન ડી. મેકવાન | વડોદરા | ૨૦૦ |
| સ્વ. સાયમનભાઈ મેકવાન | વડોદરા | ૧૦૦ |
| સ્વ. આગ્નેશબેન મેકવાન | વડોદરા | ૧૦૦ |
| સ્વ. સતીષભાઈ મેકવાન | વડોદરા | ૧૦૦ |
| સ્વ. વિનચા એડવિન કડિયા | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. રમેશચંદ્ર એફ. ક્રિશ્ચિયન | ભરૂચ | ૧૦૧ |
| લ્યુસીબેન ફ્રાન્સિસભાઈ મેકવાન | વડોદરા | ૧૦૦ |
| જોન ક્રિસ્ટી | મુંબઈ | ૧૦૦૦ |
| સ્વ. યોસેફભાઈ ડી. ક્રિશ્ચિયન | નડિયાદ | ૨૦૦ |
| જોનીભાઈ ચાર્લ્સભાઈ કોન્ટ્રાક્ટર | ચાવડાપુરા | ૧૦૦ |
| બાબુભાઈ યુ. રાઠોડ | અંકલેશ્વર | ૨૦૧ |
| રવિકાન્ત જોનભાઈ ડાભી | ચાવડાપુરા | ૨૦૦ |
| ફ્રાન્સિસ પીટર પરમાર | ગામડી | ૧૦૦ |
| સ્વ. રાજેશભાઈ ખાનદાસ સોલંકી | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. વિલ્યમભાઈ પીટરભાઈ પરમાર | વડોદરા | ૧૦૦ |
| વિનોદભાઈ એ. પરમાર | ચાવડાપુરા | ૧૦૦ |
| પરમાર સુરેશભાઈ પીટરભાઈ | નડિયાદ | ૧૦૦ |
| મધુબેન ડાભી | અમદાવાદ | ૨૫૦ |
| હેલેના ડી'સોઝા | જૂનાગઢ | ૧૦૦ |
| મકવાણા રીતેશભાઈ લાલજીભાઈ | દેવા | ૧૦૦ |
| સુનિલભાઈ બાબુભાઈ વાળંદ | નડિયાદ | ૦૫૧ |
| લ્યુસીયાબેન સ્તાનીશભાઈ વાઘેલા | ગામડી | ૨૦૦ |
| સ્વ. આગ્નેશબેન મુસાભાઈ ચૌહાણ | અમદાવાદ | ૧૦૦ |
| રતનબેન ડી. વાઘેલા | મણિનગર | ૫૦૦ |
| સીસીલ્યાબેન પીટર પરમાર | મણિનગર | ૫૦૦ |
| શારદાબેન જેરોમ ઝીન્ટો | મણિનગર | ૫૦૦ |
| ક્લેમેન્ટ એફ. મેન્ડોન્સા | મણિનગર | ૨૦૦ |
| રેગીનાબેન સીમોનભાઈ મેકવાન | મણિનગર | ૧૦૦ |
| ઈશબ મોજીસ ક્રિશ્ચિયન | મણિનગર | ૧૦૦ |
| વિલ્યમ પી. ક્રિસ્ટી | મણિનગર | ૧૦૦ |
| સ્વ. વિલ્યમભાઈ લુકાસભાઈ ખ્રિસ્તી | સાબરમતી | ૧૦૦ |
| સ્વ. શાન્તાબેન વિલ્યમભાઈ ખ્રિસ્તી | સાબરમતી | ૧૦૦ |
| સ્વ. અંતોનભાઈ વિલ્યમભાઈ ખ્રિસ્તી | સાબરમતી | ૧૦૦ |
| સ્વ. મગનભાઈ ડી. મેકવાન | લીંગડા | ૫૦૧ |
| પુષ્પાબેન અંતોન મેકવાન | વડોદરા | ૧૦૦૦ |
| સ્વ. શારદાબેન એસ. મેકવાન | નડિયાદ | ૧૦૦ |
| અશોકભાઈ એસ. ક્રિશ્ચિયન | નડિયાદ | ૨૦૦ |

| | | |
|---|---|---|
| પાઉલભાઈ પી. મેકવાન | નડિયાદ | ૦૫૦ |
| નરેન્દ્રભાઈ પી. ખ્રિસ્તી | નડિયાદ | ૧૦૦ |
| નર્મદાબેન પી. સોલંકી | નડિયાદ | ૨૦૦ |
| ચૌહાણ ઈશાકભાઈ થોમાસભાઈ | આણંદ | ૨૦૦ |
| અરવિંદભાઈ એસ. સોલંકી | અડાસ | ૨૦૦ |
| અનામી દાતા | - | ૧૦૦ |
| સ્વ. સીમોન પીટર | આણંદ | ૧૦૦ |
| જોસેફભાઈ ઈગ્નાસભાઈ પરમાર | ચિખોદરા | ૧૦૧ |
| સ્વ. વિક્ટરભાઈ માર્ટીનભાઈ ભાટીયા | વડોદરા | ૧૦૦ |
| જોનભાઈ થોમાસભાઈ જાદવ | આણંદ | ૧૦૦ |
| શાંતિલાલ એમ. મકવાણા | વડોદરા | ૧૦૦ |
| દિનેશભાઈ કે. પરમાર | પેટલાદ | ૩૬૦ |
| ક્લેમેન્ટ જોન પરમાર | મણિનગર | ૧૦૦ |
| જોન સાયમન સીલ્વેસ્ટર | મણિનગર | ૦૫૦ |
| નટુભાઈ ધૂળાભાઈ પરમાર | નડિયાદ | ૧૦૦ |
| નિલાબેન ખ્રિસ્તી | નડિયાદ | ૧૦૦ |
| લાઝરસભાઈ પરસોત્તમભાઈ પરમાર | નડિયાદ | ૧૦૦ |
| જશુભાઈ મગનભાઈ | નડિયાદ | ૫૦ |
| દાઉદભાઈ આલોઈસભાઈ મેકવાન | બેડવા | ૧૦૦ |
| સ્વ. પુષ્પાબેન રમેશભાઈ પરમાર | મંજીપુરા | ૧૦૦ |
| સ્વ. શાન્તાબેન સમુએલભાઈ વાઘેલા | લાંભવેલ | ૦૫૦ |
| અંતોન આશીર્વાદ પરમાર | - | ૧૦૦ |
| રતનબેન વિલ્યમભાઈ બેડવાવાળા | - | ૧૦૦ |
| એડવર્ડ આર. મેકવાન | અમદાવાદ | ૫૦૦ |
| સ્વ. માસ્તર સિમોન ડુંગર | આણંદ | ૧૦૦ |
| મિત્તલ અને સ્નેહલ | - | ૧૦૧ |
| એસ્ટેલાબેન જયંતીભાઈ પરમાર | વડોદરા | ૧૦૦ |
| જયેશભાઈ માનુએલભાઈ મેકવાન | આણંદ | ૧૦૦ |
| યોહાનભાઈ સિલાસભાઈ વાઘેલા | નડિયાદ | ૧૦૦ |
| અનામી દાતા | ગામડી | ૧૫૧ |
| સ્વ. કાશીબેન પી. પરમાર | અમદાવાદ | ૧૦૦ |
| સેમ્યુએલ હિરાભાઈ પરમાર | રંગાઈપુરા | ૧૦૦ |
| સ્વ. આલ્બન ગાબ્રિયેલ મેકવાન | મુંબઈ | ૧૦૦ |
| અમૃતભાઈ નાનાભાઈ કોન્ટ્રાક્ટર | ચાવડાપુરા | ૧૦૦ |
| માર્ટીનભાઈ દાઉદભાઈ મેકવાન | આણંદ | ૧૦૦ |
| પ્રકાશ માર્સેલ પરમાર | આણંદ | ૧૦૦ |
| કાંતિલાલ કાપડીયા | નડિયાદ | ૧૫૦ |
| રશ્મિકાન્ત બી. ચૌહાણ | નડિયાદ | ૨૦૦ |
| સ્નેહી અરૂણ ડાભી | નડિયાદ | ૫૦૦ |
| ગોવિંદભાઈ દેવજીભાઈ પરમાર | નડિયાદ | ૧૫૦ |
| જયંતીલાલ કરસનદાસ ક્રિશ્ચિયન | આણંદ | ૨૦૦ |
| ફ્રાન્સિસ સી. ડાભી | મણિનગર | ૫૦૦ |
| પ્રવિણભાઈ બાબુભાઈ પરમાર | આણંદ | ૨૦૧ |

On the First Anniversary
You Went Away
DEAR PAPA...

## JASHUBHAI SIRILBHAI PARMAR

**Death : 9/2/2018**

On the anniversary
Of the day we lost you,
And for a time it felt though
Our life had ended too.

But loss has taught us many things,
And now we face each day,
With hope and happy memories
To help us on our way.

And though we are full of sadness
That you're no longer here,
Your love and influence still guide us
And we still feel you near.

**We miss you, Papa !!**



**The Most Caring Mummy...**

## KIRPABEN JASHUBHAI PARMAR

**Death : 22/3/2012**

We miss you every moment of our lives
Your presence continues to surround us
You still live in the hearts and minds
Of loving children you left behind.

**We miss you, Mummy !!**

-: From :-
**Your loving children**
**Nirmal, Yatin, Rosemary,**
**Tanishq, Willis**
Jesus Nagar , Anand.

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મહિમા કિરીટભાઈ મેકવાન**
જન્મ: ૦૨-૦૭-૨૦૧૧ ★ અવસાન: ૧૮-૦૨-૨૦૧૮

હે પ્રભુ આપના રાજ્યમાં ક્યાં ખોટ હતી,
જેની જરૂર અમારે હતી તેની તમારે કેમ જરૂર પડી ?

**લિ. કિરીટભાઈ પી. મેકવાન (પપ્પા)**
**વર્ષાબેન કે. મેકવાન (મમ્મી)**
*ઘર નં. ૬૧/ઈગ્નાશ પાર્ક સોસાયટી, ઓઢવ*

## ચોથી વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. કલ્પનાબેન (કોકી) દાઉદભાઈ મેકવાન**
જન્મ: ૨૩-૧૨-૧૯૭૦ ★ અવસાન: ૦૬-૦૨-૨૦૧૫

'પ્રભુમાં શ્રદ્ધા સાથે મરનાર પરમસુખી છે.'
અંજલી આપતાં શબ્દો ખૂટે છે,
શ્રદ્ધાંજલિ આપતાં પુષ્પો ખૂટે છે.

**લિ. દાઉદભાઈ તથા દુ:ખી પરિવાર - પેટલાદ**

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સુલેમાન પી. મેકવાન** (લીંગડા)
જન્મ: ૩૦-૧૧-૧૯૩૮ ★ અવસાન: ૧૧-૦૧-૨૦૧૮

અંજલિ આપતા હૈયું રૂદન કરે છે,
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે,
પરમપિતા પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. આપની ધર્મપત્ની - નિર્મળા એસ.મેકવાન (લીંગડા)**
**તથા સરોજ(દીકરી), સિલાસ (જમાઈ), અમદાવાદ**

# વાહલી મમ્મીને શ્રદ્ધાંજલિ

**જન્મ**
**૨૩-૦૧-૧૯૪૩**



**અવસાન**
**૦૭-૦૨-૨૦૧૮**

## સ્વ. પુષ્પાબેન ચીમનભાઈ મેકવાન

મમ્મી ! તું તો મમ્મી જ...
શબ્દો પણ ખૂટી જાય તારી અનહદ યાદના,
સવાર, બપોર અને સાંજ, હરપળે તારી યાદ આવે,
તું જ અમારો ભૂતકાળ, તું જ અમારો વર્તમાન અને તું જ અમારું ભવિષ્ય,
માત્ર આપ્યા કરું અવિરત નિઃસ્વાર્થપણે તારા મમત્વએ,
પ્રેમાળ પરિવારનો ધબકાર મમ્મી તું હંમેશા...
ક્યાં ગઈ તું ? આજે મમ્મી ?
શોધીએ અમે સૌ ઘરના દરેક ખૂણે,
જે આજે પણ તારી સુવાસ આપે છે.
રહેજે સદાય અમારાં હૃદયોમાં મમ્મી તું !
લઈ જજે વિનંતી અમારી પ્રભુની આગળ,
કે જીવન જીવીએ અમે પ્રભુને મારગ...
મા, આશીર્વાદ આપતી રહેજે...

**લિ. અમો તારાં વ્હાલા સંતાનો તથા મેકવાન પરિવાર**
*બી/૨, ક્રિસમસ પાર્ક, સેન્ટ ઝેવિયર્સ રોડ, પાધરિયા, આણંદ*

# પ્રથમ માસિક સ્મરણાંજલિ

'હે મા ! આ દુનિયામાં તારો કોઈ પર્યાય નથી.'



**સ્વ. ઈન્દુબેન માનુએલ મેક્વાન**

**અવની પર અવતરણ : ૧૩-૦૨-૧૯૫૫**

**પરલોકે પ્રયાણ : ૨૯-૧૨-૨૦૧૮**

**ઈ** - ઈશ્વરભક્ત
**ન્** - નિષ્ઠાવાન
**દુ** - દિવ્ય જીવન જીવનારી

'ઈશ્વરે આપેલું આયખું અમો માટે કર્યું અર્પણ,
નથી કદી અનુભવ્યો થાક, સતત કર્યો પરિશ્રમ,
દિવસ અને રાત ચિંતા કરી, કર્યો અમારો વિકાસ,
રાહ જોઈ અમારી બાળપણને કર્યું છે વ્હાલ,
બેસીને સાથે વિતાવેલું જીવન રહેશે સદૈવ યાદ,
નયન તમારા છબીમાં અમને નિરાવે છે,
મનને પરોયેલું કાર્યમાં હૃદયને હવે કહે છે કે,
નૂર ચહેરાનું ઝાકળ જેમ ઊડે તારા વિચારોમાં,
ભાવિ જાણે અંધારે ઘરમાં તમારી ખોટ છે,
ઈશ્વરને પણ અરજ તારી યાદોમાં જ રાખે અમોને.'
દિવ્ય દયા આપના આત્માને શાંતિ અર્પે.
સૌ પ્રિયજનોને મેકવાન પરિવાર વતી પ્રણામ.


**લિ. માનુએલ મેકવાન પરિવાર**

*(જીવનદીપ સોસાયટી, ગામડી-આણંદ)*

| પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ | પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ |
|---|---|







**કમળાબેન (માતા) કાન્તિલાલ**

**જન્મ : ૨૫-૧૦-૧૯૪૫**

**અવસાન : ૨૨-૦૨-૨૦૧૮**

કાદવમાંથી કમળ ખીલી તળાવમાંથી શોભા આપે છે. તેમ કમળ સમા કમળાબેન તમારું જીવન કુટુંબને શોભાયમાન કરી તમો પ્રભુ પાસે ગયા છો.

**સંજયકુમાર (પુત્ર) કાન્તિલાલ**

**જન્મ : ૧૯-૦૫-૧૯૭૩**

**અવસાન : ૧૨-૧૦-૨૦૧૮**

બગીચામાંથી મોગરો પોતાની મીઠી સુવાસ ફેલાવે છે. તેમ મોગરા સમાન સંજયકુમાર તમારી મીઠી, સુવાસ કુટુંબને આપીને ગયા છો. તે સદા મહેંકતી રહે.

**લિ. દુઃખી કાન્તિલાલ**
**દીકરી - કિર્તી, સુનિતા**
**દીકરો - અનિલ**

*બી/૧ નિલમ પાર્ક, નૂતન હાઈ. પાસે, ભાઈપુરા-હાટકેશ્વર,*
*અમદાવાદ પૂર્વ નં.૮*

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. માલા એડવર્ડ મેકવાન**

**જન્મ: ૦૧-૧૨-૧૯૭૨**

**અવસાન: ૨૪-૦૨-૨૦૧૮**

તારી અણધારી વિદાયને આજે એક વર્ષ પૂર્ણ થાય છે. છતાં તારી સાથેની સ્મૃતિઓ, સંસ્મરણો અને સંભારણાઓ આજે પણ મારા દિલમાં સુરક્ષિત છે. જે ક્યારેય વિસરાશે નહીં.

વિચારોના વમળોથી ઘેરાઈને તારી ઝંખના વધુ તીવ્ર બની જાય છે ત્યારે મારા દિલની વ્યથા ઠાલવવા તારા સિવાય બીજું કોણ યોગ્ય હતું ? મૃત્યુ સનાતન સત્ય છે. તે જાણવા છતાંય તને પુનઃ પામવાની મારી ઉત્કંઠા પરાકાષ્ટાએ પહોંચી જાય છે, પણ ઉકેલ જડતો નથી.


બસ એક જ અભિલાષા રહી છે કે પરમકૃપાળુ પરમેશ્વર પિતા તારા આત્માને નિરંતર શાંતિ બક્ષે અને પુનરુત્થાનની પ્રભાતે પુનઃ મિલનની આશા અને વિશ્વાસ સાથે વિરમું છું.

**તારો વ્યથિત**
**એડવર્ડ આર. મેકવાન**

*અમદાવાદ - ૩૮૦૦૫૨*

# પ્રથમ દેહવિલય તિથિએ શ્રદ્ધાંજલિ

**જન્મ**
**૦૫-૦૯-૧૯૪૩**



**અવસાન**
**૨૭-૦૨-૨૦૧૮**

**સ્વ. રાયમુન્દભાઈ ફેલીક્ષ(ભુદર)ભાઈ સામરખા**

'દયાના દાતા, દયાના સાગર...'

આજે પણ જ્યારે આ ભજનના સુર સંભળાય ત્યારે તમારો એ ભજન ગાતો ભક્તિમય ભાવસભર ચહેરો નજર સમક્ષ ઉપસી આવે છે. તમારા વિના કિલ્લોલ કરતું પરિવાર દુઃખી છે. આપે કઠોર પરિશ્રમ, સંઘર્ષ અને ધૈર્ય તથા શ્રદ્ધામય ભક્તિના જે સંસ્કાર પરિવારમાં વાવ્યા છે તથા કૌટુંબિક ભાવના, ત્યાગ અને સહનશીલતાના જે પદાર્થપાઠ અમોને ભણાવ્યા છે તે સદાય આપની મીઠી સ્મૃતિરૂપે અમારા હૈયામાં જીવંત રહેશે.

આપની પ્રથમ પુણ્યતિથિએ આપને અશ્રુભીના હૈયે યાદ કરીએ છીએ. આપ સદા સર્વદા પરમપિતા પરમેશ્વરના સ્વર્ગધામે શાંતિ પામો એ જ પ્રાર્થના.

**લિ. પુનરુત્થાનની મહાન આશામાં આપના**
**ભુદર મીઠા પરિવારના આપના સ્વજનો**

*(સામરખા), હાલ : ૨૦, ડિવાઈન પાર્ક, પ્રાર્થના પાર્કની પાસે,*
*ચાવડાપુરા, જીટોડિયા, આણંદ*

# પાંચમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



## સ્વ.શ્રી રમેશ પી. વાઘેલા
## ફેબ્રુઆરી ૨, ૧૯૫૦ – ફેબ્રુઆરી ૮, ૨૦૧૪

અવનિના પ્રવાસી બનેલાં દરેકનું શરીર એકને એક દિવસ છૂટે જ છે. શરીર શાશ્વત નથી. રમેશજીનું શરીર પણ સમય આવતાં અસ્તિત્ત્વમાં એકાકાર થઈ ગયું. પરંતુ રમેશજી સાથેના શાશ્વત સહવાસને મૃત્યુ પણ છીનવી નથી શક્યું. આત્મન સદેહે હોય ત્યાં સુધી શબ્દો અને વિચારોનો સહારો લઈને શક્ય એટલું જીવનનું સત્ય નિજજનને પહોંચાડતા જ હોય છે. જો કે શબ્દો અને વિચારો પણ, શરીર અને મનથી આગળ જઈ શકતા નથી. હા, ચેતના સાથે એકાકાર થવામાં શબ્દો, પહેલું પગથિયું બની શકે. પરંતુ, ચેતના સાથે એકાકાર થવા માટે તો મૌન જ એકમાત્ર માર્ગ છે.

રમેશજી સાથેનો સંબંધ ચેતનાના સ્તરથી જોડાયેલો છે, અને ચેતના શાશ્વત છે. મૃત્યુ વ્યક્તિના આત્માને હણી શકતું નથી. એટલે જ રમેશજીની હાજરી નિરંતર અનુભવાય છે. રમેશજીને અસ્તિત્ત્વમાં વિલીન થયે પાંચ વર્ષના વહાણાં વહી ગયાં. પાંચ વર્ષ અનેક ઉતાર-ચઢાવ-પરિવર્તનના રહ્યાં છે. પરિવર્તન એજ તો જીવંતતાનું પ્રતીક છે.

**કૈવલ ટાવર્સ**
**આણંદ**

**શ્રીમતી આગ્નેસ રમેશ વાઘેલા**
**તથા પરિવાર**

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

## વ્હાલી દીકરી માલાને હૃદયની અશ્રુભીની સ્મરણાંજલિ

‘તુ ન જાન કિસ જહાં મેં ખો ગઈ
હમ ભરી દુનિયા મે તન્હા રહ ગયે.’

વ્હાલી દીકરી માલા...

સૂર્યનું અસ્ત થવું એ કુદરતી નિયમ છે,
પણ મધ્યાહ્‌ને સૂર્યાસ્ત થવો, એ કારમી ઘટના છે !
કલ્પી ન શકાય એવી તારી અણધારી વિદાય અમારું કાળજું કંપાવી ગઈ!
તારી વિદાયને એક વર્ષ થયું છતાં અમારું મન માનવા તૈયાર નથી કે,
માલા, અમારી પાસે નથી ! તારી ખોટ અમને આખી જિંદગી સાલશે.
તું અમારા શ્વાસોચ્છ્‌વાસમાં જીવંત છે.
શ્વાસ તો રોકી લઉં હું કેમકે એ મારા વશમાં છે,
પણ માલા તારી યાદોને કેમ રોકું ? જે મારી નસનસમાં છે !
તારા યાદરૂપી છોડને અમે અશ્રુની જળધારાથી તાજો રાખીશું

‘હમ યાદોં કે ફૂલ ચઢાયે ઓર આંસુ કે દીપ જલાયે
મોત મિટા દે ચાહે હસ્તી યાદ તો અમર હૈ’

પરિવારને તારી ખૂબ જ જરૂર હતી,
તેં પરિવારની સુખ શાંતિ માટે ખૂબ જ કાળજી લીધી હતી.
પરિવાર માટે તને એમ થતું કે, ‘હું શું કરું ને શું ન કરું ?’
તને વૃદ્ધ માતા પિતાની ખૂબ ચિંતા રહેતી,
માલા, તેં તારું જીવનવન અતિ વેગે વટાવીને તારી અધૂરી જિંદગી,
અધૂરાં અરમાન મૂકીને, અમને રડતાં મૂકી, તું લાંબી સફરે ચાલી નીકળી!
યશ મળે, વૈભવ મળે, કીર્તિ મળે, જીવનનાં બધાંજ સુખ મળે,
પરંતુ જનાર દીકરી ન મળે, તો ઘણું બધું છે, છતાં કાંઈ નથી !
ઘણાં બધાં છે પણ માલા તું નથી, એ જ અમારા જીવનનું અસહ્ય દુઃખ છે !
છેલ્લે પ્રભુને વિનંતિ કે, ‘હે પ્રભુ અમારા બાગના પુષ્પને તારી ગોદમાં
સાચવી રાખજે. પ્રભુ, અમારી પાસે પ્રાર્થના સિવાય કશું જ નથી.’
પ્રભુ, તારા આત્માને ચિર કાલીન શાંતિ બક્ષે.



## સ્વ. માલા ડેનિયલ મેકવાન

**જન્મ : ૦૧-૧૨-૧૯૭૨**
**મરણ : ૨૪-૦૨-૨૦૧૮**

એ જ, પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની
તારી વાટ જોતો તારો દુઃખી પરિવાર
તારી દુઃખી માતા મેરી ડેનિયલ મેકવાન
કુમારી સ્મીતા મેકવાન,
નીલમ મૃગેશ મેકવાન, હેરી મેરીડેન,
એડવર્ડ મેકવાન

*બી-૬, શિવ શક્તિ એપાર્ટમેન્ટ (ખોખરા),*

PAVAN HRUDAYA DOOT, February 2019 No. of Pages 56 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2018-20. Licensed to post without Prepayment Up to 31.12.2020
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.




Publisher's & Printer's Name : Antony Pitchai Vedamuthu, Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan